# ઈશ્વર શું ઈચ્છે છે?

માઈકલ એસ. હાઈસર

## લેખકે લખેલાં બીજાં પુસ્તકો

અલૌકિક : અદૃશ્ય જગત વિશે બાઈબલ શું શીખવે છે અને શા માટે તે મહત્વનું છે

*The Unseen Realm: Recovering the Supernatural Worldview of the Bible*

*Angels: What the Bible Really Teaches About God's Heavenly Host*

*Demons: What the Bible Really Teaches About the Powers of Darkness*

*I Dare You Not to Bore Me with the Bible*

*The Bible Unfiltered: Approaching Scripture On Its Own Terms*

*Reversing Hermon: Enoch, the Watchers, and the Forgotten Mission of Jesus Christ*

*Brief Insights on Mastering Bible Study (The 60-Second Scholar series)*

*Brief Insights on Mastering the Bible (The 60-Second Scholar series)*

*Brief Insights on Mastering Bible Doctrine (The 60-Second Scholar series)*

*The Façade* (fiction)

*The Portent* (fiction)

**સમર્પણ**

જેઓ ઈસુ પરના વિશ્વાસની તેમની યાત્રાની શરૂઆત કરી રહ્યા છે, અને જેમણે ઘણા લાંબા સમય પહેલાં એ યાત્રાની શરૂઆત તો કરી છે, પરંતુ તેમને એમ લાગે છે, કે તેઓ હજુ પણ એ જ સ્થળે છે, એવા દરેક લોકોને સમર્પિત

# અનુક્રમણિકા


*પ્રસ્તાવના*

*પરિચય*

**ભાગ ૧ : મૂળ વાત**

પ્રકરણ ૧ : ઈશ્વર એક કુટુંબની ઈચ્છા રાખતા હતા

પ્રકરણ ૨ : ઈશ્વર હજુ પણ એક કુટુંબની ઈચ્છા રાખતા હતા

પ્રકરણ ૩ : તેમના કુટુંબ દ્વારા ઈશ્વરની સાથે વિશ્વાસઘાત કરવામાં આવ્યો

પ્રકરણ ૪ : ઈશ્વર તેમના માનવીય કુટુંબ સાથે જોડાયા

પ્રકરણ ૫ : ઈશ્વર પોતાના કુટુંબને આગળ વધારે છે

પ્રકરણ ૬ : ઈશ્વર સદાકાળ પોતાના કુટુંબની સાથે છે

*સારાંશ અને પૂર્વાવિલોકન*

**ભાગ ૨ : સુવાર્તા**

પ્રકરણ ૭ : સુવાર્તા શું છે?

**ભાગ ૩ : ઈસુની પાછળ ચાલવું**

પ્રકરણ ૮ : શિષ્યપણું શું છે?

પ્રકરણ ૯ : શિષ્ય શું કરે છે?

*મહત્વના નામો અને શબ્દો (શબ્દાવલી)*

*અલૌકિક વ્યક્તિઓ માટેના શબ્દોનો સારાંશ*

# પ્રસ્તાવના - આ વાતને ચૂકી જશો નહિ

હું આશા રાખું છું, કે આ વાતે તમારું ધ્યાન ખેંચ્યું છે. હું જાણું છું, કે પ્રસ્તાવનાઓનું વાંચન કરવું તે જાણે કે ટી.વી. પર કોઇ કાર્યક્રમ જોવા જેવું, કે ટ્રાફિકમાં અટવાઇ જવા જેવું લાગે છે. હું એવું વચન આપતો નથી, કે આ પ્રસ્તાવના રોમાંચક હશે, પરંતુ તે મહત્વની છે.

આ પુસ્તક તો બાઇબલના વાસ્તવિક વિષયનો પરિચય છે - એટલે કે ઈશ્વરનો પ્રેમ, અને તમે કેવી રીતે ઈશ્વરની સાથે અનંતજીવન પ્રાપ્ત કરો, અને બીજા લોકોને આ બે વાત વિશે શીખવામાં કેવી રીતે મદદરૂપ થઇ શકો, તેનો પરિચય છે. આ વાત ખૂબ જ સરળ લાગે છે... પરંતુ તમે આ વિષય સાથે પરિચિત નથી. આ પુસ્તક તો તમે વાંચેલા ખ્રિસ્તીત્વ વિષેના બીજા પુસ્તકો જેવું નથી. આ પુસ્તકમાં તમે અગાઉ ન સાંભળી હોય એવી વાતો વિશે વાંચશો, અને જે વાતોથી તમે પરિચિત કે માહિતગાર હશો, તેને બીજા દ્રષ્ટિકોણથી જણાવવા માગું છું.

મારા મનમાં બે પ્રકારના વાચકો છે. પ્રથમ તો એવા વાચકો જેમણે તાજેતરમાં જ પ્રભુ ઈસુ પર વિશ્વાસ કર્યો છે. જો તમે એવા વિશ્વાસી છો તો કદાચ બાઇબલ વિષે થોડા ગભરાયેલા હશો. બાઇબલમાં એવી ઘણી વાતો છે જે વિચિત્ર લાગે છે, અને સમજવામાં સરળ લાગતી નથી. હું જાણું છું કે તમે કેવી લાગણીનો અનુભવ કરી રહ્યા છો. જ્યારે એક તરુણવયના વ્યક્તિ તરીકે મેં પ્રભુ ઈસુ પર વિશ્વાસ કર્યો ત્યારે હું બાઇબલ વિષે કંઇ જાણતો નહોતો. મેં ઈસુ, નૂહ અને આદમ તથા હવા વિષે સાંભળ્યું હતું. મને ફક્ત એટલું જ જ્ઞાન હતું. મને તો એમ લાગે છે, કે મેં સુવાર્તા પર વિશ્વાસ કર્યો, ત્યારબાદ તરત જ કોઇએ મને આ પુસ્તક આપ્યું હોત તો કેટલું સારું હોત! તેનાથી મને બાઇબલની વાત સમજવામાં અને બાઇબલના કેટલાક મહત્વના વિચારોને સારી રીતે સમજવામાં મદદ મળી શકી હોત! હું માનું છું કે એ વાતો સમજવામાં આ પુસ્તક તમને મદદરૂપ થશે.

મારા મનમાં બીજા જે વાચકો છે તે એવા લોકો છે, જેઓ કેટલાક સમયથી ઈસુને જાણે તો છે, પરંતુ તેમને એમ લાગે છે કે તેઓ ક્યાંક "અટવાઇ" ગયાં છે. તમે ઈસુ પર વિશ્વાસ કરો છો અને કેટલાક સમયથી (અથવા કદાચ લાંબા સમયથી) દેવળમાં ભાગ લો છો. પરંતુ તમને એવી લાગણી થયા કરે છે, કે આ કાર્યો કરતાં કંઇક વધારે હોવું જ જોઇએ - અત્યાર સુધી બાઇબલની વાતો વિશે તમે જે સાંભળ્યું છે, તેમાં કંઇક વધારે છે. રવિવારની ભક્તિસભા, ખ્રિસ્તી મિત્રો સાથેની સંગત અને મંડળીના જૂથોમાં સહભાગી થવા કરતાં કંઇક વધારે હોવું જ જોઇએ. હું તમને જણાવવા માગું છું, કે તમારી એ લાગણીઓ સાચી છે. આ પુસ્તક તેમાં આગળ વધવા માટે તમને મદદરૂપ થશે.

એ વાત કદાચ વિરોધાભાસી લાગે, પરંતુ હોંશિયાર લોકોને આ પુસ્તક કેટલીક મૂળભૂત વાતોનો પરિચય (અથવા તો ફરીથી પરિચય) કરાવે છે. તમારામાંના કેટલાક લોકોને આ પુસ્તક કેટલીક વાતોને નવી રીતે ફરીથી શીખવા માટે મદદરૂપ થશે. બીજા કેટલાક લોકોએ અને આપણે પણ કોઈક સ્થળેથી શરૂઆત તો કરવી જ પડશે. તો આવો, આપણે શરૂઆત કરીએ.

હું આશા રાખું છું કે આ પુસ્તક તેના વાચકોને મેં લખેલા બીજા પુસ્તકો તરફ આકર્ષિત કરશે. તમે આ પુસ્તક વાંચી રહો ત્યારબાદ મારું પુસ્તક *"અલૌકિક : અદૃશ્ય જગત વિશે બાઈબલ શું શીખવે છે અને શા માટે તે મહત્વનું છે"* તે વાંચો એવી ભલામણ કરું છું. અંગ્રેજી ભાષાના વાચકોને માટે આ પુસ્તક Amazon.com પર અથવા તેના પ્રકાશક Lexham Press દ્વારા ઓનલાઈન ઉપલબ્ધ થશે. કેટલાક વિડિયો પણ મફત ઉપલબ્ધ છે, જેમાં મેં આ પુસ્તકના મહત્વના વિચારોને લગતી ચર્ચા કરી છે. બીજી ભાષાઓના વાચકો તે પુસ્તકને https://www.miqlat.org/translations-of-supernatural.htm પરથી મફત ડાઉનલોડ કરી શકે છે.

હું આશા રાખું છું કે મારું પુસ્તક *"અલૌકિક"* વાંચ્યા પછી તેના વાચકો મેં લખેલા બીજા કેટલાક પુસ્તકો કે જે એ વાતને દર્શાવે છે કે બાઈબલ વિશે મંડળીમાં તમે જે સાંભળ્યું છે, તેના કરતાં ઘણું વધારે શીખવાની જરૂર છે તે વાંચવા માટે ક્રમાનુસાર આગળ વધશે. એ પુસ્તકો આ પ્રમાણે છે : *I Dare You Not to Bore Me with the Bible*; *The Bible Unfiltered: Approaching Scripture on Its Own Terms*; and *The Unseen Realm: Recovering the Supernatural Worldview of the Bible*.

હું એ પણ આશા રાખું છું કે તમે બધા મારા *Naked Bible Podcast* ના શ્રોતાઓ બનશો. તેનું શિર્ષક જ મારા શ્રોતાઓને બાઈબલનો મૂળ વિષય તેના પ્રાચીન સંદર્ભમાં જણાવવાનો હેતુ દર્શાવે છે, જે આધુનિક સંસ્થાકીય વિચારો અને આધુનિક પાશ્ચાત્ય નમૂનાઓની કલ્પનાઓ કરતાં વિપરીત છે. હું બાઈબલના લખાણોને ફક્ત તેના મૂળ સંદર્ભમાં સમજાવવા માગું છું અને સંસ્કૃતિઓ બાઈબલના લખાણ વિશે શું કહે છે તેના પર આધાર રાખવા માગતો નથી. દર મહિને સેંકડો શ્રોતાઓ બાઈબલને એક નવા દ્રષ્ટિકોણથી ફરી એકવાર વાંચવાનું શીખે છે. નિયમિત રીતે બાઈબલ વાંચવા દ્વારા દરેક વિશ્વાસી વ્યક્તિ શોધખોળના આ રોમાંચનો અનુભવ કરી શકે છે. તેથી જ હું આ કાર્ય કરી રહ્યો છું.

આ પ્રસ્તાવના વાંચવા માટે આપનો આભાર!

# પરિચય

ઈશ્વર શું ઇચ્છે છે?

આ પ્રશ્ન સરળ લાગે છે ખરો, પરંતુ જો તમે તેના વિશે વિચાર કરો તો તે એટલો સરળ પણ નથી.

શા માટે? શરૂઆત કરનારાઓ, તમારે એ જાણવું જ જોઇએ કે કોણ આ પ્રશ્ન પૂછી રહ્યું છે. ઘણા વિવિધ કારણો માટે લોકો આ પ્રશ્ન પૂછશે. શું તે કોઇ વ્યક્તિનો પીડાને લીધે ગુસ્સામાં કરવામાં આવતો પોકાર છે? કદાચ તે ખૂબ જ નિરાશાને લીધે જવલ્લે જ સંભળાતો ધીમો અવાજ હોઇ શકે છે. શું તે પ્રોત્સાહન આપતી આતુરતાનો પ્રશ્ન છે, કે પછી ઊંડા વિચારોને પ્રગટ કરવાની ઇચ્છાથી પૂછવામાં આવેલો પ્રશ્ન છે? તેના સાચા ઉત્તરનો આધાર તો આ પ્રશ્ન *શા માટે* પૂછવામાં આવ્યો છે તેના પર રહેલો છે.

હું આ પ્રશ્ન પૂછી રહ્યો છું તેથી તેને સ્પષ્ટ કરવું મારા માટે સરળ છે. પરંતુ પ્રથમ તો આ પ્રશ્ન પૂછવા માટે કઇ વાતથી મને પ્રેરણા કે પ્રોત્સાહન મળ્યું નથી, તે હું તમને જણાવવા માગું છું. હું આ પ્રશ્નનો ઉત્તર જાણતો નથી તેથી હું આ પ્રશ્ન પૂછી રહ્યો નથી. હું તેનો ઉત્તર જાણું છું. વાસ્તવમાં તો હું બધા જ લોકો માટે આ પ્રશ્નનો પ્રભુ જે ઉત્તર આપશે તે જાણું છું, તેથી જ હું સ્પષ્ટપણે આ પ્રશ્ન પૂછી રહ્યો છું. તમે કેટલીક મહત્વની વાતો વિશે વિચાર કરો તે માટે મદદરૂપ થવા માટે હું તમને આ પ્રશ્ન પૂછી રહ્યો છું. જ્યારે હું તમને પૂછું છું કે, "ઈશ્વર શું ઇચ્છે છે?" ત્યારે વાસ્તવમાં તો હું એમ પૂછી રહ્યો છું કે, *"માણસજાતમાંના દરેક વ્યક્તિ પાસેથી ઈશ્વર શું ઇચ્છે છે?"* જ્યારે મારી અને મારા જીવનની કે તમારી અને તમારા જીવનની વાત કરીએ ત્યારે ઈશ્વર તમારી પાસેથી શું ઇચ્છે છે?

હું આ પ્રશ્નનો ઉત્તર આપું તે પહેલાં એ વાત જણાવવા માગું છું કે આ પ્રશ્ન ધાર્મિક પ્રશ્ન છે. ઈશ્વર વિશેના પ્રશ્નોને ધાર્મિક પ્રશ્નો ગણવામાં આવે છે. મેં આ પ્રશ્ન કર્યો છે અને મને ઈશ્વરની વાતોમાં રસ છે, તેથી હું તેનો ઉત્તર આપીશ. મોટા ભાગનાં લોકોને દેવળમાં રસ ન હોય તો પણ તેમને ઈશ્વરની વાતમાં રસ હોય છે, અને તે સ્વાભાવિક પણ છે, કેમ કે ઈશ્વરની વાત કરતી વખતે તમારે દેવળની વાત કરવી જ જોઇએ તે જરૂરી નથી. હું કોઇ પાળક નથી, પરંતુ બાઇબલનો અભ્યાસ કરીને મેં મારી કારકિર્દી બનાવી છે (હા, વાસ્તવમાં તે શક્ય છે). હું આ પ્રશ્ન પૂછી રહ્યો છું, તેથી મારો ઉત્તર બાઇબલ આધારીત હશે. એમ કહીને હું તમારું ધ્યાન ચોક્કસ વાત તરફ દોરવા માગું છું. "ઈશ્વર શું ઇચ્છે છે?" તે પ્રશ્નનો ઉત્તર બાઇબલ કેવી રીતે આપશે તે સમજાવવાનો મારો ધ્યેય છે.

તેનો ઉત્તર સરળ છે કે, ઈશ્વર *તમને* ઇચ્છે છે.

તેનાથી તમને આશ્ચર્ય થશે. તમે કદાચ એ વાત પર સંદેહ પણ કરો. પરંતુ તે સ્વાભાવિક છે. પરંતુ એ જ સાચો ઉત્તર છે. પ્રામાણિકપણે કહું તો ઉત્તરમાં આટલું જ કહેવું *પૂરતું* નથી. ફક્ત આ એક જ વાક્યથી આ પ્રશ્નનો ઉત્તર કેટલો અદ્‌ભુત અને ગહન છે, તે તમે જાણી શકશો નહિ. આ ઉત્તરમાં કેટલો પ્રેમ રહેલો છે તેની પ્રશંસા કરવા માટે તમારે તેના સંદર્ભને જાણવાને જરૂર છે. આ ઉત્તર પાછળ એક લાંબી અને અદ્‌ભુત *વાત* રહેલી છે.

જો વાત એમ છે, તો આ પુસ્તક ફક્ત ઈશ્વર શું ઇચ્છે છે તેના વિશે જ નહિ, પરંતુ *ઈશ્વર તમને જે વાતો જણાવવા માગે છે*, તેના વિશે પણ છે. હા, ઈશ્વર તમને ઇચ્છે છે, પરંતુ તમે એ વાતની પ્રશંસા કરો, અને ઈશ્વર જેવી જ લાગણીનો અનુભવ કરો તે માટે તમારે તેનો સંદર્ભ જાણવાની જરૂર છે.

હા, તે જણાવવાની મારી ફરજ છે. આપણે ઈશ્વરની વાતથી શરૂઆત કરીશું. તેમાં ઘણી દુઃખદ ઘટનાઓ રહેલી છે, પરંતુ તેનાથી તમારા (કે મારા માટે) ઈશ્વરનું મન બદલાયું નહિ. એકવાર હું તે વાત જણાવી લઉં ત્યારબાદ તેના ખાસ મહત્વના ભાગો જણાવીશ. જો કે આખા પુસ્તકમાં એ જ વાત નથી, તેથી જો તમે ઉત્સાહી વાચક નથી તો તમે ભાગ્યશાળી છો. પણ જો તમે ફક્ત તે વાતનો જ વિભાગ વાચો તો આપણે જે પ્રશ્નથી શરૂઆત કરી તેનો ઉત્તર તમને મળશે. મારું અનુમાન છે કે તોપણ તમે આ પુસ્તકને આગળ વાંચશો. હું આશા રાખું છું કે તમે વાંચશો. કેમકે તેમાં સારી બાબતો છે.

તેની શરૂઆત કરતાં પહેલાં મારી પાસે એક અસ્વીકૃતિની વાત છે. જો તમે તમારા જીવનનો મોટા ભાગનો સમય દેવળમાં પસાર કર્યો છે, તો તમને કદાચ એમ લાગશે કે તમે અગાઉથી આ વાત જાણો જ છો. હા, તમે તેના કેટલાક ભાગો જાણતા હશો ખરા, પરંતુ હું ખાતરીપૂર્વક કહું છું કે તેમાંની કેટલીક વાતોથી તમને આશ્ચર્ય થશે. કમનસીબે, આ વાતમાં ઘણીવાર જે મુદ્દો આવે છે તે ધર્મને લગતો છે. કેટલીકવાર દેવળ અને સંસ્થાઓની અગ્રિમતાઓ મૂળ વાત કરતાં વધારે મહત્વની બની જાય છે. પરંતુ અહીં એવું નથી.

હું એવું અનુમાન કરું છું કે કેટલાક વાંચકો બાઇબલથી પરિચિત હશે, પરંતુ મને ખાતરી છે કે એ જૂના સત્યો વિશે વિચાર કરતી વખતે તમને નવાં સત્યો અને માર્ગો વિશે જાણવા મળશે. જો તમે ક્યારેય દેવળમાં ગયા નથી અથવા તો બાઇબલ વિશે વધારે સાંભળ્યું નથી, તો તમે આ પુસ્તક માટેના યોગ્ય વાંચક છો. જેને ફરીથી શીખવાનું હોય અથવા તો શીખેલું કાઢી નાખવાનું હોય એવું કંઇ નથી. બંને રીતે હું એમ માનું છું, કે ઈશ્વર શા માટે અને શું ઇચ્છે છે, તે શોધવાના રોમાંચનો તમે અનુભવ કરશો.

# ભાગ ૧ : મૂળ વાત

## પ્રકરણ ૧

## ઈશ્વર એક કુટુંબની ઈચ્છા રાખતા હતા

શરૂઆતમાં મને ઈશ્વર વિશે જે વિચાર હતો, તે એવો વિચાર નહોતો કે આકાશમાં એક અદૃશ્ય પિતા છે. ઈશ્વર સરજનહાર હતા અને એક દૂરનું પરાક્રમ કે સામર્થ્ય હતા. મેં એવું માની લીધું હતું, કે ઈશ્વર મારા વિશે અને બીજા બધા વિશે જાણે છે ખરા, પરંતુ તે મારા વિશે કે જગતમાંના બધા જ લોકો માટે શું વિચાર કરી રહ્યા છે, તેના વિશે મને કોઇ જ ખ્યાલ નહોતો. મેં એવો સંદેહ કર્યો નહોતો કે જેમ આપણને ઓરડામાં કોઇ વ્યક્તિની હાજરીનો અનુભવ થાય છે, એવો અનુભવ ન થાય તો ઈશ્વર ત્યાં છે કે નહિ? પરંતુ તેને બદલે ઈશ્વર તો મારા માટે એવી દૂરની વ્યક્તિ હતા કે જે સમયાંતરે (જ્યારે હું સમસ્યામાં હોઉં ત્યારે) મારા પર દૃષ્ટિ કરે છે. મેં એવો વિચાર કર્યો નહોતો કે ઈશ્વર મને કે તમને પ્રાપ્ત કરવા માગે છે. મેં એવું માની લીધું હતું કે ઈશ્વર વાસ્તવિક છે અને મારી સાથે દુશ્મનાવટના સંબંધમાં નથી. પરંતુ હું ફક્ત એટલું જ જાણતો હતો. જેમ એક કહેવત કહે છે તેમ, “દૃષ્ટિથી પર, મનથી પર.”

મારે ઈશ્વર વિશે ઘણું શીખવાનું બાકી હતું. હું ઈશ્વરને શોધતો નહોતો તેથી મેં એવું માની લીધું હતું કે ઈશ્વર પણ મને શોધતા નથી. જો કોઇ વ્યક્તિ તે વિશે પ્રશ્ન પૂછતું તો હું તેને ઉત્તર આપતો કે, ઈશ્વરની પાસે ઘણાં કામ છે. મેં એવું અનુમાન કર્યું હતું કે હું કંઇપણ (સારું કે ખરાબ) કરતો નથી, તેથી ઈશ્વર મારા પર ધ્યાન આપે એટલો યોગ્ય નથી.

હું ખોટો હતો. ઈશ્વર મને શોધતા *હતા.* પરંતુ હું તે જાણતો નહોતો. હવે હું જાણું છું કે આપણને શોધવાનો ઈશ્વરનો સ્વભાવ છે, તેથી તેમણે મને શોધ્યો છે. ઈશ્વર આપણને *વચનબદ્ધ* છે.

આપણે કેવી રીતે ઈશ્વર વિશેની આ વાતો જાણી શકીએ? (આ પ્રશ્નને એક કરતાં વધારે વાર હું પૂછવાનો છું, તેથી તેના પર ધ્યાન આપશો!) આવો, આપણે આપણી જાતની કસોટી કરીએ. આપણે જે વસ્તુઓને બનાવી હોય તેની કાળજી રાખવી તે આપણા સ્વભાવનો એક ભાગ છે. ખાસ કરીને જો તેના માટે ગંભીર પ્રયત્નો કરવામાં આવ્યા હોય, અથવા તો તે લાંબા વિચારોનું પરિણામ હોય ત્યારે આપણે તેની વધારે કાળજી રાખીએ છીએ. આપણે કોઇ વસ્તુ બનાવી હોય, કોઇ સિદ્ધિ પ્રાપ્ત કરી હોય, અથવા તો તેના માટે લાંબા વિચારો કર્યા હોય અને જો કોઇ વ્યક્તિ તેની મશ્કરી કરે, તેને હલકી ગણે, તેનો નાશ કરે કે તે વસ્તુ તેની છે એવો દાવો કરે ત્યારે આપણે

ગુસ્સે થઇએ છીએ, અથવા તો ચીડાઇ જઇએ છીએ. આપણે એવી લાગણીનો અનુભવ કરીએ છીએ કે તે વસ્તુઓ અસાધારણ છે.

આપણો સ્વભાવ એવો હોવાને લીધે આપણને એવી લાગણી થાય છે. આપણે આપણી પોતાની જાતથી પરિચિત છીએ. આપણા દરેકનું એક આંતરિક જીવન છે, આપણા મનનું જીવન છે. જેનાથી આપણને દુઃખ કે નુક્સાન થાય તેનાથી નહિ, પરંતુ જેનાથી આપણને આનંદ પ્રાપ્ત થાય છે, તેને પ્રાપ્ત કરવા માટે આપણે આપણી બુદ્ધિનો ઉપયોગ કરીએ છીએ. તેને માટે આપણે અવ્યવસ્થિત કે હેતુ વગરના પ્રયત્નો નહિ, પરંતુ ઇરાદાપૂર્વકના પ્રયત્નો કરીએ છીએ. આપણે આપણી સમજદારી કે અંતઃપ્રેરણા દ્વારા દોરવાઇએ છીએ.

તે શા માટે આપણું લક્ષ્યાંક છે તેના ઉદાહરણો ઘણાં છે. જે કાર્યો આપણને ખૂબ જ ઓછા મહત્વવાળા લાગે તેને પણ કોઇ કારણથી દોરવાઇને ઇરાદાપૂર્વક રીતે કરીએ છીએ. આપણને દાંતમાં પોલાણ થાય કે શ્વાસમાં દુર્ગંધ આવે તે ગમતું નથી, તેથી આપણે આપણા દાંતને બ્રશ કરીએ છીએ. આપણે સવારે ઉઠીએ છીએ, કેમ કે આપણે આપણી નોકરી જાળવી રાખવા માગીએ છીએ (અથવા તો આપણને કોઇ કાર્ય કરવામાં આનંદ મળે છે). આપણે જમણે વળવાને બદલે ડાબી તરફ વળીએ છીએ, કેમ કે આપણે કોઇ ચોક્કસ સ્થળે જવાનું હોય છે. કેટલીકવાર આપણે અતાર્કિક કાર્યો પણ કરીએ છીએ (જેમ કે સોશિયલ મિડિયા પર કોઇ વ્યક્તિ વિશે લખીએ છીએ જે ક્યારેય તે જોવાનું નથી, અથવા તો તેને એ વાતની કંઇ ચિંતા નથી), કેમ કે આપણે કોઇ ઇચ્છિત પરિણામની આશા રાખીએ છીએ (એમ કરવા દ્વારા કોઇ વ્યક્તિથી ચડિયાતા હોવાની કે તેમને કોઇ પાઠ શીખવવાની લાગણીનો અનુભવ કરીએ છીએ). જ્યારે આપણે આપણને નાપસંદ હોય એવું કોઇ કામ કરીએ છીએ ત્યારે તે કામ પણ કોઇક રીતે આપણું સારું થશે એવા વિચારે જ કરીએ છીએ. શા માટે ખોરાકનું ધ્યાન રાખીએ છીએ? કેમ કે સ્વભાવગત રીતે તેનો એક હેતુ છે, આપણે હેતુ વિનાના વ્યક્તિઓ નથી.

આ સઘળી બાબતોથી વિપરીત કામો મન તથા ભાવનાત્મક અસંગતતાની નિશાની છે.

બાઇબલના ઈશ્વર આ વાત જણાવે છે. ઈશ્વર જે કોઇ કામ કરે છે તેનો આનંદ માણવા માટે તે કામ કરે છે. ઈશ્વરને કશાની અછત હોવાને લીધે માણસજાતનું સર્જન કર્યું નથી. તે એકલા હતા અને સંપૂર્ણ નહોતા તેથી તેમને મિત્રમંડળની જરૂર હતી એવું નથી. ઈશ્વરને કશાની જરૂર નથી.... કેમ કે તે ઈશ્વર છે. આપણે એમ કહી શકીએ કે ઈશ્વરને તેમના હાથના કામનો આનંદ માણવો હતો, તેથી તેમણે સઘળું બનાવ્યું. અને જેમ બાઇબલ કહે છે તેમ, "પોતાના સ્વરૂપ તથા પ્રતિમા પ્રમાણે" (ઉત્પત્તિ ૧:૨૬) જેમને બનાવ્યા તેમની તે વધારે સંભાળ રાખે છે. એ તો તમે અને હું છીએ.

## *આપણી વાતની શરૂઆત ક્યાંથી થાય છે?*

આપણી વાત - શા માટે ઈશ્વર આપણને ઇચ્છે છે તે વાતની શરૂઆત બાઈબલના એ વિચારથી થાય છે કે ઈશ્વર આપણા સરજનહાર છે. આપણે તે વાતને સંપૂર્ણ રીતે સમજી શકતા નથી, છતાં પણ મુખ્ય વાત તો એ છે કે ઈશ્વરની ઇચ્છા હતી કે આપણે અહીં રહીએ તેથી આપણને અહીં મૂકવામાં આવ્યા છે. ઈશ્વર અવ્યવસ્થિત કાર્યો કરતા નથી. ઈશ્વર એક હેતુ સાથે કામ કરે છે. જ્યારે ઈશ્વરે માણસજાતને બનાવી ત્યારે તેઓ પોતાની કોઇ ઉણપને દૂર કરવાનો પ્રયત્ન કરી રહ્યા નહોતા. ઈશ્વરે આપણને શા માટે બનાવ્યા તેનું એક જ તાર્કિક અર્થઘટન એ છે કે ઈશ્વરને આપણી જરૂર નહોતી છતાં પણ તેમણે આપણને બનાવ્યા. ઈશ્વર આપણો આનંદ માણવા ઇચ્છતા હતા (અને આપણે તેમનો આનંદ માણીએ) તેથી આપણું અસ્તિત્વ હોય એવી તેમણે ઇચ્છા કરી.

ઈશ્વરે આપણને બનાવ્યા છે તેથી બાઈબલ ઈશ્વરને આપણા "પિતા" કહે છે અને આદમ દ્વારા જે લોકો ઉત્પન્ન થયાં તેમને ઈશ્વરના બાળકો કહે છે. [1]તેથી બાઈબલમાં ઈશ્વર અને આપણી સાથેના તેમના સંબંધ માટે કૌટુંબિક ભાષાનો પ્રયોગ કરવામાં આવ્યો છે. તેમાં કોઇ સંયોગ નથી.

હું મારી જાતથી થોડો આગળ વધી રહ્યો છું. બાઈબલમાં જે કૌટુંબિક ભાષાનો ઉપયોગ કરવામાં આવ્યો છે, તેના સંદર્ભને સમજવા માટે ઈશ્વરે પૃથ્વી અને માણસજાતની રચના કરી તે સમયનો વિચાર કરવાની જરૂર છે. તેનાથી તમને આશ્ચર્ય થશે, પરંતુ ઈશ્વર ત્યારે પણ એકલા નહોતા. ઈશ્વરે પોતાની એકલતાને દૂર કરવા આપણું સર્જન કર્યું નથી, તેની ખાતરી કરવાનું આ બીજું કારણ છે.

બાઈબલ આપણને કહે છે કે ઈશ્વરે આપણને બનાવ્યા તે પહેલાં તેમણે બીજા બુદ્ધિશાળી વ્યક્તિઓ બનાવ્યા હતા. બાઈબલ તેમને "દેવના દીકરા" કહે છે. આપણે તેમને દૂતો કહીએ છીએ. જૂના કરારમાં અયૂબના પુસ્તકમાં આપણને જણાવવામાં આવ્યું છે, કે જ્યારે ઈશ્વરે પૃથ્વીના પાયા નાખ્યા ત્યારે દેવદૂતો "હર્ષનાદ કરતા હતા." (અયૂબ ૩૮:૪-૭). તેઓ અગાઉથી ત્યાં હાજર હતા, અને સર્જનની પ્રક્રિયાને જોઇ રહ્યા હતા.

"દેવના દીકરા" એ શબ્દો વિષે વિચાર કરો. જે હિબ્રૂ શબ્દોનો અનુવાદ "દીકરાઓ" કરવામાં આવ્યો છે તેનો અનુવાદ "છોકરાં કે બાળકો" પણ કરી શકાય. [2]"દેવના દીકરા" એ શબ્દો કોની વાત કરે છે?

તે કુટુંબની વાત કરે છે.

[1] યશાયા ૬૫:૧૬; ૬૪:૮; લૂક ૩:૩૮; પ્રેરિતોના કૃત્યો ૧૭:૨૮-૨૯; રોમનોને પત્ર ૧:૭; ૧ કરિંથીઓને પત્ર ૧:૩

[2] ઉત્પત્તિ ૩:૧૬; ૩૦:૨૬; ૩૧:૪૩.

જ્યારે વાતચીતનો વિષય કુટુંબનો હોય છે ત્યારે "બાળકો" શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે. અયૂબ ૩૮:૪-૭માં સ્વર્ગીય કે અલૌકિક કુટુંબ છે. ઈશ્વરે અદૃશ્ય જગતમાં જે બુદ્ધિશાળી લોકોનું સર્જન કર્યું, તેમના તે પિતા છે.

ઈશ્વરનું અગાઉથી એક અલૌકિક કુટુંબ હતું તે સત્ય આપણને ઉત્પત્તિની વાતમાં ઈશ્વરે જે પ્રથમ મનુષ્યોનું સર્જન કર્યું, તે વાતને સમજવા માટે મદદરૂપ બને છે. પોતાના અલૌકિક કુટુંબની સાથે એક માનવીય કુટુંબ હોય એવી ઈશ્વરની ઇચ્છા હતી. માનવામાં ન આવે એવી વાત તો એ છે કે એદનવાડીની વાત આપણને જણાવે છે કે પોતાના બંને કુટુંબો પોતાની હાજરીમાં એકસાથે રહે, એવી ઈશ્વરની ઇચ્છા હતી. તેનો અર્થ એ છે કે મનુષ્યોને પણ દૂતોની જેમ ઈશ્વરની હાજરીમાં રહેવા માટે બનાવવામાં આવ્યા છે.

પણ આપણે કેવી રીતે તે સઘળું જાણી શકીએ? (હું ફરીથી જણાવું છું). ધ્યાન આપો.

બાઇબલના પ્રથમ પુસ્તક ઉત્પત્તિની શરૂઆત સર્જનથી થાય છે. એ વાત મનુષ્યોના સર્જન (આદમ અને હવા) સુધી પહોંચે ત્યાં સુધીમાં તો ઈશ્વરે ઘણી બધી વાતોનું સર્જન કર્યું હતું. એ વાત આપણને જણાવે છે કે ઈશ્વરે છોડવા, જંતુઓ, ઉડનારા પક્ષીઓ અને ભૂમિ પરનાં જાનવરોની રચના કરી. તેમાંનું કોઇપણ ઈશ્વરની સાથે સંબંધ બાંધવા માટે સક્ષમ નહોતું. તેઓ ઈશ્વરની સાથે વાત કરી શકતા નહોતા. તેઓ તેમના વિચારો ઈશ્વરને જણાવી શકતા નહોતા અથવા તો ઈશ્વરની પ્રશંસા વ્યક્ત કરી શકતા નહોતા. કુટુંબના સભ્યો એકબીજાની સાથે પરસ્પર સંબંધ રાખવા દ્વારા અને બોદ્ધિક તથા ભાવનાત્મક સ્તરે એકબીજા સાથે વ્યવહાર કરવા દ્વારા એકબીજાની સાથે સંબંધ રાખે છે. તેઓ એકબીજા સાથે સંગત કરે છે. છોડવા અને પ્રાણીઓ બાળકો તરીકે કાર્ય કરી શકતા નહોતા. તેઓ કુટુંબના સભ્યો નહોતા. ઈશ્વરને તો પોતાના જેવા જ કોઇ વ્યક્તિનું સર્જન કરવાની જરૂર હતી.

## *ઈશ્વરનું સ્વરૂપ અને પ્રતિમા*

ઈશ્વરે દરેક પ્રકારના છોડવા અને પ્રાણીઓથી પૃથ્વીને ભરી દીધી, પછી પણ તેમનું કાર્ય હજુ બાકી હતું. ઈશ્વરે "પોતાના સ્વરૂપ અને પ્રતિમા" (ઉત્પત્તિ ૧:૨૭) પ્રમાણેના નવા વ્યક્તિઓ બનાવવાનો નિર્ણય કર્યો હતો. તેઓ તેમના પૃથ્વી પરના કુટુંબના સભ્યો બનવાના હતા.

"ઈશ્વરનું સ્વરૂપ" એ બાઇબલનો મહત્વનો વિચાર છે. મનુષ્યોનું સર્જન ઈશ્વર જેવા થવા માટે કરવામાં આવ્યું હતું. જો ઈશ્વરનું "સ્વરૂપ" એ શબ્દને ક્રિયાપદ તરીકે વિચારો તો તમે આ વિચાર સમજવાના સાચા માર્ગ પર હશો. આપણને ઈશ્વરનું *સ્વરૂપ* બનવા માટે અને ઈશ્વરનું પ્રતિનિધિત્વ કરવા માટે બનાવવામાં આવ્યા હતા.

ઈશ્વરનું સ્વરૂપ હોવાનો શો અર્થ છે? ઉત્પત્તિ ૧:૨૭-૨૮માં આપણને તેનો ઉત્તર જોવા મળે છે :

"એમ દેવે પોતાના સ્વરૂપ પ્રમાણે માણસને ઉત્પન્ન કર્યું, દેવના સ્વરૂપ પ્રમાણે તેણે તેને ઉત્પન્ન કર્યું; તેણે તેઓને નરનારી ઉત્પન્ન કર્યાં. અને દેવે તેઓને આશીર્વાદ દીધો; અને દેવે તેઓને કહ્યું કે, સફળ થાઓ, ને વધો, ને પૃથ્વીને ભરપૂર કરો, ને તેને વશ કરો; અને સમુદ્રનાં માછલાં પર, તથા આકાશનાં પક્ષીઓ પર, તથા પૃથ્વી પર પેટે ચાલનારાં સઘળાં પ્રાણીઓ પર અમલ ચલાવો."

ઈશ્વર પોતે પોતાના જગતની સારી રીતે સંભાળ રાખી શક્યા હોત. તે ઈશ્વર છે. તેમની યોગ્યતાથી વિશેષ કોઇની યોગ્યતા નથી. પરંતુ એમ કરવાને બદલે ઈશ્વરે પોતાના પૃથ્વી પરના કુટુંબની રચના કરી. તેમનાં બાળકો તેમના સર્જનની વ્યવસ્થા અને જાળવણી કરવાના તેમના કાર્યનું અનુમાન કરી શકે છે. તેઓ તેનો અભ્યાસ કરીને શીખી શકે છે અને સાથી ભાગીદાર બની શકે છે. ઈશ્વર તરીકેની કલ્પના કરવાનો અર્થ એ છે કે આ પૃથ્વી પર ઈશ્વરના પ્રતિનિધિ બનવું. ઈશ્વર પોતે જે કાર્ય સારી રીતે કરી શક્યા હોત તે કાર્ય કરવાની જવાબદારી તેમણે માણસને સોંપી. તેમનાં બાળકો તેમની સાથે સહભાગી થાય એવી ઈશ્વરની ઇચ્છા હતી. ઈશ્વરનો વ્યવસાય તો પરિવારનો વ્યવસાય છે. એદનવાડી ફક્ત ઈશ્વરનું ઘર જ નહિ પરંતુ ઈશ્વરની ગૃહ કચેરી પણ હતી. આપણને ઈશ્વરના સાથી કાર્યકરો તરીકે રચવામાં આવ્યા હતા.

ઈશ્વરે ખાતરી કરી કે તેમણે જે લોકોની રચના કરી છે તેઓ આ પૃથ્વી પર તેમના સ્વરૂપ તરીકે કાર્ય કરી શકે છે. તેમણે તેમના લક્ષણો (તેમની ગુણવત્તાઓ અને ક્ષમતાઓ) તેમની બુદ્ધિમત્તા અને સર્જનાત્મકતા મનુષ્યોને આપી. બાઇબલ આપણને કહે છે, કે મનુષ્યો તો નાના ઈશ્વરો છે. ઈશ્વરના નવા જગતમાં આપણે ઈશ્વરના સાથી અધિકારીઓ અને સંભાળ રાખનારાઓ તરીકે ઈશ્વરની સાથે સહભાગી થઇ શકીએ તે માટે ઈશ્વરે આપણને બનાવ્યા.

ઈશ્વર જેવાં હોવાની કલ્પના કરવી તે ઘણાં કારણોને લીધે એક મહત્વનો વિચાર છે. તે આપણને દરેકને એક સલામત, ગહન ઓળખાણ આપે છે. દરેક મનુષ્ય તેમનું બાળક અને સાથી બને એવી ઈશ્વરની મૂળ ઇચ્છા હતી. ઈશ્વર લોકોને એવી રીતે જુએ છે. આપણે પણ લોકોને એવી જ દૃષ્ટિથી જોવાં જોઇએ. આપણે દરેક વ્યક્તિને આપણાં ભાઇ કે બહેન તરીકે જોઇએ એવી ઈશ્વરની ઇચ્છા છે. આપણી દરેકની પાસે ઈશ્વરનું સ્વરૂપ હોવાની પદવી છે, જેની ઈશ્વર તેમના કુટુંબમાં ઇચ્છા રાખે છે. વંશવાદ, હિંસા, ઘાલમેલ અને જબરદસ્તી માણસજાત માટેની ઈશ્વરની ઇચ્છાનો ભાગ નહોતા. એ તો બંડ અને પાપનું ભૂંડું પરિણામ છે. ઈશ્વર *માણસજાતને પ્રેમ કરે છે* અને પાપે તેમનું જે ભૂંડું કર્યું છે તે ભૂંડાઇને ધિક્કારે છે. આપણે જ્યારે આપણી કે બીજાઓની નૈતિક નિષ્ફળતાઓનો વિચાર કરીએ છીએ ત્યારે આ વાતને યાદ રાખવાની જરૂર છે.

ઈશ્વર તરીકેની કલ્પના કરવી તે આપણને એક હેતુ આપે છે. આપણું એક મિશન છે. દરેક વ્યક્તિ, પછી તે ગમે એટલા નાના કે નિર્બળ કે ઓછું જીવનારા કેમ ન હોય પરંતુ બીજા વ્યક્તિના જીવનમાં તેમનું એક કાર્ય છે. આપણે ઈશ્વરને માન આપતા દરેક કાર્ય અને આપણા સાથી સ્વરૂપ પર મન લગાવીએ છીએ, ત્યારે તે આપણું *આત્મિક*

*તેડું* બને છે. ઈશ્વરના મનમાં પાળક, સેવક કે યાજકનું તેડું બીજા કોઇ તેડા કરતાં મોટું નથી. આપણે જે રીતે જીવન જીવીએ છીએ તેનાથી આપણા સાથી સ્વરૂપમાંના લોકોને કાં તો આશીર્વાદ પ્રાપ્ત થાય છે અને જીવન તથા ઈશ્વરની સાથેની સંગત શું છે તે યાદ કરાવવામાં આવે છે અથવા તો શ્રાપિત થાય છે. આપણે જે કંઇ કરીએ છીએ - ખાસ કરીને ઘણીવાર નાનું કાર્ય કે અનિશ્ચિત રીતે કાર્ય કરીએ છીએ તેની સારી કે ખરાબ અસર થાય છે.

શરૂઆતમાં મેં જે પ્રશ્ન પૂછયો હતો તેનો ઉત્તર એ જ છે. ઈશ્વર શું ઇચ્છે છે? ઈશ્વર તમને ઇચ્છે છે. ઈશ્વર કુટુંબની ઇચ્છા રાખે છે. ઈશ્વર સાથી કાર્યકરોની ઇચ્છા રાખે છે. ઈશ્વર ઇચ્છે છે કે તમે કોણ છો અને શા માટે તમારું જીવન તેમના માટે મહત્વનું છે, તે જાણો.

પરંતુ હજુ તો આપણે શરૂઆત જ કરી છે. આ વાતમાં બીજું ઘણું બધું છે. આપણા જગતમાં આપણું જીવન - અને કદાચ આપણા પોતાના ઘરમાં આપણું જીવન ઈશ્વરના દર્શનને અનુકુળ નથી. એવું કંઇ થયું જેનાથી તે બગડી ગયું. તેનું દુઃખ એટલું બધું હતું કે ઈશ્વરે માણસજાતને *લગભગ* મૂકી દેવાનો નિર્ણય કર્યો હતો.

# પ્રકરણ ૨

# ઈશ્વર હજુ પણ એક કુટુંબની ઈચ્છા રાખતા હતા

પાછલા પ્રકરણમાં મેં જણાવ્યું કે ઈશ્વરે લોકોને આ પૃથ્વી પર પોતાના સ્વરૂપને પ્રગટ કરવા માટે સુસજ્જ કર્યા હતા. ઈશ્વરે એ કાર્ય લોકોને પોતાના ગુણો (પોતાની ગુણવત્તાઓ અને યોગ્યતાઓ) આપીને કર્યું હતું. એ વાત અદ્ભુત અદ્ભુત છે, પરંતુ ત્યાંથી કેટલીક બાબતો રસપ્રદ અને ડરામણી બની. ઈશ્વરના લક્ષણોમાંનું એક લક્ષણ તો સ્વતંત્રતા છે - જેને આપણે ઘણીવાર સ્વતંત્ર ઈચ્છા પણ કહીએ છીએ. જો તમે ક્યારેય એવો વિચાર કર્યો હોય કે શા માટે આ જગતમાં ભૂંડાઈ છે, તો બાઈબલ મુજબ તેનો ઉત્તર આ પ્રમાણે છે.

*પ્રથમ બંડ*

જ્યારે ઈશ્વરે તેમના બાળકો સાથે પોતાના લક્ષણો વહેંચવાનો નિર્ણય કર્યો ત્યારે તેનું પરિણામ તેઓ જાણતા હતા. ઈશ્વર સઘળું જાણે છે, તેથી શું થશે તેની તેમને સ્પષ્ટપણે ખબર હતી. ઈશ્વરે અગાઉ જે સ્વર્ગીય કુટુંબ બનાવ્યું હતું ત્યારે પણ એવો જ નિર્ણય કર્યો હતો. તેમને પણ બુદ્ધિમત્તા અને સ્વતંત્રતા આપવામાં આવી હતી. તેમને તેમના સરજનહાર પાસેથી એ દાનો મળ્યા હતા.

ઈશ્વર જાણતા હતા કે તરત કે થોડા સમય પછી તે દાનોનો દુરુપયોગ થશે, અથવા તો તેને બગાડવામાં આવશે. ઈશ્વર સારી પેઠે જાણતા હતા કે આત્મિક જગતમાં કે પૃથ્વી પરનાં તેમનાં બાળકો તેમના જેવાં છે, પરંતુ તેઓ ઈશ્વર નથી. તેઓ ઈશ્વરથી ઉતરતા જ હતા. તેઓ અપૂર્ણ હતા, જ્યારે ઈશ્વર સંપૂર્ણ છે. ઈશ્વર જાણતા હતા કે ક્યારે તેમના બાળકો ભયંકર ભૂલ કરશે, અથવા તો વગર વિચાર્યું કૃત્ય કરશે, અને તેમની પાસેથી જે કાર્ય કરાવવાની કે તેઓ જે કાર્ય ન કરે એવી ઈચ્છા રાખી હતી તેની વિરુદ્ધ બળવો કરશે.

એદનવાડીમાં એ જ પ્રમાણે થયું હતું. આદમ અને હવાએ બળવો કર્યો હતો. તેમણે ભલું ભૂંડું જાણવાના વૃક્ષનું ફળ ખાવાની મના કરતી આજ્ઞાને તોડી હતી. તેમણે પાપ કર્યું અને ઈશ્વરની હાજરીમાં જે અનંતજીવન હતું તે ગુમાવી દીધું હતું. ત્યારબાદ એદનવાડીની બહાર જે કોઈ મનુષ્યનો જન્મ થયો તેઓ ઈશ્વરથી વિમુખ હતા. પાઉલ પ્રેરિત તેના વિષે વાત કરતાં કહે છે કે, “પાપનો મુસારો મરણ છે…” (રોમનોને પત્ર ૬:૨૩).

તેની અગાઉ જે બંડ થયું હતું તેના લીધે આ દુઃખદ ઘટના બની હતી. ઈશ્વરના અલૌકિક બાળકોમાંનાં એકે હવાનું પરીક્ષણ કરીને માનવીય કુટુંબ હોવાના ઈશ્વરના નિર્ણયનું અપમાન કર્યું હતું, અને ઈશ્વર આદમ અને હવાનો નાશ કરશે એવી આશા રાખી હતી. તે સર્પના રૂપમાં હવાની પાસે આવ્યો હતો (ઉત્પત્તિ ૩:૧-૭). બાઈબલ તે

સર્પને દુષ્ટાત્મા અને શેતાન કહે છે (પ્રકટીકરણ ૧૨:૯). તે હવાને પાપ કરાવવામાં સફળ તો થયો હતો, પરંતુ માણસજાતનો કાયમ માટે નાશ કરવામાં નિષ્ફળ ગયો હતો.
અહીં કેટલાંક ગહન સત્યો છે, તેમાંનું એક સત્ય તો દરેક વ્યક્તિ તેના જીવનમાં કોઇક ક્ષણે જે પ્રશ્ન પૂછે છે તેનો ઉત્તર આપે છે, તે પ્રશ્ન એ છે કે : શા માટે આ જગતમાં ભૂંડાઇ છે? આ જગતમાં ભૂંડાઇનું અસ્તિત્વ છે, કેમ કે ઈશ્વરે પોતાના જેવા વ્યક્તિઓનું સર્જન કરવાનો નિર્ણય કર્યો હતો. મારો કહેવાનો અર્થ એ નથી કે ઈશ્વરની એક ભૂંડી બાજુ પણ છે. પરંતુ હું એમ કહેવા માગું છું કે ઈશ્વરે મનુષ્યોને રોબોટ જેવાં કે અગાઉથી પ્રોગ્રામ કરેલા કોમ્પ્યુટરો જેવા બનાવવાના વિચારનો નકાર કર્યો હતો.

તેનો છેલ્લો મુદ્દો મહત્વનો છે. ઈશ્વરના સ્વરૂપમાં હોવું પ્રમાણભૂત અને અધિકૃત હોવું જોઇએ. જાતે નિર્ણય કરવાની સ્વતંત્રતા ન હોય તો આપણે ઈશ્વર જેવા હોઇ શકીએ નહિ. ઈશ્વર રોબોટ નથી, અને આપણને ઈશ્વર જેવાં બનાવવામાં આવ્યા હતા. વાસ્તવિક સ્વતંત્ર ઇચ્છા વગર આપણે પ્રમાણભૂત અને અધિકૃત રીતે ઈશ્વરને પ્રેમ કરી શકીએ નહિ કે આધીન થઇ શકીએ નહિ. જો આપણા નિર્ણયો અગાઉથી પ્રોગ્રામ કરેલાં હોય તો તે ખરા નિર્ણયો કહી શકાય નહિ. પ્રેમ કરવો અને આધીન થવું તે વિશેના અધિકૃત અને પ્રમાણભૂત નિર્ણયો લેવા માટે શક્ય હોય એવાં દરેક વિકલ્પોની વિરુદ્ધ નિર્ણય લેવા જ પડે.

આ સઘળી વાતોનું પરિણામ એ છે કે ભૂંડાઇનું અસ્તિત્વ છે, કેમ કે લોકો ઈશ્વરે આપેલાં સ્વતંત્ર ઇચ્છાના દાનનો દુરુપયોગ કરે છે, અને આત્મસંતોષ માટે, બદલો લેવા માટે કે પોતાનું રાજ્ય સ્થાપવા માટે તેનો ઉપયોગ કરે છે. આ દુરુપયોગની શરૂઆત એદનવાડીમાં થઇ હતી.

પરંતુ ઈશ્વરને તેનાથી આશ્ચર્ય થયું નહોતું. તેમણે તેની અપેક્ષા રાખી હતી. શું થશે તે ઈશ્વર અગાઉથી જાણતા હતા, અને તે મુજબ યોજના પણ બનાવી હતી. ઈશ્વરે પોતાની વિરુદ્ધ બળવો કરવાને લીધે પોતાનાં માનવીય બાળકોનો નાશ કર્યો નહોતો. પરંતુ તેને બદલે તેમને માફ કરવાના હતા, અને છોડાવવાના હતા. બાઇબલ એ વાત સ્પષ્ટ કરે છે, કે શું થશે તે ઈશ્વરે જોયું હતું, અને પોતાની વિરુદ્ધ બળવો થાય તે પહેલા - ચોક્કસપણે કહીએ તો "જગતના મંડાણ અગાઉ"˙ તેમણે માફી અને તારણની યોજના બનાવી હતી. (એફેસીઓને પત્ર ૧:૪; હિબ્રૂઓને પત્ર ૯:૨૬-૧૦:૭; ૧ પિતરનો પત્ર ૧:૨૦).

તારણની યોજનાને પૂરી કરવા માટે ઈશ્વરે માણસ બનવાનું હતું. આપણે આપણી વાતના તે ભાગમાં જલ્દી પહોંચીશું. પરંતુ તે ઘટના બને તેના ઘણાં સમય પહેલાં એદનવાડીમાં જે થયું હતું તેની કિંમત ચૂકવવાની હતી. ઈશ્વરે આદમ અને હવાને પોતાની હાજરીમાંથી હાંકી કાઢયા હતા. (તેથી તેમના સંતાનો પણ ઈશ્વરની હાજરીમાં નહોતા. હવે એદનવાડી નહોતી. પરંતુ ઈશ્વરપિતાની સાથેના અનંતજીવનને બદલે માણસજાતે મરણની વાટ જોવાની હતી (રોમનોને પત્ર ૫:૧૨). એ તો જીવનના શ્રોતથી એટલે કે ઈશ્વરથી અલગ થવાની કિંમત હતી.

પાપની અસરને લીધે ઈશ્વરે તેમનાં બાળકોને તેમનાં ઘરમાંથી કાઢી મૂક્યાં હતાં. પરંતુ સર્પે માણસજાતના નાશ માટેની જે અપેક્ષા રાખી હતી તેના કરતાં તો આ સારું પરિણામ હતું. માનવીય કુટુંબ હોવાની પોતાની યોજનાને ઈશ્વરે મૂકી દીધી નહોતી, પરંતુ બળવો કરવામાં આવ્યો તેની એક કિંમત ચૂકવવી પડી. ઈશ્વરે શેતાનને પણ શિક્ષા કરી. ઈશ્વરના જગતમાં મરણને લાવવાને લીધે શેતાન મૂએલાંના રાજ્યનો પ્રભુ બની ગયો, જેને પછીથી નરક તરીકે ઓળખવામાં આવ્યું.

*બીજી કોઈ યોજના કે વિકલ્પ નહિ*

આ સમયે તમને કદાચ એવો વિચાર આવે કે શા માટે ઈશ્વરે પોતાનું માનવીય કુટુંબ હોવાની આખી યોજનાને પડતી મૂકી નહિ? સ્વતંત્ર ઇચ્છાથી પાપ કરવામાં આવશે અને સેંકડો વર્ષો સુધી માણસજાત હિંસા, નકાર, સ્વાર્થ અને બીજી ઘણી ભૂંડાઇની બાબતો દ્વારા એકબીજાને પરેશાન કરશે તે જાણતા હોવા છતાં, ઈશ્વરે પોતે સ્વતંત્ર ઇચ્છાને અનુમતિ આપી હતી. કદાચ તમારા પોતાના દુઃખને લીધે અથવા તો તમારી આસપાસ તમે જે બનાવો બનતા જોઇ રહ્યા છો તેને લીધે તમને એવી ઇચ્છા થાય કે ઈશ્વરે બધાનો નાશ કર્યો હોત તો સારું થાત.

તમે માનો કે ન માનો પરંતુ ઈશ્વર તે લાગણીને સમજે છે. તમે જે ભૂંડાઇને જુઓ છો તેને ઈશ્વર પણ જુએ છે. ઈશ્વરે આવી અપેક્ષા રાખી નહોતી. પરંતુ તમે એમ કહો કે, *એ તો ઈશ્વર છે* - શું તે આ સઘળી બાબતો પર અધિકાર રાખી ન શકે? તે એટલું સરળ નથી. તેનો વિચાર કરો. જેઓ ભૂંડું કરે છે તેમનો નાશ કરીને ઈશ્વર ભૂંડાઇને દૂર કરી શકે છે. બીજા શબ્દોમાં કહીએ તો, જો ઈશ્વર ફક્ત ભૂંડા લોકોનો નાશ કરે તો ભૂંડાઇનો નાશ કરી શકે છે. બધાં લોકો પાપ કરે છે (રોમનોને પત્ર ૩:૧૦-૧૨) અને બાઇબલ કહે છે કે, “સઘળાં દેવના મહિમા વિશે અધૂરાં રહે છે” (રોમનોને પત્ર ૩:૨૩). તેથી એમ કહી શકાય કે ઈશ્વર ભૂંડાઇનો નાશ તો કરી શકે છે, પરંતુ એમ કરતાં નથી. ઈશ્વર માણસજાતને એટલો પ્રેમ કરે છે કે તે આ વિકલ્પની પસંદગી કરતા નથી.

આ સઘળી વાતો એક અદ્ભુત સત્ય જણાવે છે કે : આપણને પોતાના જેવા બનાવવાને લીધે શું થશે તે જાણતા હોવા છતાં *ઈશ્વરે પોતાનું માનવીય કુટુંબ ન હોવાના વિકલ્પની પસંદગીને અગ્રિમતા આપી નહિ.* આપણા જગતમાં જે પાપ અને દુઃખ છે, તેને તથા તેના કારણને ઈશ્વર જાણે છે. તેનાથી તેમને દુઃખ થાય છે. ઈશ્વર પોતાના માનવીય બાળકો માટેના પ્રેમથી એટલી હદ સુધી ભરાયેલાં છે કે તેમણે પોતાના મૂળ ધ્યેયને બદલ્યો નહિ. બીજા કોઇ વિકલ્પ નહિ પરંતુ ફક્ત એક જ યોજનાની પસંદગી કરી. એદનવાડીમાં જે બળવો થશે અને ત્યારબાદ જે નિષ્ફળતા અને પાપો થશે - તેમાં આપણાં પાપોનો પણ સમાવેશ થાય છે - તે અગાઉથી જાણતા હોવા છતાં, ઈશ્વરે હજુ પણ માનવીય કુટુંબની ઇચ્છા રાખી.

એદનવાડીમાં જે થયું એ તો વાતની શરૂઆતનો ભાગ જ છે. ઈશ્વરે આદમ અને હવાને તેમના ઘરમાંથી કાઢી મૂક્યાં (ઉત્પત્તિ ૩:૨૨-૨૪). ઈશ્વરે સર્પને શ્રાપ આપ્યો (ઉત્પત્તિ ૩:૧૪-૧૫) અને પોતાની હાજરીમાંથી કાઢી

મૂક્યો (યશાયા ૧૪:૧૨-૧૫; હઝકિયેલ ૨૮:૧૬). સંદેશો પ્રબળ અને સરળ હતો કે : બળવો કરવામાં આવે તો તેની શિક્ષા થવી જોઇએ. તમને લાગશે કે બધાને સંદેશો મળી ગયો છે. પરંતુ એમ નથી. પરિસ્થિતિ વધારે બગડી ગઇ.

*બીજું બંડ*

તમે કદાચ ક્યાંક એવું સાંભળ્યું હશે કે બાઇબલ એવું શીખવે છે કે માણસજાતે એદનવાડીમાં પાપ કર્યું તેના લીધે આ જગતમાં ભૂંડાઇ અને દુષ્ટતા છે. પરંતુ તે અર્ધસત્ય છે. એદનવાડીમાં થયેલી દુ:ખદ ઘટના પછી બીજી બે એવી ઘટનાઓ બની જેનાથી માણસજાત વધારે નીતિભ્રષ્ટતા અને અંધાધૂંધી કે અવ્યવસ્થામાં ખૂંપી ગઇ.

તેમાંની પ્રથમ ઘટનાનું વર્ણન ઉત્પત્તિ ૬:૧-૪માં જોવા મળે છે, જેના વિશે દાવાપૂર્વક કહી શકાય કે તે આખા બાઇબલમાંની વિચિત્ર ઘટનાઓમાંની એક ઘટના છે. (મારા પર ભરોસો કરો, મેં તે ઘટના પર આખા પુસ્તકો લખ્યાં છે). એ વાત તો પ્રભુના કેટલાંક અલૌકિક બાળકોએ (એટલે કે "દેવના દીકરાઓએ") પોતાના સ્વરૂપ પ્રમાણે માનવીય સંતાનો પેદા કરવાની ઈશ્વરની ઇચ્છાનું અનુકરણ કર્યું હતું, તેના વિશેની વાત છે. એ હેતુ પૂરો કરવા માટે તેમણે માનવીય સ્ત્રીઓનો (એટલે કે "માણસની દીકરીઓનો") ઉપયોગ કરવાનો નિર્ણય કર્યો હતો. તેનાથી તેઓ ઈશ્વરના એટલે કે તેમના પોતાના સ્વર્ગીય પિતાના પ્રતિસ્પર્ધીઓ બની ગયાં. મનુષ્યો તેમના કુટુંબના સભ્યો બને એવી ઈશ્વરની ઇચ્છાથી ખુશ થવાને બદલે તેઓ તો તેમના સાથી મનુષ્યોના પ્રભુ બનવા માગતા હતા. તે ઈશ્વરની ઇચ્છા નહોતી. ઈશ્વર એક કુટુંબની ઇચ્છા રાખતા હતા, ગુલામોની નહિ.
"જે દૂતોએ પાપ કર્યું" (૨ પિતરનો પત્ર ૨:૪) તેમણે સ્વર્ગ અને પૃથ્વીની સીમારેખા વિરુદ્ધ અપરાધ કર્યો. તેમણે "પોતાની પદવી જાળવી રાખી નહિ, પણ પોતાનું સ્થાન છોડી દીધું" (યહૂદાનો પત્ર ૬). તેને પરિણામે ઈશ્વરે તેમને નરકમાં નાખ્યા (૨ પિતરનો પત્ર ૨:૪-૫, યહૂદાનો પત્ર ૬), પરંતુ તેમણે જે કૃત્ય કર્યું તેના પરિણામો ભયંકર હતા. આ બંડ વિશે બાઇબલની ફેરગણતરી વિશેની બે કલમો જુઓ :

અને યહોવાએ જોયું કે માણસની ભૂંડાઇ પૃથ્વીમાં ઘણી થઇ, ને તેઓનાં હૃદયના વિચારની હરેક કલ્પના નિરંતર ભૂંડી જ છે. અને યહોવાએ પૃથ્વી પર માણસને ઉત્પન્ન કર્યું, તેનો તેને પશ્ચાતાપ થયો, ને હૃદયમાં તે ખેદિત થયો. (ઉત્પત્તિ ૬:૫-૬)

આ કલમો વિષે વિચાર કરો. *દરેક વ્યક્તિના* હૃદયની દરેક *કલ્પના નિરંતર ભૂંડી જ હતી.* ઈશ્વરે માણસને બનાવ્યું તેનો તેમને *સંતાપ* થયો અને ઈશ્વર *ખેદિત* થયા.

આ તો દુષ્ટતા અને ત્યારબાદ જે દુ:ખ આવ્યું તેની વ્યાખ્યા છે. જે પ્રથમ અલૌકિક બંડ કરવામાં આવ્યું તેણે માણસજાતને ઈશ્વર સાથેના અનંતજીવનને ગુમાવવાના માર્ગ પર દોરવણી આપી. આ બંડને લીધે પાપની અસરો

બીજા સ્તર સુધી પ્રસરી અને માણસ પોતે પોતાનો નાશ કરવાના માર્ગ પર ઝડપથી આગળ વધ્યો. જે રીતે આ બધી બાબતો થઇ હતી તેનાથી ઈશ્વરને દુઃખ થયું હતું. માણસજાતને કાયમનું નુક્સાન થયું હતું.

બાઇબલ આપણને કહે છે કે ઈશ્વર માણસજાતનો નાશ કરવા માટે જળપ્રલય મોકલવા સિવાય બીજો કોઇ ઉકેલ જોઇ શક્યા નહિ (ઉત્પત્તિ ૬:૧૭). એ વાતની નોંધ કરવી મહત્વની છે કે જળપ્રલયની વાત ક્યારેય એમ કહેતી નથી કે ઈશ્વર ગુસ્સે હતા. તે વાત એમ કહે છે કે જે કંઇ થઇ રહ્યું હતું તેનાથી ઈશ્વર ખેદિત હતા. ઈશ્વરે મનુષ્યને સ્વતંત્રતા આપવાનો નિર્ણય કર્યો હતો. જો તે સ્વતંત્રતા લઇ લેવામાં આવે તો તેનો અર્થ એવો થાય કે માણસ ઈશ્વર જેવો રહેશે નહિ, તે ખરેખર મનુષ્ય રહેશે નહિ. બંડ કરનારા ઈશ્વરના દીકરાઓએ જે કર્યું છે તેનો અંત લાવવો અને ફરીથી શરૂઆત કરવી તે એક જ પસંદગી હતી.

ઈશ્વરની દૃષ્ટિમાં ફક્ત એક જ માણસ ન્યાયી હતો અને એ તો નૂહ હતો (ઉત્પત્તિ ૬:૯). ત્યાં એક ન્યાયી માણસ તો હતો. ઈશ્વરે તેને લીધો અને માનવીય કુટુંબ હોવાની પોતાની યોજનાને આગળ વધારવા માટે તેનો ઉપયોગ કર્યો.

નૂહ, તેનું કુટુંબ અને ઘણાં બધા જાનવરો બચી જાય તે માટે ઈશ્વરે નૂહને એક વહાણ બનાવવાનું કહ્યું. ઈશ્વરને હજુ પણ આશા હતી કે માણસની દુષ્ટતા ગમે એટલી કેમ ન હોય, પરંતુ તેમનાં માનવીય સંતાનો તેમની સાથે રહી શકે છે. જળપ્રલય પહેલાં તૈયારી કરવા માટે અને લોકોને તેમની દુષ્ટતાની માફી મેળવવાની વાત કરવા માટે (૨ પિતરનો પત્ર ૨:૫) ઈશ્વરે દયા કરીને નૂહને ૧૨૦ વર્ષનો સમય આપ્યો (ઉત્પત્તિ ૬:૩).

અંતે લોકોએ ઈશ્વરની વાત માની નહિ. તેમણે ઈશ્વરની કૃપામાં મળેલી ચેતવણીનો નકાર કર્યો. ફરી એકવાર ઈશ્વરનાં બાળકોએ તેમની સ્વતંત્રતાનો ઉપયોગ કરીને ઈશ્વર તરફ પીઠ ફેરવી. ઈશ્વરનું હૃદય ખૂબ જ ભંગીત થયું હશે એ વાતમાં કોઇ આશ્ચર્ય છે ખરું? પરંતુ ત્યાં નૂહ અને તેનું કુટુંબ હતા. જળપ્રલય પછી ઈશ્વરે આદમ અને હવાને જે મૂળ આજ્ઞા આપી હતી કે (“સફળ થાઓ, ને વધો, ને પૃથ્વીને ભરપૂર કરો” ઉત્પત્તિ ૯:૧) એ જ આજ્ઞા નૂહને આપી. ઈશ્વર તેમનાથી નવી શરૂઆત કરી રહ્યા હતા. તેમણે નૂહની સાથે કરાર કર્યો જે આખી માણસજાત સાથેનો કરાર હતો (ઉત્પત્તિ ૯:૮-૧૭). કરાર તો વચન કે પ્રતિજ્ઞા છે. આ કરાર એકપક્ષીય કરાર હતો; એ તો માનવીય કુટુંબનો પાણીથી નાશ ન કરવાનું ઈશ્વરનું વચન હતું (ઉત્પત્તિ ૯:૧૧). એ વાત અદ્ભુત છે કે, ઈશ્વર હજુ પણ માનવીય કુટુંબની ઇચ્છા રાખતા હતા.

આશ્ચર્યકારક તો નહિ પરંતુ અદ્ભુત વાત તો એ હતી કે ઈશ્વરની ભલાઇનો દુરુપયોગ હજુ પણ ચાલુ જ રહ્યો હતો. જળપ્રલય પછી ત્રીજો બળવો થયો હતો. તેનાથી બાઇબલની બાકીની વાતની શરૂઆત થાય છે અને ત્યાં ફરીથી ઈશ્વરની અજેય ધીરજ અને પ્રેમ જોવા મળે છે.

*ત્રીજું બંડ*

આદમ અને હવા તથા નૂહના સમયના જળપ્રલયની વાતની જેમ તમે બાબિલના બુરજની વાત પણ સાંભળી હશે. જો ન સાંભળી હોય તો પણ ચિંતા કરશો નહિ, કેમ કે દેવળમાં જનારા મોટા ભાગના લોકો ત્યાં *ખરેખર* શું થયું હતું તે જાણતા નથી.

બાબિલના બુરજની વાત ઉત્પત્તિ ૧૧:૧-૯માં જોવા મળે છે. જળપ્રલય થયા પછી ઈશ્વર નૂહના સંતાનોની ગુણાત્મક વૃદ્ધિ કરીને તેમને આખી પૃથ્વીમાં ફેલાવવા માગતા હતા. આદમ અને હવાની જેમ તેઓ ઈશ્વરના સર્જનની જાળવણી કરવા માટે ઈશ્વરના સાથી કાર્યકરો હતા. પરંતુ એમ કરવાને બદલે તેઓ બાબિલ નામના એક સ્થળે તેમનું પોતાનું નામ કરવા, બુરજ બાંધવા માટે એકઠા થયા (ઉત્પત્તિ ૧૧:૧-૪).

વાતનો આ જાણીતો ભાગ છે, પરંતુ બાઇબલના બીજા એક પુસ્તકમાં જણાવેલ બે અપરિચિત કલમોમાં તેનો વાસ્તવિક અર્થ રહેલો છે. તે કલમો આ પ્રમાણે છે :

> જ્યારે પરાત્પરે દેશજાતિઓને તેઓનો વારસો આપ્યો, જ્યારે તેણે માનવપુત્રોને જુદા કર્યા, ત્યારે તેણે ઈસ્રાએલનાં છોકરાંની ગણતરી પ્રમાણે લોકોને સીમાઓ ઠરાવી આપી. કેમ કે યહોવાનો હિસ્સો તે તેના લોક છે; યાકૂબ એના વારસાનો ભાગ છે. (પુનર્નિયમ ૩૨:૮-૯)

આ બે કલમો આપણને જણાવે છે કે બાબિલના બુરજ આગળ જે ન્યાય કરવામાં આવ્યો તેમાંનો એક તો માણસજાતના વિભાગ હતા. વાતના આ ભાગ સુધી ઈશ્વર માણસજાતની રીતે એક સામૂહિક વ્યવહાર કરતા હતા. પરંતુ બાબિલના સમયે તે વ્યવહાર બદલાઇ ગયો. હવે માણસજાત ભાષા અને ભૌગોલિક પરિસ્થિતિમાં વિભાજીત થઇ ગઇ.

તેનાથી વધારે ખરાબ વાત તો એ બની કે ઈશ્વરે પોતાની જાતને માણસજાતથી અલગ કરી દીધી. માણસે કરેલી ઈશ્વરની ઇચ્છાની અવજ્ઞાથી કંટાળીને ઈશ્વરે પૃથ્વી પરના દેશોને પોતાના અલૌકિક કુટુંબના બીજા સભ્યો - એટલે કે દેવના દીકરાઓને સોંપી દીધા. આ જૂથ તો જળપ્રલયના સમયે જે જૂથે અપરાધ કર્યો હતો તેનાથી અલગ હતું. ઈશ્વર માણસજાતને પોતાના ઘરમાંથી બહાર હાંકી કાઢી શક્યા નહિ. તેમણે એદનવાડીમાં એ કાર્ય કર્યું હતું. જળપ્રલય પછી માણસજાતનો નાશ ન કરવાનું વચન પણ આપ્યું હતું (ઉત્પત્તિ ૯:૧૧), તેથી વિપત્તિનું પુનરાવર્તન કરવાનું નહોતું. તો હવે ઈશ્વર શું કરી શકે? ઈશ્વરે જાણે કે એમ કહેવું જરૂરી હતું કે, "બસ, હવે બહું થયું! જો તમે મને તમારા ઈશ્વર તરીકે ઇચ્છતા નથી તો હું તમને મારા સ્વર્ગીય મદદનીશોને સોંપી દઇશ."

આ ન્યાયના ઘણા પ્રકારો હતા. તેમાં કેટલો સમય લાગ્યો તે વિશે આપણને કંઇ કહેવામાં આવ્યું નથી, પરંતુ બાઇબલ આપણને એમ કહે છે કે ઈશ્વરે પોતાના જે અલૌકિક દીકરાઓને દેશો પર ઠરાવ્યા તેમણે એક અસંતોષકારક કે હલકું કૃત્ય કર્યું. તેઓ એટલા ભ્રષ્ટ થયા (ગીતશાસ્ત્ર ૮૨:૧-૫) કે ઈશ્વરે તેમનો પણ ન્યાય કરવો પડયો. એક દિવસે ઈશ્વર તેમનું અવિનાશીપણું અને તેમને સોંપેલા દેશો લઇ લેશે (ગી.શા. ૮૨:૬-૮). આપણને એમ લાગે કે ઈશ્વર પોતાની હતાશામાં ચિડાઇને પોતાના માનવીય કુટુંબને ગુમાવી બેઠા. આપણને એમ લાગે કે ઈશ્વરે હિંમત ગુમાવી દીધી. પરંતુ વાસ્તવમાં એમ થયું નહિ.

## *ઈશ્વરનો નિરંતર પ્રેમ*

શું તમે ક્યારેય બાબિલના બુરજની વિપત્તિ પછી શું થયું તેની કલ્પના કરી છે? ઈશ્વર ઇબ્રાહિમ આગળ પ્રગટ થયા (તે સમયે તે અબ્રામ તરીકે ઓળખાતો હતો). તે એક વૃદ્ધ માણસ હતો અને તેની પત્નીનું નામ (સારાહ) હતું અને તેની બાળકો જણવાની ઉંમર પૂરી થઇ હતી. ઈશ્વરે ઇબ્રાહિમ સાથે કરાર કર્યો. ઈશ્વરે આ વૃદ્ધ માણસ અને તેની પત્નીને વચન આપ્યું, કે તે તેમને એક દીકરો આપશે. ઈશ્વર ચમત્કાર કરવાના હતા. તેમનો દીકરો આ પૃથ્વી પરના ઈશ્વરના નવા કુટુંબની શરૂઆત કરવાનો હતો (ઉત્પત્તિ ૧૨:૧-૯; ૧૫:૧-૬; ૧૮:૧-૧૫).

માણસજાતને પોતાના સ્વર્ગીય કુટુંબના સભ્યોને વહેંચી આપીને ઈશ્વર ઇબ્રાહિમ દ્વારા પોતાના કુટુંબની નવી શરૂઆત કરવા માગતા હતા. ઇબ્રાહિમે ઈશ્વરના વચનો પર વિશ્વાસ કર્યો હતો (ઉત્પત્તિ ૧૫:૬). તેણે ઈશ્વરની કૃપા મેળવવાનો પ્રયત્ન કરવાનો નહોતો. ફરીથી શરૂઆત કરવા માટે *ઈશ્વરે* પોતે ઇબ્રાહિમની પસંદગી કરી હતી. ઈશ્વર અને ઇબ્રાહિમની સાથેના સંબંધની શરૂઆત ઈશ્વરે પોતે કરી હતી. ઇબ્રાહિમે ફક્ત વિશ્વાસ કર્યો હતો.

પછીથી ઈશ્વરે ઇબ્રાહિમને જે તેડું આપ્યું હતું અને ઇબ્રાહિમે તેના પર વિશ્વાસ કર્યો હતો તેનાથી જે કરારના સંબંધની શરૂઆત થઇ હતી તેને યાદ રાખવા માટે સુન્નતનું દૃશ્ય અને ભૌતિક ચિહ્ન આપવામાં આવ્યું હતું (ઉત્પત્તિ ૧૭:૧-૧૪; રોમનોને પત્ર ૪:૧-૧૨). ઇબ્રાહિમના આખા કુટુંબે આ ઉદાહરણને અનુસર્યું હતું (ઉત્પત્તિ ૧૭:૨૩). ઇબ્રાહિમના સંતાનોમાં આ ચિહ્ન ઈશ્વર જે કુટુંબની ઇચ્છા રાખતા હતા તેના સભ્યો તરીકે અંકિત કરતું હતું. સુન્નત તો ઇબ્રાહિમની પેઢીમાંની સ્ત્રીઓને માટેનું પણ ચિહ્ન હતું. કેમ કે તેમણે ફક્ત એ જ કુળમાં લગ્ન કરવાના હતા, અને એ તો તેમને એ વાત યાદ કરાવતું હતું કે જ્યારે ઇબ્રાહિમ અને સારાએ પોતાના બાળકો હોય એવી ઇચ્છા કરી ત્યારે ઈશ્વરે અલૌકિક રીતે તેમને બાળકનું દાન આપીને તેમની પેઢીને આગળ વધારી હતી.

એ વાત યાદ રાખવી મહત્વની છે કે ઇબ્રાહિમ સાથેના ઈશ્વરના કરારનો આધાર તો ઈશ્વરના વચનો પરના વિશ્વાસ પર રહેલો છે. ઇબ્રાહિમ સારી રીતે ઈશ્વરના નિયમો પાળતો હતો તેથી ઈશ્વરે તેની પસંદગી કરી નહોતી. તારણનો આધાર આપણા વર્તન પર રહેલો નથી. આપણે આપણું તારણ કમાઇ શકતા નથી. જો એમ હોત તો

ઈશ્વર આપણા કાર્યપાલનના સદ્‌ગુણોના દેવાદાર હોત. આપણી સિદ્ધિના બદલામાં ઈશ્વર આપણા *દેવાદાર* હોત. જરા વિચાર તો કરો કે એ કેટલું વિચિત્ર લાગે છે! પરંતુ ઇબ્રાહિમ અને તેના સંતાનોએ કરારના ચિહ્નનું અવલોકન કરવા દ્વારા ઈશ્વરના વચનો પર તેમનો વિશ્વાસ બતાવ્યો હતો. તેમની વફાદારી બતાવવાની આ બાહ્ય રીત હતી.

પાઉલ પ્રેરિતે વફાદારીપૂર્વક વિશ્વાસ કરવાના ઉદાહરણ તરીકે ઇબ્રાહિમનો ઉપયોગ કર્યો હતો (રોમનોને પત્ર ૪:૧-૧૨). ઇબ્રાહિમ કોઇ નિયમોને આધીન થાય તે *પહેલાં* તેણે વિશ્વાસ કર્યો, અને તેથી તેને સ્વીકારવામાં આવ્યો. તેનું નિયમોને આધીન થવું એ વાતને દર્શાવે છે કે તેણે વિશ્વાસ કર્યો હતો. તેના વિશ્વાસને બદલે તેની આધીનતાને મૂકી શકાય નહિ. વિશ્વાસ મહત્વની અને જરૂરી બાબત હતી. ઈશ્વર છે એવા વિશ્વાસના વફાદારીપણા વિશે આપણે પછીથી વાત કરીશું. આજે આપણે તેને શિષ્યપણાથી ઓળખીએ છીએ. વિશ્વાસ અને વફાદારીપણું બે અલગ બાબતો છે. તેઓ એકબીજા સાથે સંકળાયેલી છે ખરી પરંતુ તેની અદલાબદલી કરી શકાય નહિ. આપણા તારણ અને શિષ્યપણા વિષે પણ એમ જ છે.

ઇબ્રાહિમને દીકરાનું વચન આપવું (અને તેના દ્વારા એક મોટી દેશજાતિ ઊભી થાય એવા એક નવા કુટુંબની શરૂઆત કરવી) તે એદનવાડીની આપત્તિ પછી ઈશ્વરે કરેલો બીજો કરાર છે. પ્રથમ કરાર નૂહ સાથે કરવામાં આવ્યો હતો. પોતાનું એક માનવીય કુટુંબ હોવાના સ્વપ્નને સલામત રાખવા માટે ઈશ્વરે આ બંને કરાર કર્યા હતા. પણ આ કરારો દર્શાવે છે કે ઈશ્વરે હિંમત ગુમાવી દીધી નહોતી. એ કરારો લોકો સુધી અનંતજીવનને વિસ્તારવા માટે પણ હતા. ઈશ્વરે માણસજાતને છોડી દીધી નહોતી. ઈશ્વર લોકોને પ્રેમ કરવાનું બંધ કરી શક્યા નહિ. ઈશ્વર હજુ પણ પોતાનું એક માનવીય કુટુંબ હોવાની ઇચ્છા રાખતા હતા.

ઈશ્વરે ઇબ્રાહિમને આપેલું વચન પાળ્યું હતું. ખરેખર તેનાથી સારાને એક દીકરો ઇસહાક થયો હતો (ઉત્પત્તિ ૧૭:૧૯-૨૧; ૨૧:૧-૭). ઇબ્રાહિમનું વિસ્તૃત થયેલું કુટુંબ "ઇસ્રાએલ" તરીકે ઓળખાયું, જૂના કરારમાં વારંવાર આ નામ ઈશ્વરના માનવીય કુટુંબ માટે વપરાયું છે (ઉત્પત્તિ ૩૨:૨૮; પુનર્નિયમ ૩૨:૯; યશાયા ૪૪:૧). પણ બાબિલના બુરજ આગળ બળવો કરવામાં આવ્યો, ત્યારે ઈશ્વરે બીજા દેશોના લોકોને દેવના દીકરાઓને સોંપી દીધા તેમનું શું થયું? બાઇબલમાં તેમને "વિદેશીઓ" કહેવામાં આવ્યા છે, તેનો અર્થ છે કે "તેઓ ઇસ્રાએલના નથી." બાબિલના બુરજ આગળ જે થયું તે પછી પણ ઈશ્વર તે લોકોને ભૂલી ગયા નહોતા.

ઈશ્વર ફરી એકવાર નવા લોકો (એટલે કે ઇસ્રાએલીઓથી) ફરીથી શરૂઆત કરવાના હતા, એટલું જ નહિ, પણ તેમણે ઇબ્રાહિમને કહ્યું કે એક દિવસે તેના સંતાનો જે બીજા દેશોને ઈશ્વરે તજી દીધા હતા તેમના માટે આશીર્વાદરૂપ બનશે (ઉત્પત્તિ ૧૨:૩). ઘણાં વર્ષો પછી ઈબ્રાહિમના કુટુંબમાં જન્મેલ ઈસુ એ બીજા દેશોને ઈશ્વરની પાસે પાછા લાવનાર ચોક્કસ સંતાન બન્યા હતા (ગલાતીઓને પત્ર ૩:૧૬-૧૮, ૨૬-૨૯). ઈસુના

આવ્યા પહેલાં વિદેશીઓ બીજા બધા દેવોનો નકાર કરીને અને ઈશ્વર પર વિશ્વાસ કરીને તથા ઈશ્વરે કરેલા કરારનું ચિહ્ન લઈને ઈશ્વરના કુટુંબ સાથે જોડાઈ શકતા હતા.

ઈબ્રાહિમ અને ઈસુ વચ્ચે ઘણો લાંબો સમય પસાર થઈ ગયો. ‘‘યહોવાના વારસાના ભાગ’’ (પુનર્નિયમ ૩૨:૯) તરીકેનો ઇસ્રાએલીઓનો પોતાનો ઇતિહાસ પણ કંઈ સારો નહોતો. તેઓ ઈશ્વરના લોકો હતા, પરંતુ નિરાશાજનક વાત તો એ હતી કે તેઓ અનુમાનિતપણે તેમની વફાદારીમાં નિષ્ફળ ગયા હતા. હજુ એક અંધકારમય સમય આવવાનો હતો.

# પ્રકરણ ૩

# ઈશ્વરના કુટુંબ દ્વારા ઈશ્વરની સાથે વિશ્વાસઘાત કરવામાં આવ્યો

બાઈબલના ઈસ્રાએલનો ઇતિહાસ તો વિજય અને દુઃખદ બાબતોથી ભરેલી એક લાંબી સર્પાકાર ઘટના છે. ઈશ્વરને આશ્ચર્ય થયું નહોતું. લોકો પાસેથી કેવી અપેક્ષા રાખવી તે ઈશ્વર જાણતા હતા. તે જાણતા હતા કે તે કોનો સામનો કરી રહ્યા છે.

*લાંબા સમય સુધી એક જ સ્થળે રહીને થાકી જવું*

ઈશ્વરે ઇબ્રાહિમને જણાવ્યું હતું કે તેના સંતાનોનું ભવિષ્ય મુશ્કેલ હશે. ઈશ્વરે પ્રામાણિકપણે ઇબ્રાહિમને કહ્યું હતું કે, "તું ખચીત જાણ કે, તારો વંશ પરદેશમાં ભટકશે, ને ત્યાંના લોકોની સેવા કરશે; અને ચારસો વર્ષ લગી તેઓને દુઃખ દેવામાં આવશે" (ઉત્પત્તિ ૧૫:૧૩). એ ખરાબ સમાચાર હતા. તોપણ ઈશ્વરે તેને આશા આપી હતી કે, "જે લોકોની સેવા તેઓ કરશે તેઓનો ન્યાય પણ હું કરીશ; અને ત્યાર પછી તેઓ ઘણી સંપત્તિ લઈને નીકળશે" (ઉત્પત્તિ ૧૫:૧૪).

ઇબ્રાહિમના સંતાનો ખરેખર તેના પૌત્ર યાકૂબ - જેનું નામ બદલીને "ઈસ્રાએલ" કરવામાં આવ્યું હતું તેની આગેવાનીમાં મિસરમાં ફારુન રાજાના અધિકાર હેઠળ આવી ગયા (નિર્ગમન ૧). દુકાળથી બચવા માટે ઈશ્વરની અનુમતિમાં તેઓ ત્યાં ગયા હતા (ઉત્પત્તિ ૪૫:૫-૧૧). જો કે તેમણે જે ખોટું કાર્ય કર્યું એ તો એ હતું કે દુકાળનો સમય પૂરો થયા બાદ તેમણે ત્યાંથી પાછા ફરવું જોઈતું હતું, પરંતુ તેઓ પાછા ફર્યા નહિ. તેઓ ઘણા લાંબા સમય સુધી મિસરમાં જ રહ્યા.

મિસરમાં ઈસ્રાએલીઓની સંખ્યા એટલી વધી ગઈ કે ફારુન રાજાને એમ લાગ્યું કે હવે દેશના રાજા તરીકે રહેવું કઠિન થશે (નિર્ગમન ૧:૮-૧૦). તેથી તેણે તેમના માથે બોજ નાખ્યો અને તેમની પાસે સખત વેઠ કરાવી અને જે છોકરો જન્મે તેને મારી નાખવાનો હૂકમ કર્યો (નિર્ગમન ૧:૧૪-૧૬). પરંતુ ઈશ્વરે હસ્તક્ષેપ કર્યો અને તેમને ઘણાં વધાર્યા (નિર્ગમન ૧:૮-૨૧).

ઈસ્રાએલે આવી કઠિન પરિસ્થિતિમાં મિસરમાં ચાર સદીઓ પસાર કરી. અંતે ઈશ્વરે હસ્તક્ષેપ કરીને મૂસા નામના એક છોકરાનો જીવ બચાવ્યો. ઈશ્વરે પરિસ્થિતિને એવી અંકુશમાં લીધી કે તે છોકરાનો ઉછેર ફારુનની આગળ તેના જ ઘરમાં કરવામાં આવ્યો (નિર્ગમન ૨:૧-૧૦). મૂસા રાજકુમાર તરીકે જીવન જીવતો હતો, પરંતુ એક

દિવસે તેણે એક ઇસ્રાએલીને બચાવવા માટે એક મિસરી માણસને મારી નાખવાનો મોટો અપરાધ કર્યો. તેથી તેણે ન્યાયથી બચવા માટે મિસરમાંથી નાસી જવું પડયું.

મૂસાને મિદ્યાન નામના અરણ્યમાં નવું જીવન મળ્યું. ઈશ્વર સિનાય પર્વત પર બળતા ઝાડવામાં તેને મળ્યા અને એ મુલાકાતથી તેના લોકો અને જગતનો ઇતિહાસ બદલાઇ જવાનો હતો (નિર્ગમન ૩:૧-૧૫). ઈશ્વરે મૂસાને ફારુનનો સામનો કરવા માટે મિસરમાં પાછો મોકલ્યો. તેણે ઇસ્રાએલીઓને છોડવાની માગણી કરવાની હતી. ઈશ્વરે મૂસાનું રક્ષણ કરવાનું અને તેને બળ આપવાનું વચન પણ આપ્યું હતું (નિર્ગમન ૩:૧૬-૨૨).

બાકીની વાત તો જગતની પ્રસિદ્ધ વાતોમાંની એક વાત છે. જો તમે ક્યારેય બાઇબલ વાંચ્યું ન હોય તો પણ કદાચ આ વાત સાંભળી હશે અથવા તો તેના વિશેનું ચલચિત્ર જોયું હશે. જ્યારે ફારુને ઇસ્રાએલીઓને જવા દેવાનો ઇનકાર કર્યો, ત્યારે ઈશ્વરે મિસર અને તેના દેવો વિરુદ્ધ વિપત્તિઓ મોકલી હતી (નિર્ગમન ૭-૧૨). મિસરની ગુલામીમાંથી ઇસ્રાએલીઓને છોડાવવા માટે ઈશ્વરે મૂસાનો ઉપયોગ કર્યો હતો. જ્યારે મિસરીઓએ તેમને મારી નાખવા માટે અરણ્યમાં તેમનો પીછો કરવાનો નિર્ણય કર્યો હતો, ત્યારે ઈશ્વરે લાલ સમુદ્રના બે ભાગ કર્યા હતા (નિર્ગમન ૧૩:૧૭ થી નિર્ગમન ૧૪). લાલ સમુદ્રમાંથી પસાર થવું એ તો બાઇબલમાં જણાવેલ અદ્ભુત ચમત્કાર છે. પરંતુ ઈશ્વરે કોઇ ખેલ બતાવ્યો નહોતો, ઈશ્વર તો પોતાના લોકોનું રક્ષણ કરી રહ્યા હતા. ઈશ્વર પોતાનું કુટુંબ ઇચ્છતા હતા.

## *નિયમ અને વફાદારી*

આખરે ઈશ્વરે મૂસાની સાથે જે વાત કરી હતી તે મુજબ પોતાના લોકોને મિસરમાંથી બહાર લાવ્યા હતા. ત્યાં તેમણે ઇસ્રાએલીઓને તેમના નિયમો - એટલે કે દસ આજ્ઞાઓ આપી હતી. ઈશ્વરે તેમની સાથે કરાર કર્યો હતો. એ વાત ધ્યાનમાં રાખવી મહત્વની છે કે ઇસ્રાએલીઓને દસ આજ્ઞાઓ આપવામાં આવી તે પહેલાંથી તેઓ ઈશ્વરના લોકો હતા. જ્યારે મૂસાએ ફારુનનો સામનો કર્યો ત્યારે ઈશ્વરે આ લોકોને તેમના પોતાના લોકો કહ્યા હતા (નિર્ગમન ૩:૭; ૧૦; ૪:૨૩; ૫:૧; ૬:૭; ૭:૪). નિયમો ઈશ્વરના કુટુંબમાં સ્થાન પ્રાપ્ત કરવાનું માધ્યમ નહોતા. ઇસ્રાએલીઓ *અગાઉથી* ઈશ્વરનું કુટુંબ હતા.

આપણે આ તફાવતને સમજવાની જરૂર છે. તે ખૂબ જ મહત્વનું છે. ઈશ્વરના કુટુંબમાં સ્થાન પ્રાપ્ત કરવાને બદલે *લોકો ઈશ્વરના કુટુંબમાં રહેવા માગે છે* તે બતાવવા માટે ઈશ્વરે તેમને નિયમો આપ્યા હતા. ઈશ્વરના નિયમો એ વાતને બતાવતા હતા કે તેઓ ઈશ્વરની સાથે વિશ્વાસઘાત કરશે નહિ, અને બીજા દેવોની ભક્તિ કરશે નહિ. જો તેઓ વફાદાર વિશ્વાસીઓ બની રહેશે તો ઈશ્વર બીજા દેશોની આગળ "યાજકોના રાજ્ય" (નિર્ગમન ૧૯:૫-૬) તરીકે તેમનો ઉપયોગ કરશે. માણસો પોતાના કુટુંબના સભ્યો હોય એવી ઈશ્વરની ઇચ્છા હતી. તેમણે ઇસ્રાએલના

જૂથથી તેની શરૂઆત કરી હતી. જો તેઓ વફાદાર વિશ્વાસીઓ બની રહે તો તેઓ બીજા દેશોને માટે આશીર્વાદરૂપ બનવાના હતા (ઉત્પત્તિ ૧૨:૩).

આ કરારને સમજવાનો બીજો એક દૃષ્ટિકોણ છે. ઈશ્વર તેમના પર પ્રેમ રાખે તે માટે તેમણે ઈશ્વરના નિયમો પાળવાના નહોતા. ઈશ્વરે અગાઉથી ઇસ્રાએલ પર પ્રેમ રાખ્યો હતો (પુનર્નિયમ ૭:૭-૮). ઈશ્વરે તો અલૌકિક રીતે ઇબ્રાહિમ અને સારાને સંતાન આપ્યું હતું, અને તેના દ્વારા આવનાર સમયમાં ઇસ્રાએલનું નિર્માણ થવાનું હતું. મુખ્ય મુદ્દો એ છે કે ઈશ્વર માનવીય કુટુંબની ઇચ્છા રાખતા હતા. તેઓ કુટુંબના સભ્યો બનવા માટે લાયક બને તે માટે ઈશ્વરે તેમને નિયમો આપ્યા નહોતા. તેઓ તો અગાઉથી ઈશ્વરનું કુટુંબ હતા. ઈશ્વરના નિયમો ઇસ્રાએલીઓ પ્રત્યેની ઈશ્વરની મનોવૃત્તિને બદલવા માટે આપવામાં આવ્યા નહોતા, પરંતુ ઈશ્વરના બાળકોને બીજા દેવોની ભક્તિ ન કરવા, આનંદિત જીવન જીવવા અને એકબીજા સાથે સલાહ-શાંતિમાં રહેવા માટે આપવામાં આવ્યા હતા.

મહત્વની વાત એ છે કે ઈશ્વરે તેમની સ્વતંત્ર ઇચ્છાને લઇ લીધી નહિ. ઈશ્વરે તેમની પાસેથી એવી અપેક્ષા રાખી હતી, કે તેઓ પ્રેમથી તેમનું સર્જન કરનાર ઈશ્વર પર વિશ્વાસ કરે, અને બીજા દેવોને ત્યજી દે. ઇસ્રાએલનો કોઇપણ વ્યક્તિ જો ઇચ્છે તો તે ઈશ્વરના પ્રેમનો નકાર કરી શકતો હતો. તેઓ વિશ્વાસ ન કરવાની પસંદગી કરી શકતા હતા. તેઓ બીજા કોઇ દેવની ભક્તિ કરવાની પસંદગી કરી શકતા હતા. આગળ આપણે જોઇશું કે તેમણે એવું કર્યું પણ ખરું!

ઇસ્રાએલીઓ સિનાય પર્વત (જ્યાં ઈશ્વરે તેમને નિયમશાસ્ત્ર આપ્યું હતું) ત્યાંથી આગળ ચાલ્યા ત્યારે ઈશ્વરે એક દૂત દ્વારા તેમને વચનના દેશમાં દોર્યા હતા (નિર્ગમન ૨૩:૨૦-૨૩; ન્યાયાધીશો ૨:૧). માર્ગમાં તેમણે એવી ફરિયાદો કરી હતી કે અમારી પાસે પુરતું ભોજન કે પાણી નથી. ઈશ્વરે તેમને બધું પૂરું પાડયું (નિર્ગમન ૧૫:૨૨-૨૭; ૧૬:૧-૩૦). તેમણે ઘાતક શત્રુઓ સામે લડવું પણ પડયું હતું. પરંતુ ઈશ્વરે તેમને બચાવ્યા હતા (પુનર્નિયમ ૨-૩; યહોશુઆ ૧૧-૧૨; ગી.શા. ૧૩૫:૧૦-૨૪; પ્રેરિતોના કૃત્યો ૧૩:૧૯).

## *પરિસ્થિત વધારે વણસી*

તમે કદાચ એવો વિચાર કરશો કે ઈશ્વર ઇસ્રાએલીઓને વચનના દેશમાં લાવ્યા પછી ઇસ્રાએલીઓ ઈશ્વરના પ્રેમને સમજ્યા હશે અને વફાદારીપૂર્વકના વિશ્વાસમાં વૃદ્ધિ થઇ હશે. પણ એમ થયું નહિ. તેને બદલે તેમણે દુષ્ટતાની સાથે રહેવાનો નિર્ણય કર્યો. તેમણે તે દેશમાંથી મૂર્તિપૂજકોને (એટલે કે તે દેશમાં રહેતા અને બીજા દેવોની ભક્તિ કરતા લોકોને) હાંકી કાઢયા નહિ. એ તો જાણે કે ઇસ્રાએલીઓ ભૂતકાળ વિશે કંઇ જ જાણતા નહોતા કે બંડ કરવાથી વિપત્તિ આવે છે! તેમની બેવફાઇ અને ઈશ્વર પ્રત્યેના પ્રેમનો અભાવ તેમને આ નિરુત્સાહિત પ્રસંગમાં દોરી ગયા :

> “યહોવાનો દૂત ગિલ્ગાલથી બોખીમમાં આવ્યો. અને તેણે કહ્યું કે, હું મિસરમાંથી તમને કાઢી લાવ્યો, ને જે દેશ વિષે તમારા બાપદાદાઓની આગળ મેં સમ ખાધા હતા તે દેશમાં તમને લાવ્યો છું; અને મેં કહ્યું હતું કે, તમારી સાથેનો મારો કરાર હું કદી રદ કરીશ નહિ; અને તમે આ દેશના રહેવાસીઓની સાથે કંઇ કરાર ન કરો; તેઓની વેદીઓ તોડી નાખોઃ પણ મારું વચન તમે ધ્યાનમાં લીધું નહિ. તમે એમ કેમ કર્યું છે? માટે મેં પણ કહ્યું કે, હું તમારી સામેથી તેઓને હાંકી કાઢીશ નહિ; પણ તેઓ તમારી કૂખોમાં કાંટારૂપ થશે, અને તેઓના દેવો તમને ફાંદારૂપ થઇ પડશે.” (ન્યાયાધીશો ૨:૧-૩)

ઈશ્વરે ફરીથી તેમના લોકોનો ન્યાય કરવો પડયો. ઈશ્વરે જાણે કે એમ કહ્યું કે, “હવે હું તમારી સાથે નથી. તમારે મારી જરૂર નથી તો હવે ચાલો જોઇએ કે તમે તમારી જાતે આ કામ કેવી રીતે કરો છો!” ઈશ્વર જ્યારે તેમના લોકોની સાથે ન હોય ત્યારે તેમનું કેટલું ખરાબ થયું છે, તે આપણે અગાઉ જોઇ ચૂક્યાં છીએ. આપણે ફરીથી ઇતિહાસનું પુનરાવર્તન જોઇ રહ્યા છીએ, તેથી ઈશ્વરનો પ્રતિભાવ પણ અગાઉ જેવો જ લાગે છે. ઇસ્રાએલીઓને તેમની સમસ્યામાંથી બહાર કાઢવા માટે ઈશ્વર વારંવાર તેમની પાસે પાછા આવે છે. આપણે બધા આવા લોકોને ઓળખીએ છીએ. કદાચ તમે તેમાંના એક હશો. તમે પણ કોઇ વ્યક્તિ પ્રત્યેના પ્રેમને લીધે તર્ક વિરુદ્ધ જઇને પણ તેમને મદદ કરી હશે. જો તમે ઈશ્વરના આ કાર્ય વિશે વિચાર કરો તો તે તમને પાગલપન લાગશે. પરંતુ લોકો ઈશ્વરનો નકાર કરે તો પણ ઈશ્વર માનવીય કુટુંબની ઇચ્છા રાખે છે. તેમનો પ્રેમ તર્કની ઉપેક્ષા કરે છે.

ઉપર જે પ્રસંગની વાત કરવામાં આવી છે તે જે પુસ્તકમાંથી લેવામાં આવ્યો છે, તે ન્યાયાધીશોના આખા પુસ્તકમાં ક્યારેય અંત ન આવે એવા આત્મિક બંડનું ઘટનાચક્ર ચાલતું જોવા મળે છે. તેના લીધે દુઃખો આવે છે, ત્યારે તેઓ પ્રભુને પોકાર કરે છે, અને પ્રભુ તેમના પર પ્રેમ રાખીને તેમની પાસે આવે છે. કેટલીક સદીઓ સુધી આ ઘટનાચક્ર ચાલ્યા કરે છે. તે જયારે તેની ચરમસીમાએ પહોંચે છે, ત્યારે ઇસ્રાએલીઓ શમુએલ કે જે યાજક અને પ્રબોધક હતો, તેની પાસે તેમના માટે રાજાની માગણી કરે છે.

લોકોએ રાજા તરીકે શાઉલની પસંદગી કરી હતી, તે એક અણધારી આફત હતી, તેમાં કોઇ આશ્ચર્ય નથી. તમે સમજી શકો છો કે એક છુપાયેલા માણસને બહાર કાઢીને રાજા તરીકે નીમવામાં આવે તો એ પસંદગી સારી હોતી નથી (૧ શમુએલ ૧૦:૨૨). આખરે ઈશ્વરે શાઉલના સ્થાન પર દાઉદની પસંદગી કરી. દાઉદે નૈતિક રીતે ભૂલ કરી હતી, પણ તે શાઉલ કરતાં સારો હતો. તેણે ક્યારેય ઈશ્વર સાથે બેવફાઇ કરી નહિ અને ઈશ્વર માટેના તેના પ્રેમમાં અછત આવી નહિ. તેણે ઈશ્વરના નૈતિક નિયમો તોડયા હતા, પરંતુ તેણે પસ્તાવો કર્યો અને ક્યારેય બીજા દેવની ભક્તિ કરી નહિ. તેથી ઈશ્વરે દાઉદની સાથે કરાર કર્યો કે તેના પુત્રો જ ઇસ્રાએલમાં કાયદેસર રીતે રાજા બની શકશે.

આ કરાર તો દાઉદના રાજવંશનું સર્જન કરવાનો કરાર હતો. ઈશ્વર ફક્ત તેના સંતાનોને જ કાયદેસરના રાજા તરીકે સ્વીકારવાના હતા. દુઃખદ વાત તો એ છે કે બાઇબલમાં જણાવેલ ઇસ્રાએલના ઇતિહાસની વાતમાં ઘણાં

માણસો રાજા તરીકે યોગ્ય ન હોવા છતાં આ પેઢીના હોવાને લીધે રાજા બન્યા હતા. દાઉદના સંતાનો બીજા દેવોની પાછળ ચાલવાની પસંદગી કરીને ઈશ્વર સાથે બેવફાઇ કરતા હતા, તેથી ઈશ્વરે તેઓમાંના ઘણાંને દૂર કરવા પડયા. રાજ્યાસન પ્રાપ્ત કરનાર વ્યક્તિનો કૌટુંબિક ઇતિહાસ યોગ્ય હોવાની સાથે-સાથે દાઉદના સંતાન તરીકે તેણે ઈશ્વરને પ્રેમ કરવાનો હતો. તેથી જ દરેક રાજાએ તેની પાસે ઈશ્વરના નિયમોની પ્રત રાખવાની હતી (પુનર્નિયમ ૧૭:૧૮; ૨ રાજાઓ ૧૧:૧૨). તેણે વફાદાર વિશ્વાસી વ્યક્તિ તરીકેનું શ્રેષ્ઠ ઉદાહરણ બનવાનું હતું.

જમીન સંપાદન કરવાની અને ધનવાનતાની વાતમાં દાઉદનો દીકરો સુલેમાન ઇસ્રાએલના ઇતિહાસનો સૌથી મહાન રાજા હતો. પરંતુ દુ:ખદ વાત તો એ છે કે સાચા ઈશ્વર પ્રત્યેની તેની વફાદારીમાં અસ્થિરતા હતી. તેણે બીજા દેવોને બલિદાનો કર્યાં, અને રાજકીય સંબંધો સાચવવા માટે બીજા દેશોની છોકરીઓ સાથે લગ્નો કર્યાં, અને એમ ઇસ્રાએલમાં બીજા દેવોની આરાધનાની શરૂઆત થઇ (૧ રાજાઓ ૧૧:૧-૮). બીજા શબ્દોમાં કહીએ તો, સુલેમાને આત્મિક બાબતોમાં સમાધાનો કરવાની શરૂઆત કરી, અને એવું બંડ કર્યું જેનાથી આખો દેશ બગડી ગયો.

## *અંતિમ વિશ્વાસઘાત*

સુલેમાનના મરણ પછી બાર કુળોમાંથી દસ કુળોએ તેના અનુગામી વિરુદ્ધ બળવો કર્યો (૧ રાજાઓ ૧૧:૪૧-૧૨:૨૪). ઇસ્રાએલનું રાજ્ય કુળો અને ભૌગોલિક દૃષ્ટિએ બે ભાગમાં વિભાજીત થઇ ગયું. એમ કહી શકાય કે ઈશ્વરનું કુટુંબ ભંગીત ઘર જેવું બની ગયું હતું. એ વાત ખુબ જ દુ:ખદ છે, કે ઘણાં રાજાઓએ તો ઈશ્વરના નિયમોની પ્રત ક્યારેય જોઇ જ નહોતી (૨ રાજાઓ ૨૨:૮-૧૩).

વિભાજીત દેશનો ઉત્તરીય ભાગ (એટલે કે રાજકીય રીતે બળવો કરનાર દસ કુળો) તરત જ આત્મિક રીતે પણ બંડ કરવા લાગ્યા (૧ રાજાઓ ૧૨:૨૫-૩૩). જે ઈશ્વરે તેમને આ દેશ આપ્યો હતો, અને અલૌકિક રીતે તેમને ત્યાં વસાવ્યા હતા, તેના પ્રત્યે વફાદાર રહેવાને બદલે તેમણે ઈશ્વરની સાથે વિશ્વાસઘાત કર્યો. તેથી જે પ્રબોધકોએ આખા દેશમાં ફરીને પ્રબોધ કર્યો, તે પ્રબોધકોએ આ લોકોના આત્મિક બંડને "વેશ્યાવૃત્તિ" અને આત્મિક વ્યભિચારની સાથે સરખાવ્યું. ત્યાં એક આબેહૂબ સમરૂપતા હતી. દેશના દક્ષિણ ભાગમાં જે બે કુળો હતા તેઓ પણ ધીમે-ધીમે આત્મિક બળવો કરવા લાગ્યા. ધીમે-ધીમે કરવામાં આવતું પાપ પણ પાપ જ છે.

ઈશ્વરનો ત્યાગ કરવાથી ક્યારેય સારું થતું નથી. બાઇબલ એક સ્થળે એમ કહે છે કે, "...તમારું પાપ તમને પકડી પાડશે" (ગણના ૩૨:૨૩). ઈશ્વરે અગાઉ કર્યું તેમ પોતાના લોકોને તેમની સ્વતંત્ર ઇચ્છાનો ઉપયોગ કરીને તેની પરિસ્થિતિઓની કિંમત ચૂકવવા દીધી. ઈ.સ. પૂર્વે ૭૨૨માં દેશનો ઉત્તરીય ભાગ જેમને હું જૂના કરારના લડાયક પરગ્રહવાસીઓ જેવા લોકો કહું છું એવા આશ્શૂરીઓ દ્વારા જીતવામાં આવ્યો. જો તમે "ધી લોર્ડ ઓફ ધ રિંગ્સ" નામનું ચલચિત્ર જોયું હોય તો આશ્શૂરીઓને મોર્ડોરે કરેલી ચઢાઇઓની જેમ વિચારો.

મને આ ઉપમા ગમે છે, કેમ કે આશ્શૂરીઓ તેમની ક્રૂરતા માટે પ્રખ્યાત હતા. તેમણે દસ કુળોને આખા જગતમાં વિખેરી નાખ્યા અને તેમના કુટુંબો તોડીને તેમનું સર્વસ્વ લૂંટી લીધું. લગભગ ૧૦૦ વર્ષ પછી (ઇ.સ. પૂર્વે ૫૮૬માં) બાબિલવાસીઓએ દેશના દક્ષિણ ભાગના બે કુળોને જીતી લીધા. સેંકડો ઇસ્રાએલીઓને બળજબરીથી બાબિલોનમાં ગુલામ કરીને લઇ જવામાં આવ્યા હતા.

પ્રામાણિકપણે વિચાર કરીએ, તો જો આ સમયે ઈશ્વર તેમના લોકોને ભૂલી ગયા હોત, તો આપણે તે પરિસ્થિતિને સમજી શક્યા હોત. કેમ કે ઇબ્રાહિમના સમય પછી સેંકડો વર્ષો સુધી વારંવાર તેમણે ઈશ્વરની વિરુદ્ધ બળવો કર્યો હતો. જેના માટે તેઓ લાયક હતા તેની સમિક્ષાને ટાળવી કઠિન છે. પણ ઈશ્વર એવી રીતે કાર્ય કરતા નથી.

ઈશ્વરે *હજુ પણ* પોતાનું એક માનવીય કુટુંબ હોવાની ઇચ્છાનો નિર્ણય કર્યો હતો. પરંતુ તેમનાં લોકોને અને બાકીના માણસોને પણ તેમના કુટુંબમાં ફરીથી સામેલ કરવા માટે યુક્તિઓ બદલવાની જરૂર હતી. ઈશ્વરે પોતાના લોકોની સાથે શ્રેણીબદ્ધ કરારો કર્યા હતા. પરંતુ આ લોકો તો સ્વાભાવિક માણસો હતા. તેઓ અનુમાનિત નિયમિતતા સાથે *ઘણીવાર* નિષ્ફળ ગયા હતા. બાકીના માણસોને તો અલૌકિક વ્યક્તિઓને (એટલે કે પુનર્નિયમ ૩૨:૮ મુજબ "દેવના દીકરાઓને") સોંપવામાં આવ્યા હતા, અને હવે તેઓ તેમના સરજનહાર અને ઇસ્રાએલના દેવના શત્રુઓ બન્યા હતા. પરિસ્થિતિ જટિલ બની હતી.

ઈશ્વરની પાસે બે ભાગમાં આ સઘળી બાબતોનો ઉકેલ હતો. જ્યારે ઈશ્વરના કુટુંબના બાળકો બંદિવાસમાં હતા ત્યારે ઈશ્વરે બે પ્રબોધકો (યર્મિયા અને હઝકિયેલને) ઉભા કર્યા હતા, તેમણે લોકોને એ વાત કરી હતી કે ઈશ્વર તેમને ભૂલી ગયા નથી, અને ઈશ્વર પોતાનાં બાળકોની સાથે "નવો કરાર" કરશે, અને તેમનો આત્મા તેનું ચિહ્ન થશે (યર્મિયા ૩૧:૩૧-૩૪; હઝકિયેલ ૩૬:૨૨-૨૮). નવો દિવસ આવી રહ્યો હતો.

પણ જે "નવો દિવસ" આવી રહ્યો હતો, તે કેવી રીતે ઈશ્વરે કરેલા જૂના કરારોને દૂર કર્યા વગર કે તેને બદલ્યા માન આપશે તે પ્રશ્નનો ઉત્તર આપતો નથી. ઘણાં ઇસ્રાએલીઓએ ઈશ્વરનો નકાર કર્યો હતો અને બીજા દેવોની ભક્તિ કરી હતી. તેમણે ઈશ્વરના કરારો તોડીને ઈશ્વર પ્રત્યેનો અણગમો બતાવ્યો હતો. તેમણે ઈશ્વરને દુઃખી કર્યા હતા. ઈશ્વર પોતાના વચનોને માન આપવા માગતા હતા, પરંતુ તેમના ઘણા બધા બાળકો બીજા દેશોના દેવોની ભક્તિ કરવા માટે લલચાયા હતા.

એ તો મરણનો માર્ગ હતો. યાદ રાખો કે એદનવાડીમાં જે બનાવ બન્યો હતો, તેના લીધે દરેક માણસે મરવાનું હતું અને સાચા ઈશ્વર તરફ ફરીને તેમના પ્રેમ અને વચનો પર વિશ્વાસ ન કરે ત્યાં સુધી તેમને અનંતજીવન મળવાનું નહોતું. મોટા ભાગના ઇસ્રાએલીઓ આ વાત ભૂલી ગયા હતા. તેઓ ઘણા બધા દેવોમાંથી તેમની ઇચ્છા મુજબના દેવની પસંદગી કરી શકતા નહોતા. તેમણે તો એક જ સાચા ઈશ્વર પર વિશ્વાસ કરવાનો હતો, અને એ વિશ્વાસમાં કાયમ રહેવાનું હતું.

ઈસ્રાએલમાં રાજાઓ થયા તે સમયે પરિસ્થિતિ વધારે વણસી ગઇ. ઈશ્વરે દાઉદને વચન આપ્યું હતું કે તેના સંતાનો રાજ્યાસનનો વારસો પામશે, પણ તેઓમાંનાં ઘણાં ઈશ્વરથી દૂર થઇ ગયાં. ઈશ્વર વિશ્વાસના વફાદારીપણાની આ અછતની અવગણના કરી શક્યા નહિ. તે પોતાના વચનને પણ તોડી શક્યા નહિ. એ તો જાણે એવો સ્વીકાર કરવા જેવી વાત છે કે આ બધું કાર્ય એક ખરાબ વિચાર કે ઇરાદો હતો, પણ સઘળું જાણનાર ઈશ્વરનો વિચાર કે ઇરાદો ખરાબ હોઇ શકે નહિ.

તો પછી જે લોકોએ ઈશ્વરનો નકાર કર્યો હતો તેમના હકમાં પોતાના વચનોને ઈશ્વર કેવી રીતે પૂરાં કરી શકે? તેમને નવાં હૃદયોની જરૂર હતી. તેમને માર્ગદર્શન પ્રાપ્ત કરવા માટે ઈશ્વરની હાજરીની જરૂર હતી. તેમને તો સનાતન રાજા અને ઈશ્વરની સંપૂર્ણતા બતાવનાર વ્યક્તિ બની શકે એવા ઇબ્રાહિમના અને દાઉદના સંતાનની જરૂર હતી. તે સંતાને માણસજાત પરથી મરણના શ્રાપને દૂર કરવાની પણ જરૂર હતી. પણ કેવી રીતે એક માણસ મરણ પર વિજય પ્રાપ્ત કરી શકે? તેણે ઈશ્વર પણ હોવાની જરૂર છે. આ બધું કેવી રીતે શક્ય બની શકે?
કોઇ વાંધો નહિ…

# પ્રકરણ ૪

# ઈશ્વર તેમના માનવીય કુટુંબ સાથે જોડાયા

ખ્રિસ્તીઓ ઈસુના આગમન વિશે બધું જાણે છે. તેઓ જાણે છે કે કુંવારી છોકરી મરિયમ દ્વારા તેમનો ચમત્કારીક રીતે જન્મ થયો હતો (માથ્થી ૧:૧૮-૨૫). ખાસ કરીને મોટા ભાગના લોકો નાતાલના સુશોભન વખતે બાળ ઈસુને ગભાણમાં મૂકેલા હોય એવું ચિત્ર જોવાથી પરિચિત છે. ઈસુએ મસિહ વિશે જૂના કરારમાં કરવામાં આવેલી ઘણી પ્રબોધવાણીઓને પૂરી કરી તેની ઉજવણી માટેના કેટલાક જૂના પરંતુ પ્રસિદ્ધ ગીતો નાતાલની ઉજવણી સમયે ગાવામાં આવે છે.

## *ઈસુએ વધસ્તંભ પરના મરણ કરતાં પણ વધારે કાર્યો કર્યા છે*

ઈસુએ આ જગતમાં જન્મ લીધો એ વાતનો મુખ્ય ભાર અંતે તો વધસ્તંભ પરના તેમના મરણ પર જ આપવામાં આવે છે. તે આપણાં પાપોની માફી પ્રાપ્ત કરવાનું કારણ બન્યા, અને તેમના લીધે જ આપણે ઈશ્વરના કુટુંબમાં ફરીથી પ્રવેશ પામીએ છીએ (યોહાન ૩:૧૬). બીજા શબ્દોમાં કહીએ તો જ્યારે મોટા ભાગના ખ્રિસ્તીઓ ઈસુ વિશે વિચાર કરે છે, ત્યારે તેઓ વધસ્તંભ વિશે વિચાર કરે છે. તે સમયે તેઓ એક વાતને ચૂકી જાય છે.

વધસ્તંભની વાતને લીધે ઈશ્વર ઈસુના રૂપમાં માણસ બન્યા એ વાસ્તવિકતા ક્યાંક ખોવાઇ જાય છે. મોટા ભાગના ખ્રિસ્તીઓને એ વાતનું ભાન હોતું નથી કે ઈશ્વરે ઘણાં કારણોને લીધે માણસ બનવું *જરૂરી હતું* : જૂના કરારના દરેક કરારોને પૂરા કરવા, અને અગાઉ આપણે જે આત્મિક બંડ વિશે વાત કરી તેને ઉલટાવી નાખવા માટે ઈશ્વરે માણસ બનવું જરૂરી હતું.

ઈશ્વરે માણસજાતનો નાશ કરવાનો અને પોતાની અગાઉની યોજનાને પડતી મૂકવાનો નકાર કર્યો, તેના લીધે માણસો ઈશ્વરની સાથે સદાકાળ માટે રહી શકશે એ આશા જીવંત રહી છે. ઈસુ માણસજાતની પાસે આવ્યા, તેમને માફી આપી અને તેમની સાથેનો સંબંધ જાળવી રાખ્યો. તેઓ ઈશ્વર પર વિશ્વાસ કરે અને ઈશ્વરની તથા બીજા માણસોની સાથે સંપમાં રહીને તેમનો વિશ્વાસ પ્રગટ કરે એવી ઈશ્વરની ઇચ્છા હતી. પરંતુ ઈશ્વરના બાળકોએ દરેક વાર ઈશ્વરનો નકાર કર્યો. એ તો જાણે એમ લાગે કે, "ઈશ્વરે દરેક વાર તેમને એમ કહ્યું કે, તમે હજુ પણ મારી સાથે રહી શકો છો, એ વાત પર વિશ્વાસ કરો અને તમારું મન ક્યાં છે, તે તમારા વર્તન દ્વારા બતાવો" ત્યારે સમસ્યા વધારે વણસી ગઇ. આ વલણને જણાવવા માટે ઈશ્વરે ભટકી ગયેલાં ઘેટાંનું દૃષ્ટાંત આપ્યું છે (યશાયા ૫૩:૬; માથ્થી ૯:૩૬). એ વાત ખરેખર સાચી છે.

પાછલા પ્રકરણમાં મેં નોંધ્યું છે કે પ્રભુના બાળકો પ્રભુ પર વિશ્વાસ કરી શકે તે માટે તેમને નવા હૃદયોની અને ઈશ્વરની હાજરીની જરૂર હતી. તેમણે તેમની પોતાની જાતથી અને તેમને પ્રેમ કરનાર ઈશ્વર સાથેના અનંતજીવન

વગરના મુકામથી છુટવાની જરૂર હતી. પ્રભુ પોતાના કરારને માન આપે, મરણના શ્રાપને ઉલટાવીને આશીર્વાદમાં બદલી નાખે, અને પોતાના લોકોને તેમના વિશ્વાસમાં આગળ વધવા માટે મદદરૂપ થાય એવો એક માર્ગ હોવો જ જોઇએ.

આ સઘળી સમસ્યાઓ માટે ઈશ્વરે કરેલો ઉકેલ મહત્વપૂર્ણ હતો. ઈશ્વર માણસ બન્યા. તેમણે માણસજાત સાથે જોડાવાનો નિર્ણય કર્યો. *અહી આપણી વાતમાં ઈસુનો પ્રવેશ થાય છે.* ઈસુ ઈશ્વર હોવા છતાં માણસ બન્યા (યોહાન ૧:૧; ૧૪-૧૫; કલોસ્સીઓને પત્ર ૧:૧૫-૨૦; ૨:૬-૯). ઈસુ આ સઘળી અડચણોને દૂર કરવાનો ઉકેલ બની ગયા.

માણસજાતને બદલે મરણ પામવા દ્વારા જ મરણનો શ્રાપ ઉલટાવીને આશીર્વાદરૂપ બનાવી શકાય તેમ હતો. તેનો અર્થ એ છે કે આ મરણ પછી પુનરુત્થાન થવું જ જોઇએ અને ફક્ત ઈશ્વર જ એમ કરી શકે છે. *એદનવાડીથી જે સમસ્યા ઊભી થઈ તેનો ઉકેલ ઈસુ પોતે હતા.*

શું તમને ઇબ્રાહિમ સાથેનો ઈશ્વરનો કરાર યાદ છે? ઈશ્વરે અલૌકિક રીતે હસ્તક્ષેપ કરીને ઇબ્રાહિમ અને સારાને પુત્ર આપ્યો હતો. એ તો ઇસ્રાએલ દેશની શરૂઆત હતી. ઈશ્વરે ઇબ્રાહિમને કહ્યું હતું કે તેના સંતાનોમાંનું એક સંતાન બાબિલ આગળ જે દેશોને ઈશ્વરે તજી દીધા હતા તેમને આશીર્વાદિત કરશે. પણ એક સામાન્ય માણસ તે કેવી રીતે કરી શકે? ફક્ત ઈશ્વર પોતે જ ઇબ્રાહિમના વફાદાર સંતાન તરીકે ઇસ્રાએલ સિવાયના બીજા દેશોને આશીર્વાદિત કરવાના કરારનું વચન પૂરું કરી શકે છે. *ઈબ્રાહિમનું તે સંતાન ઈસુ હતા* (માથ્થી ૧:૧; લૂક ૩:૩૪). ત્યજી દેવાયેલા દેશો ("વિદેશીઓ") ઈશ્વરના કુટુંબમાં ફરીથી જોડાઇ શકે તે માટે જે સંતાનનું વચન આપવામાં આવ્યું હતું તે સંતાન તો ઈસુ હતા (ગલાતેઓને પત્ર ૩:૧૬-૧૮; ૨૬:૨૯). *ઈબ્રાહિમના કરારને પૂરો કરવાનો ઉકેલ તો ઈસુ હતા.*

ઈસુ દાઉદનું સંતાન પણ હતા, તેથી તે કાયદેસરના રાજા હતા (માથ્થી ૧:૧; લૂક ૧:૩૨; રોમનોને પત્ર ૧:૩). *ઈસુ દાઉદ સાથે કરેલા કરારને પૂરો કરવાનો ઉકેલ હતા.* ઈસુ કાયદેસર રીતે તે કુળના હતા અને ઈશ્વરને સંપૂર્ણપણે વફાદાર હતા. તેમણે ક્યારેય ઈશ્વરની આજ્ઞાનો અનાદર કર્યો નહોતો. તેમણે ક્યારેય પાપ કર્યું નહોતું (૨ કરિંથીઓને પત્ર ૫:૧૨; હિબ્રૂઓને પત્ર ૪:૧૫; ૧ પિતરને પત્ર ૨:૨૨). તેમણે ક્યારેય પાપ કર્યું નહોતું તે વાસ્તવિકતાનો અર્થ એ છે કે તેઓ ઈશ્વરના નિયમના હેતુનું અને સિનાય આગળ કરવામાં આવેલા કરારનું સંપૂર્ણ ઉદાહરણ હતા. ઈસુ ઈશ્વરની પ્રતિમા છે (૨ કરિંથીઓને પત્ર ૪:૪; કલોસ્સીઓને પત્ર ૧:૧૫). કેવી રીતે ઈશ્વરની પ્રતિમા બનવું તેનું ઉદાહરણ તો ઈસુ છે; આપણે ઈસુના ઉદાહરણને અનુસરીએ એવી ઈશ્વરની ઇચ્છા છે (૧ પિતરનો પત્ર ૨:૨૧).

ઈશ્વર માણસ બન્યા તે વિચાર સમજવો અઘરો છે. ઈશ્વર માણસ બની શકે કેમ કે તે એક કરતાં વધારે વ્યક્તિ છે. ઈશ્વર ત્રણ વ્યક્તિ છે જે તેમના સ્વભાવમાં સંપૂર્ણપણે એક જ છે. બાઈબલ આ ત્રણ વ્યક્તિની ઓળખ ''પિતા'', ''પુત્ર'' અને પવિત્ર આત્મા તરીકે આપે છે. ખ્રિસ્તીઓ તેમને ત્રિએક કહે છે. ''ઈશ્વર પુત્ર'' ઈસુ તરીકે માણસ બન્યા (યોહાન ૧:૧; ૧૪-૧૫). ''ઈશ્વર માણસ બન્યા'' એ કાર્ય માટે ઈશ્વરવિદ્યાના શાસ્ત્રીઓ *અવતાર* શબ્દનો પ્રયોગ કરે છે. ઈશ્વર પિતા પોતાના કરારોને પૂરા કરવા માટે જે માણસ પર ભરોસો રાખી શકે તે માણસ તો ઈસુ જ હતા.

મેં અગાઉ જે વાત કરી તે કદાચ તમને યાદ હશે કે, ઈશ્વર ''જગતના મંડાણ અગાઉ'' જાણતા હતા કે માણસજાતને પોતાના કુટુંબમાં પાછા લાવવા માટે તે પોતાના પુત્ર ઈસુને મોકલી દેશે (એફેસીઓને પત્ર ૧:૧-૧૪; ૧ પિતરનો પત્ર ૧:૨૦). અદ્‌ભુત વાત તો એ છે કે ઈશ્વર માનવીય કુટુંબ પ્રાપ્ત કરી શકે તે માટે પુત્ર માણસ બનવા, દુઃખ સહન કરવા અને મરણ પામવા માટે તૈયાર હતો. આ વાતચીતનું વર્ણન નવા કરારનો એક શાસ્ત્રભાગ આ રીતે કરે છે :

> એ માટે જગતમાં આવતાં જ તે કહે છે, તેં બલિદાન તથા અર્પણની ઇચ્છા રાખી નહિ, પણ મારે સારુ તેં શરીર તૈયાર કર્યું છે...ત્યારે મેં કહ્યું કે, હે દેવ, જો (શાસ્ત્રના પુસ્તકમાં મારા સંબંધી લખેલું છે) તારી ઇચ્છા પૂર્ણ કરવાને હું આવ્યો. (હિબ્રૂઓને પત્ર ૧૦:૫,૭).

એ સારી વાત છે કે ઈશ્વરપુત્ર ઈસુના રૂપમાં જન્મ લેવા માટે તૈયાર હતો. કેમ કે ફક્ત કરારો જ નહિ પરંતુ અલૌકિક બંડને લીધે આવેલા દુઃખો પર વિજય પ્રાપ્ત કરવો એ સઘળું જોખમમાં હતું. આપણે એ વાતને સમજવાની જરૂર છે કે એ બંડને લીધે ઈશ્વરે માણસ બનવું જરૂરી હતું - કેમ કે ઈશ્વર પોતાના માનવીય કુટુંબ સાથે જોડાયા તેનાથી તેમના આત્માને આવવાનો માર્ગ ખુલ્લો થયો.

## *પતન કરતાં વધારે સમાધાન*

ઈશ્વર ઈસુના રૂપમાં માણસ બન્યા તેથી તે મરી શકે તેમ હતા. તે મહત્વનું છે કેમ કે ફક્ત પુનરુત્થાન દ્વારા જ મરણ પર વિજય પ્રાપ્ત કરી શકાય છે. મરણ પામ્યા વગર તમને પુનરુત્થાન પ્રાપ્ત થઈ શકે નહિ. ઈસુ પોતે ઈશ્વર પણ હતા તેથી તેમની પાસે તેમનો જીવ પાછો લેવાનો અધિકાર હતો (યોહાન ૧૦:૧૭-૧૮). ઈસુનું મરણ ઈશ્વરની યોજના હતી તેથી ઈશ્વર જગતના મંડાણ અગાઉથી જાણતા હતા કે તે ઈસુને મરણમાંથી સજીવન કરશે (પ્રેરિતોના કૃત્યો ૨:૨૩-૨૪, ૩૨; ૩:૧૫; ૧૦:૪૦; ગલાતીઓને પત્ર ૧:૧).

પુનરુત્થાનને લીધે ઈશ્વરની સાથેની આપણી અલગતાને દૂર કરવામાં આવી છે. મરણ પર વિજય મેળવવામાં આવ્યો છે. એ તો એદનવાડીમાં થયેલા બંડની અસરો હતી. સર્પે (એટલે કે, શેતાને) આદમ અને હવાનું પરીક્ષણ

કર્યું ત્યારબાદ આવેલી સમસ્યાઓનો ઉકેલ લાવવામાં આવ્યો હતો. જે કોઇ વ્યક્તિ એવો વિશ્વાસ કરે છે કે ઈસુનું મરણ અને પુનરુત્થાન આપણને પાપોની માફી અને અનંતજીવન પૂરું પાડે છે તે સદાકાળ ઈશ્વરના કુટુંબમાં રહેશે (રોમનોને પત્ર ૪:૧૬-૨૫; ૮:૧૦-૧૧; ૧૦:૯-૧૦; ૧ કરિંથીઓને પત્ર ૬:૧૪).

મરણમાંથી પુનરુત્થાન પામ્યા બાદ ઈસુએ સ્વર્ગમાં ("ચઢી") જવું જરૂરનું હતું. ઈસુ સ્વર્ગમાં ચઢી ગયા અને ઈશ્વર પિતાને જમણે હાથે રાજ્યાસન પર બેઠા છે (માર્ક ૧૬:૧૯; યોહાન ૨૦:૧૭; કલોસ્સીઓને પત્ર ૩:૧; હિબ્રૂઓને પત્ર ૧૨:૨). આ કાર્ય તો વિશ્વાસીઓમાં નિવાસ કરવા માટે પવિત્ર આત્માને મોકલી દેવાનો પૂર્વસંકેત હતો (પ્રેરિતોના કૃત્યો ૨:૩૩; રોમનોને પત્ર ૮:૯-૧૧). પવિત્ર આત્મા આવી શકે તે માટે ઈસુએ જવું જરૂરનું હતું (યોહાન ૧૪:૨૫-૨૬; ૧૫:૨૬; ૧૬:૭; લૂક ૨૪:૪૯).

પવિત્ર આત્માનું આગમન તો યર્મિયા અને હઝકિયેલે કરેલા નવા કરારના વર્ણનની પરિપૂર્ણતા હતી (યર્મિયા ૩૧:૩૧-૩૪; હઝકિયેલ ૩૬:૨૨-૨૮). પવિત્ર આત્મા દુષ્ટતા પર વિજય અપાવે છે (ગલાતીઓને પત્ર ૫:૧૬-૧૭), અને તેના કાર્યો ઈસુ કરતાં "મોટાં" છે (યોહાન ૧૪:૧૨). ઈસુ જાણતા હતા કે તેમનું મરણ અને પુનરુત્થાન નવા કરારની પરિપૂર્ણતાની ચાવી છે. તેથી જ ઈસુએ છેલ્લા ભોજન વખતે તેમના શિષ્યોને કહ્યું હતું કે તેમનું રક્ત "કરારનું રક્ત" છે, જે લોકોને માટે વહેવડાવવામાં આવે છે (માથ્થી ૨૬:૨૮; માર્ક ૧૪:૨૪; લૂક ૨૨:૨૦). ઈસુ સ્વર્ગમાં ચઢી ગયા અને તેમના આત્માને પૃથ્વી પર મોકલી દેવામાં આવ્યો ત્યારબાદ માણસજાત દુષ્ટતા આગળ લાચાર નથી.

માનવીય કુટુંબની સમસ્યાઓ, વારંવારની નિષ્ફળતાઓ અને બંડનું સમાધાન તો એ હતું કે ઈસુએ માણસ બનીને કરારની બધી જ શરતોને જાતે પૂરી કરવાની હતી.

આ પુસ્તકની શરૂઆતમાં જ મેં જે મુખ્ય પ્રશ્ન પૂછયો હતો તેને યાદ કરો : ઈશ્વર શું ઇચ્છે છે? ઈશ્વર *તમને* ઇચ્છે છે, અને સદાકાળ માટે તમને પોતાની પાસે રાખી શકે તે માટે મરણ તથા પાપની સમસ્યાનું સમાધાન કરવા અને માણસજાત સાથે કરેલા પોતાના કરારોને પૂરા કરવા માટે તેમણે પોતાના પુત્ર ઈસુને મોકલી દીધા છે. પોતાનું એક માનવીય કુટુંબ હોય એવી ઈશ્વરની ઇચ્છા છે. બીજો કોઇ માર્ગ નહોતો. સુવાર્તાને આપણા વર્તન સાથે કોઇ સંબંધ નથી તેના ઘણાં કારણો છે - એટલે કે, આપણે આપણા પોતાના પ્રયત્નો દ્વારા ઈશ્વરનો પ્રેમ તથા તારણ પ્રાપ્ત કરી શકતા નથી. એ ઘણાં કારણોમાંનું આ સૌથી મોટું કારણ છે. આપણું અપૂર્ણ વર્તન પર્યાપ્ત છે એવો વિચાર કરવો પાગલપન છે. જો આપણે આપણા પોતાના વર્તન દ્વારા તારણ પામી શકતાં હોત તો ઈસુના આગમન, મરણ અને પુનરુત્થાનની કોઇ જરૂર જ ન હોત.

## *શેતાન અને તેના મિત્રો : બુદ્ધુ અને મૂર્ખ?*

આ વાતમાં બીજો એક વણાંક છે અને હું નથી ઇચ્છતો કે તેને તમે ચૂકી જાઓ. મને યાદ છે કે મને એક કરતાં વધારે વાર આ વિચાર આવ્યો હતો, અને તમે પણ કદાચ એવો જ વિચાર કરી રહ્યા હશો, કે જો ઈસુના મરણ અને પુનરુત્થાનને લીધે શેતાને જે કર્યું હતું તેની અસરોને ઉલટાવી નાખવામાં આવી છે, જગતમાંની દુષ્ટતાને અવરોધવામાં આવી છે અને બીજા દેશોના પડકારરૂપ દેવોનો અધિકાર લઇ લેવામાં આવ્યા છે તો પછી *શા માટે શેતાન અને બીજા અશુદ્ધ આત્માઓ ઈસુને મારી નાખી શક્યા?* એ તો મૂર્ખતાભરેલી વાત લાગે છે.

તેના વિશે વિચાર કરો. ઈશ્વરની યોજનામાં રહેલું ઈસુનું મરણ તેમની યોજનાનો મુખ્ય ભાગ હતું, કેમ કે મરણ પર વિજય મેળવનાર પુનરુત્થાન પ્રાપ્ત કરવા માટે મરણ પામવું જરૂરી હતું. જો ઈસુનું કાર્ય પૂરું ન થયું હોત તો ઈસુ ઈશ્વર પિતા પાસે પાછા જઇ શક્યા ન હોત અને જો એમ ન થયું હોત તો દુષ્ટતાને દૂર કરવા માટે પવિત્ર આત્મા ન આવ્યો હોત. જો શેતાન અને અંધકારના બીજા અધિકારીઓએ ઈસુને છોડી દીધા હોત તો *ઈશ્વરની યોજના નિષ્ફળ ગઈ હોત.* શું તેઓ અલૌકિક પણ મૂર્ખ છે?

આ મુદ્દા વિષે મેં ઘણું લખ્યું છે. તે પ્રભાવશાળી છે. વાસ્તવમાં તો નવો કરાર આ પ્રશ્નનો ઉત્તર આપે છે. ઈસુએ જે સુવાર્તા આપી હતી તેના વિશે વાત કરતાં પાઉલ પ્રેરિત એમ કહે છે,

> પણ દેવનું જ્ઞાન, એટલે જે ગુપ્ત રખાયેલું જ્ઞાન અનાદિકાળથી દેવે આપણા મહિમાને સારુ નિર્માણ કર્યું હતું, તેની વાત અમે મર્મમાં બોલીએ છીએ. આ જમાનાના અધિકારીઓમાંના કોઇને તે જ્ઞાનની ખબર નથી; કેમ કે જો તેઓને તેની ખબર હોત તો તેઓ મહિમાવાન પ્રભુને વધસ્તંભે ન જડત (૨ કરિંથીઓને પત્ર ૨:૭-૮).

આત્મિક જગતના દુષ્ટ સભ્યો માટે બીજા કેટલાક શાસ્ત્રભાગોમાં પાઉલ "અધિકારીઓ" શબ્દનો પ્રયોગ કરે છે (એફેસીઓને પત્ર ૩:૧૦; ૬:૧૨; કલોસ્સીઓને પત્ર ૧:૧૬). મુદ્દો તો સરળ છે કે : *શેતાન, અશુદ્ધ આત્માઓ અને દેવના હરીફ દીકરાઓ ઈશ્વરની યોજનાને જાણતા નહોતા.* ઈસુએ જ્યારે તેમની સેવાની શરૂઆત કરી ત્યારે ઈસુ કોણ છે તે તેઓ ચોક્કસપણે જાણતા હતા. તેમણે ઈસુને "દેવનો દીકરો" અને "દેવનો પવિત્ર" એવું સંબોધન કર્યું હતું (માથ્થી ૪:૧-૧૧; ૮:૨૯; માર્ક ૧:૧૨-૧૩, ૨૧-૨૪; ૩:૧૧; લૂક ૪:૧-૧૩, ૩૧:૩૭; ૮:૨૮). જૂનો કરાર સ્પષ્ટપણે જણાવે છે કે ઈશ્વર એદનવાડીની મૂળ યોજના મુજબ રાજ કરવા માટે માનવીય કુટુંબની ઇચ્છા રાખતા હતા. શેતાન અને તેના મિત્રો એ અનુમાન કરી શક્યા નહિ કે ઈસુ આ પૃથ્વી પર તેમની યોજનાને પૂરી કરવા માટે આવ્યા હતા. તેઓ જાણતા નહોતા કે ઈસુ કેવી રીતે પોતાની યોજનાને પૂરી કરશે. તેથી તેમની દૃષ્ટિમાં ઈસુને મારી નાખવાનું કાર્ય તાર્કિક રીતે સારું લાગ્યું. પરંતુ એ કાર્ય તો સઘળી બાબતોની ચાવી બની ગયું. ઈશ્વરે તેમને મૂર્ખ બનાવ્યા.

ઈશ્વર પોતાના અલૌકિક શત્રુઓ કરતાં કેટલા વધારે હોંશિયાર છે એ સમજવું ખૂબ જ સરળ છે. પણ આપણે એક વાતને ભૂલી જવી જોઇએ નહિ કે ઈશ્વર શેતાન અને અશુદ્ધ આત્માઓને મૂર્ખ દેખાડવા માટે માણસજાતની સાથે જોડાયા નહોતા. પરંતુ ઈશ્વર *તમને* પોતાના કુટુંબના સભ્ય તરીકે ઇચ્છે છે, તેથી તેમણે આ કાર્ય કર્યું હતું. તેમને બીજા કોઇ હેતુની જરૂર નહોતી. એ હેતુ તો તમે પોતે છો.

પણ વાતમાં હજુ આગળ ઘણું છે. ઈસુએ તો તેમનું કાર્ય પૂરું કરી દીધું. પરંતુ હવે એક સરળ પરંતુ મહત્વના કારણ માટે આત્માના કાર્ય પર ધ્યાન આપવાની જરૂર છે - એ વાત તો બની શકે એટલા વધારે લોકોને ઈશ્વરના કુટુંબના સભ્યો બનાવવા માટે ઈશ્વરને મદદરૂપ થવાના આપણા કાર્ય સાથે સંકળાયેલી વાત છે.

# પ્રકરણ ૫

# ઈશ્વર પોતાના કુટુંબને આગળ વધારે છે

મેં અગાઉના પ્રકરણમાં જણાવ્યું છે કે પવિત્ર આત્માનું આગમન તો યર્મિયા અને હઝકિયેલે નવા કરાર માટે જે પ્રબોધવાણીઓ કરી હતી તેની પરિપૂર્ણતા છે (યર્મિયા ૩૧:૩૧-૩૪; હઝકિયેલ ૩૬:૨૨-૨૮). પવિત્ર આત્માની સેવા દરેક વિશ્વાસી વ્યક્તિના જીવનમાં દુષ્ટતા પરના વિજયને શક્ય બનાવે છે. તેને દેવના પતિત થયેલા દીકરાના મોં પર તમાચો માર્યો હોય એ રીતે વિચારો. પરંતુ બીજા અલૌકિક ખલનાયકો પર તો તે સીધો હુમલો છે.

આત્માનું આગમન તો ઈશ્વરે જે દેશોને બીજા દેવોને વહેંચી દીધા હતા તે દેશોમાં રહેલા દેવના દીકરાઓના આત્માઓની સામે ઘુસણખોરીના અભિયાનની શરૂઆત છે (પુનર્નિયમ ૩૨:૮) - એ અલૌકિક વ્યક્તિઓ તો ઈશ્વરની સેવા કરવામાં ખામીયુક્ત માલૂમ પડયા હતા, ભ્રષ્ટ થયા હતા, અને તેમના અધિકાર હેઠળના લોકોનો દુરુપયોગ કર્યો હતો (ગીતશાસ્ત્ર ૮૨).

ઈસુ આ સઘળી વાત જાણતા હતા. નવા કરારના પુસ્તકો વાંચતી વખતે આપણે પુનરુત્થાન પછીની વાતના પુસ્તકોને આદત મુજબ ધ્યાનથી વાંચતા નથી (જેમ કે, પ્રેરિતોના કૃત્યો અને પ્રકટીકરણનું પુસ્તક).

## *અંતની શરૂઆત*

ઈસુના સ્વર્ગારોહણ થયા બાદ પવિત્ર આત્માના આગમનની ઘડીઓ ગણાવા લાગી (યોહાન ૧૪:૨૬; ૧૫:૨૬; ૧૬:૭; લૂક ૨૪:૪૯). પુનરુત્થાન પામેલા ઈસુ પૃથ્વી પર હતા ત્યારે તેમણે તેમના શિષ્યોને જણાવ્યું હતું કે તેમના ગયા પછી પવિત્ર આત્માનું આગમન થશે :

> ''તેણે તેઓની સાથે ભેગા થઈને તેઓને આજ્ઞા કરી કે, યરૂશાલેમથી જતા ના, પણ બાપનું જે વચન તમે મારા મુખથી સાંભળ્યું છે તેની વાટ જોતા રહેજો; કેમ કે યોહાને પાણીથી બાપ્તિસ્મા કર્યું ખરું; પણ થોડા દિવસ પછી તમે પવિત્ર આત્માથી બાપ્તિસ્મા પામશો...પણ પવિત્ર આત્મા તમારા પર આવશે ત્યારે તમે સામર્થ્ય પામશો; અને યરૂશાલેમમાં, આખા યહૂદિયામાં, સમરૂનમાં તથા પૃથ્વીના છેડા સુધી તમે મારા સાક્ષી થશો.'' (પ્રેરિતોના કૃત્યો ૧:૪-૫; ૮)

જો તમે પ્રેરિતોના કૃત્યોને વાંચશો તો ઈસુ કઇ વાતની આગાહી કરી રહ્યા છે એ વાતને જાણવા માટે વધારે લાંબો સમય લાગશે નહિ. ઈસુ સ્વર્ગમાં ચઢી ગયા (પ્રેરિતોના કૃત્યો ૧:૯-૧૧) પછી આપણે જોઇએ છીએ કે બીજા અધ્યાયમાં પવિત્ર આત્મા પરાક્રમી રીતે ઉતરી આવે છે.

> પચાસમાનો દિવસ આવ્યો, તે વખતે તેઓ સર્વ એક સ્થળે એકઠા થયા હતા. ત્યારે આકાશમાંથી એકાએક ભારે આંધીના ઘુઘવાટ જેવો અવાજ આવ્યો, અને તેઓ જ્યાં બેઠા હતા તે આખું ઘર ગાજી રહ્યું. અગ્નિના જેવી છૂટી છૂટી પડતી જીભો તેઓના જોવામાં આવી; અને તેઓમાંના દરેક ઉપર એક એક બેઠી. તેઓ સર્વ પવિત્ર આત્માથી ભરપૂર થયા, અને આત્માએ જેમ તેઓને બોલવાની શક્તિ આપી તેમ તેઓ અન્ય ભાષાઓમાં બોલવા લાગ્યા. (પ્રેરિતોના કૃત્યો ૨:૧-૪)

ત્યારબાદ પવિત્ર આત્માએ ઈસુના શિષ્યોને અન્ય ભાષાઓમાં બોલવાની શક્તિ આપી તે આપણે જાણીએ છીએ. તેઓ આખા જગતના યહૂદી લોકોને ઈસુના મરણ અને પુનરુત્થાનની વાત કહેવા લાગ્યા. ઇસ્રાએલીઓને બીજા દેશોમાં "યહૂદીઓ" તરીકે ઓળખવામાં આવતા હતા અને જૂના કરારમાં બંદીવાસનો જે સમય આવ્યો ત્યારબાદ તેઓ આખા જગતમાં વિખેરાઇ ગયા હતા. જે યહૂદીઓએ ઈસુના શિષ્યોને તેમની પોતાની ભાષામાં બોલતા સાંભળ્યા તે યહૂદીઓ જૂના કરારના ઇસ્રાએલીઓના સંતાનો હતા. તેઓ ઇસ્રાએલીઓના ધાર્મિક કેલેન્ડર પ્રમાણેના પવિત્ર પર્વોમાંનું એક પર્વ પાળવા માટે યરૂશાલેમમાં આવ્યા હતા.

યરૂશાલેમમાંનાં જે લોકોએ ઈસુના શિષ્યોને અન્ય ભાષાઓમાં બોલતા સાંભળ્યા તેમણે તેમને પીધેલા કહ્યા હતા. આ માણસો અચાનક જ બીજી ભાષાઓમાં બોલવા લાગે તે શક્ય લાગતું નહોતું. પણ ત્યારે પ્રેરિત પિતરે તેમને એ વાતનું હાર્દ જણાવ્યું હતું. પ્રામાણિકપણે વાત કરીએ તો તેણે તેમને પણ પવિત્ર આત્મા પ્રાપ્ત કરવાની વાત કરી હતી.

"ત્યારે અગિયારની સાથે પિતરે ઊભા થઇ ઊંચે સ્વરે કહ્યું કે, યહૂદિયાના માણસો તથા યરૂશાલેમના રહેવાસીઓ, તમે સર્વ આ જાણી લો, અને મારી વાતોને કાન દો. આ માણસો પીધેલા છે એમ તમે ધારો છો, પણ એમ નથી; કેમ કે હજી તો દિવસનો પહેલો જ પહોર છે; પણ એ તો યોએલ પ્રબોધકે જે કહ્યું હતું તે જ છે; એટલે કે દેવ કહે છે કે, પાછલા દિવસોમાં એમ થશે કે, હું સર્વ માણસો પર મારો આત્મા રેડી દઇશ : અને તમારા દીકરા તથા તમારી દીકરીઓ પ્રબોધ કરશે, તમારા જુવાનોને સંદર્શનો થશે, અને તમારા વૃદ્ધોને સ્વપ્નો આવશે; વળી તે સમયે હું મારા દાસો પર તથા મારી દાસીઓ પર મારો આત્મા રેડી દઇશ; અને તેઓ પ્રબોધ કરશે; વળી હું ઉપર આકાશમાં અદ્ભુત કામ, તથા નીચે પૃથ્વી પર ચમત્કારો દેખાડીશ; લોહી તથા અગ્નિ તથા ધુમાડાના ગોટેગોટા દેખાડીશ...તે સમયે એમ થશે કે જે કોઇ પ્રભુને નામે પ્રાર્થના કરશે તે તારણ પામશે. હે ઇસ્રાએલી માણસો, તમે આ વાતો સાંભળો : ઈસુ નાઝારી, જેની મારફતે દેવે તમારામાં જે પરાક્રમો તથા આશ્ચર્યો તથા ચમત્કારો કરાવ્યાં, જે વિષે તમે પોતે પણ જાણો છો, તેઓ વડે તે માણસ દેવને પસંદ પડેલો છે, એવું તમારી આગળ સાબિત થયું

છતાં, દેવના સંકલ્પ તથા પૂર્વજ્ઞાન પ્રમાણે તેને પરસ્વાધીન કરવામાં આવ્યો, તેને તમે પકડીને દુષ્ટોની હસ્તક વધસ્તંભે જડાવીને મારી નાખ્યો; તેને દેવે મરણની વેદનાથી છોડાવીને ઉઠાડયો; કેમ કે તેનાથી તે બંધાઇ રહે એ અશક્ય હતું...માટે દેવને જમણે હાથે તેને ઉપર લઇ લેવામાં આવ્યો, અને બાપ પાસેથી પવિત્ર આત્માનું વચન પામીને, આ જે તમે જુઓ છો તથા સાંભળો છો, તે તેણે રેડયું છે." (પ્રેરિતોના કૃત્યો ૨:૧૪-૧૯; ૨૧-૨૪, ૩૩)

લોકોએ પોતાની આંખે જે જોયું હતું અને પોતાના કાનોએ સાંભળ્યું હતું  તેના વિષે પિતર વાત કરી રહ્યો હતો કે એ તો દેવના પવિત્ર આત્માના આગમનને લીધે થયેલો ચમત્કાર છે. જે બીનાઓ બની હતી, એટલે કે મસિહ આવ્યા, તેમને મારી નાખવામાં આવ્યા, તે મરણમાંથી સજીવન થયા, અને દરેકે તેમના પર વિશ્વાસ કરવાની જરૂર છે, એ વાત કરવા માટે ઈશ્વરે પોતાનો પવિત્ર આત્મા મોકલ્યો હતો. પિતરે જે સમજણ આપી તેનું પરિણામ અદ્‌ભુત હતું. ત્રણ હજાર લોકોએ માફીને માટે "ઈશ્વરને પોકાર કર્યો" અને તારણ પામ્યા (પ્રેરિતોના કૃત્યો ૨:૪૧).

સામાન્ય રીતે વાતનો મુખ્ય મુદ્દો આ જ છે જયાં પ્રચારક વધસ્તંભ પહેલાંની વાત કરે છે, અથવા વધસ્તંભ વિષેની વાત કરતાં આગળ વધે છે. આ સારો મુદ્દો છે કેમ કે વધસ્તંભ અને પુનરુત્થાનના લીધે આ ક્ષણ આવી હતી. પરંતુ, આપણે ફરીથી આ વાતમાં રહેલો ખૂબ જ મહત્વનો મુદ્દો ચૂકી જઇએ છીએ.

## *અલૌકિક ઘુસણખોરી*

યાદ રાખો કે પ્રેરિતોના કૃત્યોના બીજા અધ્યાયમાં જે બીના બની તે પવિત્ર આત્માના આગમન વિશેની વાત છે. પવિત્ર આત્માનું આગમન તો નવા કરારની નિર્ણાયક વાત હતી - ઈશ્વર માણસજાતને નવા વચનો આપી રહ્યા હતા. ઘણાં ખ્રિસ્તી વિશ્વાસીઓ એ જાણતા નથી કે આ વાતનો અર્થ એ હતો કે ઈશ્વર તેમનો નકાર કરનારા યહૂદીઓ પર જ નહિ, પરંતુ જે દેશોને તેમણે બાબિલના બુરજ આગળ તજી દીધા હતા, તે દેશોના વિદેશીઓ પર પણ પોતાનો હકદાવો કરવાના આત્મિક યુદ્ધની શરૂઆત કરી રહ્યા હતા. *ઈશ્વર પોતાના કુટુંબને આગળ વધારી રહ્યા હતા*, અને તેમના બાળકો ક્યાં રહેતા હતા, તેનાથી તેમને કોઇ જ ફરક પડતો નહોતો. ઈશ્વર તેમને પ્રાપ્ત કરવા માગતા હતા, અને તેથી તેમને બોલાવી રહ્યા હતા.

પ્રેરિતોના કૃત્યોનો જે બીજા અધ્યાયનો શાસ્ત્રભાગ આપણે હમણાં જ વાંચ્યો તે જણાવે છે, કે પવિત્ર આત્મા આંધી અને અગ્નિ સાથે ઉતરી આવ્યો હતો (પ્રેરિતોના કૃત્યો ૨:૨-૩). અગ્નિ અને "ધુમાડો" તો જૂના કરારના સમયમાં ઈશ્વરની હાજરીના દર્શનોની સામાન્ય વાત છે (નિર્ગમન ૧૩:૨૧-૨૨; હઝકિયેલ ૧:૪, ૧૩, ૨૭). ઈશ્વર ક્યારેક "ધુમાડામાં" પ્રગટ થયા હતા (યશાયા ૬:૪, ૬; હઝકિયેલ ૧:૪; અયૂબ ૩૮:૧; ૪૦:૬). જે

યહૂદીઓએ પિતરનો સંદેશો સાંભળ્યો અને પવિત્ર આત્માને આવતાં તેમની નજરે જોયો તેઓ જાણતા હતા કે તારણનો દિવસ આવ્યો છે.

આ દૃશ્યમાં શું થયું હતું તેના વિશે વિચાર કરો. જેમના પૂર્વજો બીજા દેશોમાં વિખેરાઇ ગયા હતા તેથી તેઓ બીજા દેશોમાં રહેતા હતા, એવા ત્રણ હજાર યહૂદીઓ યરૂશાલેમમાં ધાર્મિક પર્વ પાળવા માટે આવ્યા હતા. તેમણે પવિત્ર આત્માના આગમનની સાક્ષી આપી, અને ઈસુ કે જે મસિહ છે અને તેમણે જે કાર્યો કર્યાં હતાં તેની વાત સાંભળી હતી. તેમણે ઈસુ પર વિશ્વાસ કર્યો હતો. તેઓ ઈસુના અનુયાયીઓ એટલે કે ખ્રિસ્તીઓ બન્યા હતા. તમને શું લાગે છે, ત્યારબાદ તેમણે શું કર્યું હતું?

તેઓ ઘરે પરત ફર્યા હતા.

કેમ તે મહત્વનું છે? કેમ કે જે દેશોને ત્યજી દેવામાં આવ્યા હતા તે દેશોમાં હવે ત્રણ હજાર સુવાર્તિકો પહોંચ્યા હતા. તેઓ ગુપ્ત જાસુસો તરીકે બીજા દેવોના અધિકાર હેઠળના પ્રદેશોમાં પહોંચ્યા હતા. તેઓ તો ઈશ્વરના માનવીય કુટુંબના સભ્યોની સંખ્યામાં વૃદ્ધિ કરનારા લોકો હતા. તેઓ આ ચળવળની પ્રથમ તરંગ બન્યા હતા. તેમનું કાર્ય શું હતું? તેમનું કાર્ય પણ ઈસુએ તેમના શિષ્યોને જે કાર્ય સોંપ્યું હતું એ જ કાર્ય હતું : મહાન આદેશ. ખ્રિસ્તીઓ આ વચનોને સારી પેઠે જાણે છે :

> એ માટે તમે જઇને સર્વ દેશનાઓને શિષ્ય કરો; બાપ તથા દીકરા તથા પવિત્ર આત્માને નામે તેઓને બાપ્તિસ્મા આપતા જાઓ; મેં તમને જે જે આજ્ઞા કરી તે સર્વ પાળવાનું તેઓને શીખવતા જાઓ; અને જુઓ, જગતના અંત સુધી હું સર્વકાળ તમારી સાથે છું. (માથ્થી ૨૮:૧૯-૨૦)

પણ ફરીથી એક વાત ચૂકી ગયા. આ તો મહાન આદેશની વાત કરી. પરંતુ ૧૮મી કલમ જણાવવાની તો રહી ગઇ, ઘણીવાર જ્યારે સુવાર્તા પ્રચારના મિશનની વાત કરવામાં આવે છે, ત્યારે લોકો આ કલમ વિશે વાત કરવાનું ચૂકી જાય છે. અહીં ઈસુએ કરેલું સંપૂર્ણ વિધાન આપ્યું છે અને જે મહત્વનું છે તે અક્ષરોને ઘાટા કર્યા છે :

> અને ઈસુએ ત્યાં આવીને તેઓને કહ્યું કે, **આકાશમાં તથા પૃથ્વી પર સર્વ અધિકાર મને અપાયો છે.** એ માટે તમે જઇને સર્વ દેશનાઓને શિષ્ય કરો; બાપ તથા દીકરા તથા પવિત્ર આત્માને નામે તેઓને બાપ્તિસ્મા આપતા જાઓ; મેં તમને જે જે આજ્ઞા કરી તે સર્વ પાળવાનું તેઓને શીખવતા જાઓ; અને જુઓ, જગતના અંત સુધી હું સર્વકાળ તમારી સાથે છું. (માથ્થી ૨૮:૧૯-૨૦)

શું તમને મુખ્ય વાતની સમજ પડી? ઈસુની પાસે આકાશમાં અને *પૃથ્વી* પરની સર્વ બાબતો પર અધિકાર છે. આકાશમાં જે અધિકાર છે એ વાતને સમજવી સરળ છે. ઈસુ સ્વર્ગમાં ચઢી ગયા અને પિતાને જમણે હાથે

બિરાજમાન છે (કલોસ્સીઓને પત્ર ૩:૧; હિબ્રૂઓને પત્ર ૧૨:૨). પરંતુ "પૃથ્વી પર" અધિકાર હોવાનો શો અર્થ છે? આ વાતની સરળતાથી અવગણના કરવામાં આવે છે. પુનરુત્થાન પછી ઈસુનું સ્વર્ગારોહણ થયું એ તો પૃથ્વી પર તે સમયે જેમનો અધિકાર હતો તેમના અધિકારના અંતનુ ચિહ્ન છે. તેઓ કોણ હતા? તેઓ દેવના પતિત થયેલા દીકરાઓ હતા અને દેવે જ્યારે દેશોને ત્યજી દીધા અને તેમને વહેંચી આપ્યા હતા તે દેશો પર નિયુક્ત કરવામાં આવ્યા હતા (પુનર્નિયમ ૩૨:૮).

## *હવે અહીં તમારું કોઈ સ્થાન નથી*

ઈસુનું પુનરુત્થાન અને સ્વર્ગારોહણ એ વાતને સૂચિત કરતું હતું કે દેવના બંડ કરનારા દીકરાઓનો અધિકાર લઈ લેવામાં આવ્યો છે. હવે તેમની પાસે બીજા દેશોના લોકો પર કાયદેસરનો કોઈ અધિકાર નથી. મસીહ ઈસુ ઈબ્રાહિમ અને દાઉદનું સંતાન હોવા છતાં પણ તારણ ફક્ત ઈસ્રાએલીઓ (એટલે કે યહૂદીઓ) માટે જ નથી. ઈસુ દરેક લોકોના મસીહ છે, અને દરેક દેશોના અધિકૃત પ્રભુ છે. ઈસુનું પુનરુત્થાન, સ્વર્ગારોહણ અને પવિત્ર આત્માનું આગમન દેવના પતિત થયેલા દીકરાઓના અધિકારના અંતની શરૂઆતને દર્શાવતું ચિહ્ન છે. તેમણે તેમનો અધિકાર ગુમાવ્યો છે.

તેથી નવા કરારમાં ઈસુના પુનરુત્થાન અને સ્વર્ગારોહણની વાતને અંધકારના અલૌકિક અધિકારીઓના પરાજયની વાત સાથે જોડવામાં આવી છે. જ્યારે દેવે "ઈસુને મૂએલાંમાંથી ઉઠાડયો" (કલોસ્સીઓને પત્ર ૧:૨) ત્યારે આપણા પાપોની માફી આપવામાં આવી હતી (કલોસ્સીઓને પત્ર ૨:૧૩-૧૪) એટલું જ નહિ પરંતુ ઈસુએ "રાજ્યો તથા અધિકારીઓને તોડી પાડીને, વધસ્તંભે તેઓ પર જય મેળવીને તેઓને જાહેર રીતે ઉઘાડાં પાડયાં" (કલોસ્સીઓને પત્ર ૨:૧૫). પાઉલે દેવના પતિત થયેલા અલૌકિક દીકરાઓને માટે "અધિકારીઓ અને અધિપતિઓ" શબ્દોનો પ્રયોગ કર્યો છે, તેઓ જૂના કરારના સમયથી બીજા દેશોના ભૂંડા દેવો બન્યા હતા (રોમનોને પત્ર ૮:૩૮; ૧ કરિંથીઓને પત્ર ૧૫:૨૪; એફેસીઓને પત્ર ૧:૨૧; ૨:૨; ૩:૧૦; ૬:૧૨; કલોસ્સીઓને પત્ર ૧:૧૩).

"અધિકારીઓ અને અધિપતિઓ" એ શબ્દો તો પરાજીત કરવામાં આવેલા અંધકારના અધિકારીઓ માટેનું વર્ણન કરવા માટેના પાઉલના મનપસંદ શબ્દો છે. ઈસુ મરણમાંથી સજીવન થયા પછી "દૂતો, અધિકારીઓ તથા પરાક્રમીઓને પોતાને સ્વાધીન કર્યા પછી આકાશમાં ગયા છે" (૧ પિતરનો પત્ર ૩:૨૨). જ્યારે દેવે ઈસુને સજીવન કર્યા ત્યારે "સર્વ રાજ્યસત્તા, અધિકાર, પરાક્રમ, ધણીપણું અને કેવળ આ કાળમાંનું નહિ, પણ ભવિષ્યકાળમાંનું દરેક નામ જે હોય, એ સર્વ કરતાં ઊંચા કરીને પોતાની જમણી ગમ સ્વર્ગીય સ્થાનોમાં બેસાડયા છે" (એફેસીઓને પત્ર ૧:૨૦-૨૧). "પછી જ્યારે તે દેવ બાપને રાજ્ય સોંપી દેશે, જ્યારે તે સઘળી રાજ્યસત્તા તથા સઘળો અધિકાર તથા પરાક્રમ તોડી પાડશે ત્યારે અંત આવશે" (૧ કરિંથીઓને પત્ર ૧૫:૨૪).

પાઉલે પુનરુત્થાન અને સ્વર્ગારોહણને બીજા દેશો પર નિયુક્ત કરવામાં આવેલા દેવના પતિત થયેલા દીકરાઓના અધિકારના અંતની શરૂઆતના ચિહ્ન તરીકે જોયું હતું. તેણે વિદેશીઓના એટલે કે ત્યજી દેવાયેલા દેશોના લોકોના તારણને આ વાત સાથે જોડી છે, એ કોઇ આશ્ચર્યની વાત નથી. પુનરુત્થાન પામેલા ઈસુ અને પવિત્ર આત્મા વિદેશીઓને તેમના ગુલામ બનાવનાર અને તેમનો દુરુપયોગ કરનાર અંધકારના અધિકારીઓથી છોડાવશે (ગીતશાસ્ર ૮૨:૨-૫).

એ વાતને યાદ કરો કે બાબિલ આગળ દેશોની વહેંચણી કર્યા પછી તરત જ ઈશ્વર ઇબ્રાહિમની આગળ પ્રગટ થયા હતા. તેમણે ઇબ્રાહિમને કહ્યું હતું કે તેનાં સંતાન દ્વારા સર્વ દેશોના લોકો આશીર્વાદિત થશે. વિદેશીઓના પ્રેરિત તરીકે પાઉલ આ વચનને સારી પેઠે જાણતો હતો. તેણે લખ્યું કે વિદેશીઓ પણ દેવની દયાને લીધે દેવનો મહિમા પ્રગટ કરે તે માટે ઈશ્વરે ઇબ્રાહિમ અને તેના સંતાનોને જે વચનો આપવામાં આવ્યા હતા, તેને "ઈસુએ સત્ય ઠરાવ્યાં છે" (રોમનોને પત્ર ૧૫:૮-૯).

પાઉલ આ વાત કરીને અટકી જતો નથી. ઈશ્વર વિદેશી દેશો માટે ક્યારેય હિંમત હારી ગયા નહોતા તે બતાવવા માટે પાઉલ જૂના કરારના વચનોને ટાંકે છે. ઈશ્વર તેમને પણ પોતાના કુટુંબ તરીકે જોવા માગતા હતા. પાઉલ જાણતો હતો કે જૂના કરારમાં મસિહને "યશાઇનો ફણગો" કહેવામાં આવ્યો છે (યશાઇ તો દાઉદનો પિતા હતો) અને તે મસિહ "વિદેશીઓ પર અધિકાર પ્રાપ્ત કરશે અને તેનામાં વિદેશીઓ આશા પામશે" (યશાયા ૧૧:૧૦). પાઉલ જાણતો હતો કે ત્યજી દેવાયેલા દેશો એક દિવસે સાચા ઈશ્વરની આરાધના કરશે (ગીતશાસ્ર ૧૧૭:૧).

જ્યારે પવિત્ર આત્મા ઉતરી આવ્યો અને ૩૦૦૦ લોકોએ ઈસુ પર વિશ્વાસ કર્યો ત્યારે આ કાર્યક્રમ - એટલે કે આત્મિક યુદ્ધના આ આંદોલનની શરૂઆત થઇ હતી (પ્રેરિતોના કૃત્યો ૨). એ નવાં વિશ્વાસીઓ તેમના દેશોમાં પાછા ગયા હતા. હવે અલૌકિક શત્રુ અધિકારીઓના અધિકાર હેઠળના દેશોમાં પણ ઈસુની સુવાર્તાની ઘુસણખોરી થઇ હતી. બાઇબલ એ ઘટનાને "દેવના રાજ્યની વૃદ્ધિ" તરીકે વર્ણવે છે. જ્યારે લોકો તેમને અનંતજીવન ન આપી શકનાર ભ્રષ્ટ અને ભૂંડા દેવો તરફથી ફરી જઇને ઈશ્વરના કુટુંબના સભ્યો બને છે, ત્યારે ઈશ્વરના રાજ્યની વૃદ્ધિ થાય છે. એક રાજ્યનું પતન થાય છે, અને બીજા રાજ્યની વૃદ્ધિ થાય છે.

તેથી એમ કહેવામાં આવે છે કે ઈશ્વરનું રાજ્ય અહી છે...પરંતુ પૂર્ણ રીતે નહિ. ઈશ્વર પોતાના બાળકો પર પ્રેમ રાખીને તેમને પોતાના કુટુંબના સભ્યો બનાવવાના કાર્યને એક ક્ષણ માટે પણ રોકતા નથી. પોતાના કુટુંબની વૃદ્ધિ કરવા માટે દરેક પરિસ્થિતિમાં તેમનો અદૃશ્ય હાથ હંમેશા તેમના બાળકોની સાથે રહીને તેમને બળ અને સામર્થ્ય આપે છે. એક દિવસે ઈશ્વરની યોજના તેની ચરમસિમાએ પહોંચશે. તેમની યોજનાનું આખું વર્તુળ પૂરું થશે. ઈશ્વરના મનમાં અગાઉથી જે યોજના હતી તે મુજબ જ વાતનો અંત થશે.

# પ્રકરણ ૬
# ઈશ્વર સદાકાળ પોતાના કુટુંબની સાથે છે

મેં કેટલાક સ્પષ્ટ મુદ્દાઓની સમજણ આપતાં પાછલા પ્રકરણનો અંત કર્યો છે. ખ્રિસ્ત પુનરુત્થાન પામ્યા છે. તેમણે વધસ્તંભ પર જે કાર્ય કર્યું અને ત્યારબાદ પુનરુત્થાન પામ્યા તે કાર્યો પર વિશ્વાસ કરનાર દરેક વ્યક્તિ અનંતજીવન પામે છે. પણ આપણે ખ્રિસ્તના જે રાજ્યના સભ્યો છીએ (કલોસ્સીઓને પત્ર ૧:૧૩) તે રાજ્ય હજુ સુધી તેના પૂર્ણ રૂપમાં આવ્યું નથી.

એવી રીતે શેતાન અને પતિત થયેલા દેવના દીકરાઓના પરાજય અને નાશ માટેની વાત પણ એટલી જ સાચી છે. તેની પ્રક્રિયા *ચાલુ* થઇ ચૂકી છે, પરંતુ હજુ સુધી તેનો *અંત* આવ્યો નથી. ઈશ્વરના રાજ્યના કોઇપણ સભ્ય ઉપર શેતાન પાસે કોઇ જ દાવો કે માલિકીહક નથી, અને મરણ પર કોઇ અધિકાર નથી. આપણે ઈસુ દ્વારા ઈશ્વરનાં સંતાનો બની ચૂક્યાં છીએ, અને ઈસુએ મરણ પર વિજય મેળવ્યો છે, તેથી આપણને ઈસુ અને ઈશ્વરપિતાની સાથે અનંતજીવનને માટે સજીવન કરવામાં આવશે (રોમનોને પત્ર ૬:૮-૯; રોમનોને પત્ર ૮:૧૧; ૧ કરિંથીઓને પત્ર ૬:૧૪; ૧૫:૪૨-૪૯). "પરંતુ, વાયુની સત્તાના અધિકારી, એટલે જે આત્મા આજ્ઞાભંગના દીકરાઓમાં પ્રબળ છે" (એફેસીઓને પત્ર ૨:૨) તે આજે પણ કાર્યરત છે.

અંધકારના અધિકારીઓની સત્તા લઇ લેવામાં આવી છે, પરંતુ તેઓ હજુ સુધી આધિન થયા નથી. તેઓ હારેલા હોવા છતાં પણ હજુ સુધી યુદ્ધ લડી રહ્યા છે. જે કોઇ વ્યક્તિ ઈસુ દ્વારા પ્રાપ્ત થતા તારણને સ્વીકારે છે, તેને "અંધકારના અધિકારમાંથી છોડાવીને ઈશ્વરના પ્રિય પુત્રના રાજ્યમાં લાવવામાં આવ્યા છે" (કલોસ્સીઓને પત્ર ૧:૧૩). ઈશ્વરનું રાજ્ય વૃદ્ધિ પામતું જાય છે, અને અંધકારનું રાજ્ય ઘટતું જાય છે.

ભવિષ્ય તરફ લક્ષ રાખવાને બદલે જગતના દુઃખો અને ભૂંડાઇમાં ખોવાઇ જવું સરળ છે. કેટલીકવાર એ યાદ રાખવું કઠિન બની જાય છે કે ઈસુએ "આપણાં પાપને સારુ પોતાનું સ્વાર્પણ કર્યું એ માટે કે આપણા દેવ તથા બાપની ઇચ્છા પ્રમાણે, તે આપણને હાલના ભૂંડા જગતમાંથી છોડાવે" (ગલાતીઓને પત્ર ૧:૪).

બાઇબલ આ દ્વિધાનો નકાર કરતું નથી. બાઇબલ તો પ્રામાણિકપણે તેના વિશે વાત કરે છે. "કેમ કે હું એમ માનું છું કે, જે મહિમા આપણને પ્રગટ થનાર છે, તેની સાથે આ વખતનાં દુઃખો સરખાવવા જોગ નથી. કેમ કે સૃષ્ટિની ઉત્કંઠા દેવનાં છોકરાંના પ્રગટ થવાની વાટ જોયાં કરે છે. કારણ કે સૃષ્ટિ પોતાની ઇચ્છાથી નહિ, પણ સ્વાધીન કરનારની ઇચ્છાથી વ્યર્થપણાને સ્વાધીન થઇ; પણ તે એવી આશાથી સ્વાધીન થઇ કે સૃષ્ટિ પોતે પણ નાશના દાસત્વમાંથી મુક્ત થઇને દેવનાં છોકરાંના મહિમાની સાથે રહેલી મુક્તિ પામે" (રોમનોને પત્ર ૮:૧૮-૨૧).

## *વાતનો આશ્ચર્યકારક મુદ્દો*

હું આ વાતના અદ્‌ભુત અંત પર તમારું ધ્યાન દોરવા માગું છું. તમે જાણો છો કે દરેક ઐતિહાસિક મહાન વાતનો અંત યાદગાર હોય છે. બાઇબલની વાત પણ અપવાદરૂપ નથી. (જો તમે વીણા અને વાદળોની અપેક્ષા રાખો છો તો તમે નિરાશ થશો).

આપણે આપણી પોતાની વિચારસરણી મુજબ બાઇબલની વાતના અંતના કાર્યની પ્રક્રિયાનો વિચાર કરીએ છીએ. ઉદાહરણ તરીકે, આપણે મરણ નહિ પરંતુ અનંતજીવન પ્રાપ્ત કરીશું. તે રોમાંચક લાગે છે, પરંતુ "અનંતજીવન" વિશે વધારે કહેવામાં આવ્યું નથી. એ તો ગુણવત્તાનું નહિ પરંતુ માત્ર સમયગાળાનું વર્ણન છે.

જ્યારે આપણે વાતના અંત તરીકે આપણા મનોમાં નવી વૈશ્વિક એદનવાડીમાંના જીવન વિશેની વાતનો વિચાર કરીશું ત્યારે આપણને અનંતજીવનની ગુણવત્તા જાણવા મળશે. બાઇબલનું છેલ્લું પુસ્તક પ્રકટીકરણ એદનવાડીની કલ્પના સાથે વાતનો અંત કરે છે (પ્રકટીકરણ ૨૧-૨૨). ત્યાં ઈશ્વર છે. સ્વર્ગ પૃથ્વી પર ઉતરી આવ્યું છે. ઈસુ ત્યાં છે. ત્યાં જીવનનું વૃક્ષ છે. આ એદનવાડી તો મૂળ એદનવાડી કરતાં સારી છે. ભૂંડાઇ દૂર કરવામાં આવી છે. હવે જગતમાં બંડ થશે નહિ. આખું જગત સંપૂર્ણપણે શ્રેષ્ઠ બનાવવામાં આવ્યું છે. છોડવા, પ્રાણીઓ અને માણસોમાં મરણ કે રોગ નથી. કોઇ શિકાર કે હિંસા થશે નથી. એ તો આપણે જેની ક્યારેય અપેક્ષા કરી નથી એવું જીવન હશે.

"એદનવાડી વિશેનો દૃષ્ટિકોણ" આપણને બાઇબલ જે વાતની ચરમસિમા પર ભાર મૂકે છે તેના તરફ લઇ જાય છે. મેં અગાઉ નોંધેલ રોમનોને પત્ર ૮નો શાસ્ત્રભાગ આપણી વિચારસરણીને ઈશ્વરની યોજનાની ટોચની પરાકાષ્ઠા એટલે કે : દેવનાં છોકરાંના પ્રગટ થવાની અને... દેવનાં છોકરાંના મહિમાની" વાત સાથે એકરૂપ કરે છે. હા, સૃષ્ટિ પોતે નવી થવાની ઉત્કંઠા રાખે છે, પરંતુ એ છુટકારો ઈશ્વરના માનવીય કુટુંબના મહિમાવંત થવા સાથે જોડાયેલો છે.

બીજા શબ્દોમાં કહીએ તો ઈશ્વર જે કાર્ય કરી રહ્યા છે તેનો અંત આપણા દ્વારા આવશે. તેમનાં બાળકો તરીકેની *આપણી પદવી* કાયમ માટે તેમની હાજરીમાં ગોઠવાઇ જશે અને એ જ તો બાઇબલની વાતનો મુખ્ય ભાગ છે. આપણે જ્યાં રહીશું તેનું દશ્ય અદ્‌ભુત છે તેમાં કોઇ સંદેહ નથી. પ્રકટીકરણના પુસ્તકમાં જણાવેલ નવી એદનવાડીનું અંતિમ દર્શન આપણને એ વાત જણાવે છે :

> પછી મેં નવું આકાશ તથા નવી પૃથ્વી જોયાં : કેમ કે પહેલું આકાશ તથા પહેલી પૃથ્વી જતાં રહેલાં છે; અને સમુદ્ર હવે છે જ નહિ. વળી મેં પવિત્ર નગર, નવું યરૂશાલેમ, દેવની પાસેથી આકાશમાંથી ઊતરતું જોયું, અને જેમ કન્યા પોતાના વરને સારુ શણગારવામાં આવેલી હોય તેમ તે તૈયાર કરેલું હતું. વળી મેં

રાજ્યાસનમાંથી મોટી વાણી એમ બોલતી સાંભળી કે, **જુઓ, દેવનો મંડપ માણસોની સાથે છે, દેવ તેઓની સાથે વાસો કરશે, તેઓ તેના લોકો થશે, અને દેવ પોતે તેઓની સાથે રહીને તેઓનો દેવ થશે.** પ્રકટીકરણ ૨૧:૧-૩

## *સનાતન ઓળખાણ*

"દેવના દીકરાઓનું પ્રગટ થવું...દેવના દીકરાનો મહિમા" એ શબ્દો આપણને એ વાત જણાવે છે કે એક દિવસે આપણને રૂપાંતરિત કરીને ઈસુ જેવા બનાવવામાં આવશે. પ્રેરિત યોહાને કહ્યું છે કે, "વહાલાંઓ, હાલ આપણે દેવનાં છોકરાં છીએ, અને આપણે કેવાં થઈશું, તે હજી સુધી પ્રગટ થયું નથી. આપણે એટલું તો જાણી છીએ કે જ્યારે તે પ્રગટ થશે, ત્યારે તેના જેવાં આપણે થઈશું; કેમ કે જેવો તે છે તેવો આપણે તેને જોઈશું" (૧ યોહાન ૩:૨). બીજા બે શાસ્ત્રભાગોમાં એ જ વિચાર બીજી રીતે જણાવવામાં આવ્યો છે :

> કેમ કે જેઓને તે અગાઉથી જાણતો હતો, તેઓને વિષે તેણે અગાઉથી ઠરાવ્યું પણ હતું કે, તેઓ તેના દીકરાની પ્રતિમા જેવા થાય, જેથી તે ઘણા ભાઈઓમાં જ્યેષ્ઠ થાય (રોમનોને પત્ર ૮:૨૯).

> પણ આપણી નાગરિકતા આકાશમાં છે; ત્યાંથી પણ આપણે તારનારની, એટલે પ્રભુ ઈસુ ખ્રિસ્તની, રાહ જોઈએ છીએ. તે, જે સામર્થ્યથી સર્વને પોતાને આધીન કરી શકે છે, તે પ્રમાણે આપણી અધમવસ્થામાંના શરીરનું એવું રૂપાંતર કરશે કે તે તેના મહિમાવાન શરીરના જેવું થાય (ફિલિપ્પીઓને પત્ર ૩:૨૦-૨૧).

આપણો મુકામ તો ઈશ્વરના સંપૂર્ણ સ્વરૂપ અને પ્રતિમા એટલે કે ઈસુ જેવા બનવાનો છે. તેની પ્રક્રિયા ચાલુ થઈ ચૂકી છે : "પણ આપણે સર્વ ઉઘાડે મુખે જાણે કે આરસીમાં પ્રભુનો મહિમા નિહાળીને પ્રભુના આત્માથી અધિકાધિક મહિમા ધારણ કરતાં તે જ રૂપમાં રૂપાંતર પામીએ છીએ" (૨ કરિંથીઓને પત્ર ૩:૧૮). બાઈબલ પુનરુત્થાન અને રૂપાંતર સાથે આપણી વાતનો અંત કરે છે. આપણને અનંતજીવનને માટે ઉઠાડવામાં આવ્યા છે અને પુનરુત્થાન પામ્યા બાદ જેવું મહિમાવંત શરીર ઈસુનું હતું એવું મહિમાવંત શરીર આપવામાં આવશે. પાઉલ તેને "સ્વર્ગીય શરીર" કહે છે. (૧ કરિંથીઓને પત્ર ૧૫:૩૫-૫૮).

આપણા આખરી મુકામ અને મહિમાવંત થવા વિશેનો મારો મનપસંદ શાસ્ત્રભાગ થોડો વધારે અસ્પષ્ટ છે. એ તો હિબ્રૂઓને પત્રમાં જણાવેલ એ દૃશ્ય છે, જ્યાં ઈસુ આપણને ઈશ્વરનો, અને ઈશ્વરને આપણો પરિચય કરાવે છે. ઈસુ ઈશ્વરની અને દેવના સ્વર્ગીય દિકરાઓની આગળ ઉભા રહે છે. તે હિંમતથી કબૂલાત કરે છે, કે તે આપણને પોતાના કુટુંબના સભ્યો તરીકે આપણને ભાઈઓ કહેતા શરમાતા નથી (હિબ્રૂઓને પત્ર ૨:૧૧) અને ત્યારબાદ ઈશ્વરને અને કુટુંબના અલૌકિક સભ્યોને કહે છે કે, "હું તારું નામ મારા ભાઈઓને પ્રગટ કરીશ, મંડળીમાં સ્તોત્રો

ગાઈને હું તારી સ્તુતિ કરીશ. અને વળી, હું તેના પર ભરોસો રાખીશ, અને વળી, જુઓ, હું તથા જે છોકરાં દેવે મને આપ્યાં છે તેઓ" (હિબ્રૂઓને પત્ર ૨:૧૩).

તમે ઈશ્વરના કુટુંબના કાયદેસરના અને કાયમી સભ્યો બનો એ તમારો આખરી મુકામ છે. અંતે, તમે ઈશ્વરના કુટુંબના સભ્યો તરીકે રહેશો. ઈશ્વરે શરૂઆતથી એવી ઇચ્છા રાખી હતી. તેથી આખી સૃષ્ટિ દેવના દીકરાઓના પ્રગટ થવાની વાટ જુએ છે.

## *અનંતકાળિક ભાગીદારી*

શું તમે નવી સૃષ્ટિમાં (સ્વર્ગમાં) કેવું જીવન હશે તેના વિશે કયારેય વાત કરી છે? મેં ઘણા લોકોને સદાકાળ સ્તુતિ આરાધનાની સભા, કે ઈસુની સાથેના અંત વગરના સવાલ-જવાબ, કે મહિમાવાન મંડળી એકઠી મળશે એવા વર્ણનો કરતા સાંભળ્યા છે. (છેલ્લું જે છે તે મારા જેવા અંતર્મુખી લોકોને ડરાવી દે છે.)

આપણે સંપૂર્ણ કરેલી સ્વર્ગરૂપી એદનવાડીમાં આપણું જીવન કેવું હશે તેની ઘણી કલ્પનાઓ કરી શકીએ છીએ, પરંતુ બાઇબલ તે અનુભવ વિશે વધારે કહેતું નથી. તે જે કંઇ કહે છે તે ઉપર જણાવેલ અનુમાનો જેવી જ વાત કરે છે કે, "જે જીતે છે" અને અંત સુધી મારાં કામ ઝાલી રાખે છે, તેને હું "વિદેશીઓ પર અધિકાર આપીશ" (પ્રકટીકરણ ૨:૨૬). જે જીતે છે તેને હું "મારા રાજ્યાસન પર મારી સાથે બેસવા દઈશ" (પ્રકટીકરણ ૩:૨૧). એક દિવસે આપણે "દૂતોનો ન્યાય કરીશું" (૧ કરિંથીઓને પત્ર ૬:૩).

આ વાક્યોનો અર્થ શું છે? આપણે એ પ્રશ્ન પૂછીને શરૂઆત કરી શકીએ કે *હાલમાં* દેશો પર કોણ રાજ કરે છે? તેનો ઉત્તર તો ઈશ્વરે બાબિલના સમયે દેવના દીકરાઓને દેશો વહેંચી આપ્યા હતા તે પતિત થયેલા દેવના દીકરાઓ છે. બીજા શબ્દોમાં કહીએ તો હજુ સુધી બધા દેશો (અથવા તો મોટા ભાગના દેશો પર) પર ઈશ્વરે પૂરેપૂરો દાવો કર્યો નથી. ઈશ્વરના રાજ્યની વૃદ્ધિ તો ક્રમાનુસાર થતી પ્રક્રિયા છે, તેના વિશે આપણે નોંધ્યું છે કે, "તેની શરૂઆત તો થઇ ચૂકી છે, પણ તે પ્રક્રિયા હજુ સુધી પૂર્ણ થઇ નથી." જ્યારે એ પ્રક્રિયા પૂરી થશે ત્યારે વિશ્વાસીઓ "દૂતોનો ન્યાય કરશે" - એટલે કે આપણે દેવના દીકરાઓનો ન્યાય કરીશું અને તેમની પદવી પ્રાપ્ત કરીશું. આપણે આપણા રાજા અને ભાઇ - ઈસુની સાથે દેશો પર રાજ કરીશું.

જ્યારે પણ હું આ વિચાર વિશે વાત કરું છું ત્યારે મને કેટલાક અનિવાર્ય પ્રશ્નો સાંભળવા મળે છે: આપણને કયું કાર્ય આપવામાં આવશે? શું કેટલાક વિશ્વાસીઓને બીજા વિશ્વાસીઓ કરતાં વધારે અધિકાર આપવામાં આવશે? શું હું બીજા વિશ્વાસીનો અધિકારી (શેઠ) બનીશ? આપણે બધા કેવી રીતે અધિકારીઓ બની શકીએ? શું આપણા કાર્યો નક્કી કરશે કે કોણ કોના પર રાજ કરશે?

આપણે સમજી શકીએ છીએ કે આ બધા પ્રશ્નો પતિત જગતમાં જીવનારા અપૂર્ણ લોકો તરફથી પૂછવામાં આવે છે. આપણી વિચારસરણી આ નુક્સાન પામેલા અને અપૂર્ણ જગતને લીધે દૂષિત થઇ છે. પરંતુ બાઇબલ આપણા અંતિમ મૂકામને અધિકારી અને કર્મચારી તરીકેના સંબંધ તરીકે દર્શાવતું નથી. એ તો પિતા અને પુત્રનો સંબંધ દર્શાવે છે. ઈશ્વરનાં બાળકો તરીકે આપણે આપણા સાથી ભાઇ-બહેનોની સાથે મળીને પ્રભુની સાથે કામ કરીશું, જ્યાં મનુષ્યો અને દિવ્ય વ્યક્તિઓ સાથે રહેશે. હવે આપણે ઈશ્વરે આપણા માટે જેવો ઇરાદો રાખ્યો હતો તેમ ઈશ્વર આપણી સાથે રહેશે એવું ચિત્ર જોઇએ છીએ. ઈશ્વરનાં બધાં જ બાળકોને ઈશ્વર જેવાં, આપણા સનાતન પિતાના સ્વરૂપમાં બનાવવામાં આવ્યા છે.

વાતનો મુદ્દો તો એ છે કે નવી એદનવાડીમાં આપણો અધિકાર અધિશ્રેણી વિશેનો નહિ, પરંતુ *કૌટુંબિક ભાગીદારીનો* હશે. જ્યારે કુટુંબના બધા જ સભ્યો મહિમાવાન થાય છે, ત્યારે અધિશ્રેણીની દેખરેખ રાખવાની જરૂરિયાત અદૃશ્ય થાય છે.

પ્રામાણિકપણે કહું તો આપણે આ વિચારને સમજી શકતા નથી. કેમ કે આપણે ભ્રષ્ટ જગતનાં જીવીએ છીએ. ઈશ્વર આપણને ઇચ્છે છે - ઈશ્વર *તમને* ઇચ્છે છે - ઈશ્વર ઇચ્છે છે કે તેમણે જેવી ઇચ્છા રાખી છે; એવી રીતે તમે તેમની સાથેના જીવનનો અનુભવ કરો. અને એક દિવસે આપણે એ અનુભવ પ્રાપ્ત કરીશું. બાઇબલ કહે છે કે :

> ''પણ લખેલું છે કે, જે વાનાં આંખે જોયાં નથી, અને કાને સાંભળ્યા નથી, જેઓ માણસના મનમાં પેઠાં નથી, જે વાનાં દેવે પોતાના પર પ્રેમ રાખનારાઓને સારુ સિદ્ધ કર્યાં છે.'' (૧ કરિંથીઓને પત્ર ૨:૯)

## સારાંશ અને પૂર્વાવલોકન

હવે તમે જાણો છો કે બાઇબલ શેના વિશે વાત કરે છે. તે એક અદ્‌ભુત વાત છે.

તમે કદાચ એવો વિચાર કરતાં હશો કે અહીંથી આપણે ક્યાં જઇશું? આ વાતના પ્રકાશમાં વિચાર કરવા જેવી કેટલીક મહત્વની બાબતો છે.

વાતની શરૂઆતમાં મેં ઇબ્રાહિમ વિશે લખ્યું હતું.

પાઉલ પ્રેરિત વફાદારીપણાના વિશ્વાસના ઉદાહરણ તરીકે ઇબ્રાહિમનો ઉપયોગ કરે છે (રોમનોને પત્ર ૪:૧-૧૨). ઇબ્રાહિમ કોઇપણ નિયમોને આધીન થયો તે *પહેલાં* ઈશ્વરે તેનો સ્વીકાર કર્યો હતો. નિયમો પ્રત્યેની તેની આધીનતા બતાવતી હતી કે તેણે વિશ્વાસ કર્યો છે. નિયમો વિશ્વાસનું સ્થાન લેતા નહોતા. વિશ્વાસ તો

મહત્વની વાત છે. ઈશ્વર સર્વસ્વ છે તે વિશ્વાસની વફાદારી વિશે આપણે પછીથી વાત કરીશું. આજે આપણે તેને શિષ્યપણા તરીકે ઓળખીએ છીએ. વિશ્વાસ અને વફાદારી બે અલગ બાબતો છે. તે એકબીજા સાથે જોડાયેલી બાબતો છે, પણ તેની અદલાબદલી કરી શકાય નહિ. તારણ અને શિષ્યપણા વિશે પણ એ જ વાત સાચી ઠરે છે.

હવે પછીના માર્ગ પર આ ફકરો આપણા માટે નક્શા સમાન બની રહેશે. ''વફાદારી સાથેનો વિશ્વાસ'' એ શબ્દો આપણી માર્ગદર્શિકા થશે. તેના માટે હું આ ઉદાહરણ આપું છું :

**''વિશ્વાસ કરવો''**

હવે પછીના ભાગમાં આપણે સુવાર્તા વિશે વાત કરવાના છીએ. સુવાર્તા શું છે, અને શું નથી તે વિશે આપણે વાત કરીશું. આપણે સુવાર્તાના અર્થ વિશે શીખીશું - આપણે શીખીશું કે બાઈબલ મુજબ સુવાર્તામાં શેનો સમાવેશ થાય છે. તે મહત્વનું છે, કેમ કે સુવાર્તા પર વિશ્વાસ કરવાથી આપણે ઈશ્વરના કુટુંબના સભ્યો બનીએ છીએ. એ રીતે આપણું તારણ કે બચાવ થાય છે. તારણ વિશ્વાસથી છે. ઈશ્વરે તારણ માટે આ માર્ગ બતાવ્યો છે, એટલે કે પોતાના કુટુંબમાં જોડાવા માટે આ માર્ગની રચના કરી છે. એ સઘળું ઈસુએ જે કાર્યો કર્યા તેના પર આધારીત છે.

**''વફાદારી''**

પુસ્તકના છેલ્લા વિભાગમાં આપણે શિષ્યપણા વિશે જોઈશું. ''શિષ્ય'' શબ્દ તો ''અનુયાયી'' માટે વપરાતો શબ્દ છે. ઈસુના શિષ્ય હોવાનો અર્થ છે - ઈસુની પાછળ ચાલવું, ઈસુનું અનુકરણ કરવું. ઈસુએ કહ્યું કે, ''જેણે મને જોયો છે તેણે બાપને જોયો છે'' (યોહાન ૧૪:૭,૯). ઈસુ જે રીતે જીવન જીવ્યા તે આપણને બતાવે છે કે તેમણે ઈશ્વર પર પ્રેમ રાખ્યો, અને તે તેમના પિતાને અને તેમની યોજનાને **વફાદાર** હતા. શિષ્યપણું તો ઈસુને અને ઈશ્વરપિતાને કેવી રીતે પ્રેમ કરીએ છીએ તે વાતને બતાવે છે. એ તો ઈશ્વરનો પ્રેમ કમાવા જેવી વાત *નથી*. એ તો ઈશ્વરે આપણો બચાવ કરવા માટે જે યોજના કરી હતી, તેને પૂર્ણ કરવા માટે ઈસુની આભારસ્તુતિ કરવાની વાત છે. તે આપણા તારણ માટે ઈસુએ જે કાર્યો કર્યા છે, તેના બદલામાં, અથવા તો તેના પૂરક કાર્યો કરવા વિશેની વાત નથી. પરંતુ શિષ્યપણું તો એવી વાત છે કે ઈસુએ આપણા તારણ માટે જે કાર્યો કર્યા છે, તેના પર આપણે વિશ્વાસ કરીએ છીએ (યાકૂબનો પત્ર ૨:૧૪-૨૬).

મેં અગાઉ કહ્યું તેમ વિશ્વાસ અને વફાદારી તો બે અલગ બાબતો છે, પરંતુ એકબીજા સાથે જોડાયેલી છે. તેની અદલાબદલી કરી શકાય નહિ. તારણ અને શિષ્યપણા વિશે પણ એ જ વાત સાચી ઠરે છે. આપણા તારણ માટે આપણે સુવાર્તા પર વિશ્વાસ કરીએ છીએ, અને શિષ્ય બનવા દ્વારા આપણે આપણા તારનાર પ્રત્યેની વફાદારી બતાવીએ છીએ.

# ભાગ ૨ : સુવાર્તા

# પ્રકરણ ૭ : સુવાર્તા શું છે?

આ સમયે આવો પ્રશ્ન પૂછવો વિચિત્ર લાગે છે. આપણે બાઇબલની વાતને જોવામાં એટલે કે કેવી રીતે ઈશ્વર આપણને તેમના કુટુંબના સભ્યો બનાવવા માગે છે તે જોવામાં ઘણો સારો સમય પસાર કર્યો છે. આપણે સુવાર્તા પર વિશ્વાસ કરીને તે કુટુંબના સભ્યો બનીએ છીએ.

મેં જોયું છે કે દેવળમાં ભાગ લેનારા મોટા ભાગના લોકો સુવાર્તાને વાસ્તવિક રીતે સમજ્યા નથી. કેટલાક તો તેને સ્પષ્ટ કરી શકતા નથી. બીજા કેટલાક તેને સુસંગત દર્શાવી શકે છે ખરા, પરંતુ ઘણીવાર તેની સરળતાને ખરેખરા અર્થમાં સમજવામાં કરવામાં સંઘર્ષ કરે છે. તેઓ આંતરિક રીતે એ વાતને લીધે દુ:ખ સહન કરે છે કે અનંતજીવન માટે સુવાર્તા પર વિશ્વાસ કરવો જરૂરી છે.

તમારામાંના કેટલાક વિચારતા હશે કે હું કેવી વાત કરી રહ્યો છું! હું શરત લગાવી શકું છું કે જ્યારે હું મારા કહેવાનો અર્થ સમજાવીશ ત્યારે તમે તમારી પોતાની જાતને અથવા બીજા કોઇને નીચે જણાવેલ વાત મુજબ જોશો.

આપણે સુવાર્તાની વ્યાખ્યા કરવાથી શરૂઆત કરીએ. સ્પષ્ટીકરણ માટે હું કેટલાક મહત્વના પ્રશ્નો પૂછવા માગું છું. આપણે સુવાર્તા શું *નથી* એ વાત પણ કરવાના છીએ. જ્યારે આપણે વાતના એ ભાગમાં જઇશું ત્યારે તમે જોશો કે મેં જે સંઘર્ષની વાત કરી છે તેનો અર્થ શો છે.

*સુવાર્તા શું છે?*

“સુવાર્તા” શબ્દની વ્યાખ્યા કરવી સરળ છે. બાઇબલમાં જણાવેલ “સુવાર્તા” શબ્દ તારણના સંદેશને દર્શાવે છે. “સુવાર્તા” શબ્દ તો (નવા કરારની મૂળ ભાષાના) ગ્રીક શબ્દનો અનુવાદ છે, એ તો સારા સમાચાર લાવવા દ્વારા વ્યક્તિને મળતા પ્રતિફળને દર્શાવે છે. તેથી ઘણીવાર તમે “સુવાર્તા” શબ્દને બદલે “સારા સમાચાર”, “શુભસંદેશ” એવા શબ્દો પણ સાંભળ્યા હશે, એટલે કે તારણના સંદેશ વિશેના સારા સમાચાર.

આવો, આપણે તેના વિશે વિચાર કરીએ. આપણને એમ લાગે કે આપણે કંઇ શીખ્યા છીએ. મને પણ એમ લાગતું હતું કે આપણે કંઇક શીખ્યા છીએ, પરંતુ વાસ્તવમાં આપણે જે જાણવાની જરૂર હતી તે આપણે શીખ્યા નથી. એ સારું છે કે હવે આપણે આ શબ્દનો *અર્થ* કરી શકીએ છીએ. પરંતુ વાસ્તવમાં તો આપણે હજુ સુધી તારણના સંદેશમાં સમાવિષ્ટ થયેલી બાબતો વિશે વાત જ કરી નથી. આપણે તો “સુવાર્તા” શબ્દનો અર્થ જણાવ્યો, પરંતુ સુવાર્તા વાસ્તવમાં શું છે તે જણાવ્યું નથી.

તો આવો, સુવાર્તાના *અર્થ* વિશે વાત કરીએ. ઈશ્વરે આપેલા તારણના પ્રસ્તાવમાં શેનો સમાવેશ થાય છે? સારા સમાચારની *વિગતો* શી છે? અને શા માટે તે સારા સમાચાર છે? નવા કરારમાં આ શબ્દ લગભગ ૧૦૦ વાર ઉપયોગમાં લેવાયો છે, તેથી આપણે તેનો અંદાજ લગાવી શકવા જોઈએ.

કદાચ પાઉલ પ્રેરિત સુવાર્તાના સંદેશ વિશે નવા કરારના બીજા લેખકો કરતાં વધારે વાત કરે છે. તેણે ઈસુનો જે સંદેશ આપ્યો તે સંદેશ માટે "સુવાર્તા" શબ્દનો ઉપયોગ કરે છે.

> હવે, ભાઈઓ, જે સુવાર્તા મેં તમને પ્રગટ કરી, જેનો તમે અંગીકાર પણ કર્યો, અને જેમાં તમે સ્થિર પણ રહ્યા છો, અને જેથી જે રૂપમાં મેં તમને તે પ્રગટ કરી તે જ પ્રમાણે જો તમે તેને પકડી રાખી હશે....કે ધર્મશાસ્ત્ર પ્રમાણે ખ્રિસ્ત આપણાં પાપને સારુ મરણ પામ્યો; અને ધર્મશાસ્ત્ર પ્રમાણે તેને દાટવામાં આવ્યો, અને ત્રીજે દહાડે તેનું ઉત્થાન થયું. (૧ કરિંથીઓને પત્ર ૧૫:૧-૪)

પાઉલ બીજા એક શાસ્ત્રભાગમાં તેના સંદેશ વિશે સુવાર્તા શબ્દનો પ્રયોગ કરે છે :

> ...ઈસુ ખ્રિસ્તનો દાસ પાઉલ. તેને પ્રેરિત થવા સારુ બોલાવવામાં આવ્યો છે, તથા દેવની સુવાર્તાને અર્થે જુદો કરવામાં આવ્યો છે...તે સુવાર્તા તેના દીકરા આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્ત વિષેની છે, એ મનુષ્યદેહે તો દાઉદનો વંશજ હતો, પણ પવિત્ર આત્માને પ્રતાપે મૂએલાંમાંથી પાછો ઊઠયાથી પરાક્રમમાં દેવનો દીકરો ઠર્યો છે. સર્વ પ્રજાઓ તેના નામની ખાતર વિશ્વાસને આધીન થાય, એ માટે અમે તેની મારફતે કૃપા તથા પ્રેરિતપદ પામ્યા છીએ. (રોમનોને પત્ર ૧:૧-૫)

આ શાસ્ત્રભાગોમાં સુવાર્તા એટલે કે સારા સમાચારમાં સમાવિષ્ટ થયેલી બાબતો સ્પષ્ટપણે જોઈ શકાય છે.

તેના મૂળ તત્વો આ પ્રમાણે છે :

- ઈશ્વરે પોતાના દીકરાને મોકલ્યો...
- તે દાઉદના કુળમાં જન્મ્યો...
- તેનું નામ ઈસુ ખ્રિસ્ત છે...
- જે આપણા પાપોને માટે મરણ પામ્યો...
- તેને દાટવામાં આવ્યો...
- તે મરણમાંથી સજીવન થયો...

આ સઘળી બાબતો સારા સમાચારનો વિષયાર્થ છે. અગાઉ આપણે જે વાત કરી તેના મોટા ચિત્રના પ્રકાશમાં હું ફરીથી તે સમજાવવા માગું છું કેઃ

> ઈશ્વરનો દીકરો માણસ બન્યો. આપણા પાપો આપણને ઈશ્વરના કુટુંબની બહાર ન રાખી શકે તે માટે તેણે દુઃખ સહન કર્યું, અને વધસ્તંભ પર મરણ પામ્યો. આપણે પણ મરણ પર વિજય પ્રાપ્ત કરીએ અને તેમના તથા આપણા પિતા, કે જે એકલા જ સાચા ઈશ્વર છે, તેમની સાથે સદાકાળ રહીએ તે માટે તે મરણમાંથી સજીવન થયો.

આવો, તેની થોડી ચકાસણી કરીએ. જો આ સારા સમાચાર છે, તો *શા માટે* તે સારા છે? તેના ઘણાં કારણો છે. તે સારા સમાચાર છે, કેમ કે આપણું તારણ આપણા કાર્ય પર આધારીત નથી. એ શાસ્ત્રભાગોમાં તમે તમારા અદ્ભુત કાર્યોની સૂચિ જોતા નથી. સુવાર્તાનો વિષયાર્થ તો તમે સારાં કાર્યો કર્યા છે, અથવા કરશો અથવા તો તમારે સારાં કાર્યો કરવાની જરૂર છે, તેના વિશેનો નથી. એ તો ઈસુએ તમારા માટે જે કાર્યો કર્યા છે, તેના વિશેનો છે. એ આપણા બધાને માટેના સારા સમાચાર છે, કેમ કે આપણામાંનું કોઇ સંપૂર્ણ નથી. આપણામાંનું કોઇ પણ વ્યક્તિ હરેક સમયે ઈશ્વરને પ્રસન્ન કરતું નથી. આપણામાંનું કોઇપણ વ્યક્તિ ઈશ્વરના કુટુંબમાં રહેવા માટે કે આપણા પોતાના કાર્યો દ્વારા ઈશ્વરના નામથી ઓળખાવા માટે લાયક નથી. *ઈશ્વરે આપણને સ્વીકાર્યા છે.* સુવાર્તાનો વિષયાર્થ આપણને જણાવે છે કે તે કેવી રીતે થાય છે.

ધ્યાન આપો કે પાઉલે લોકોને સુવાર્તા આપવાની તેની સેવા વિશે વાત કરતાં કહ્યું છે કે, "વિશ્વાસને આધીન થવું." તેની ઇચ્છા હતી કે જેમણે તેનો સંદેશ સાંભળ્યો છે તેઓ તેની વાતને "દ્રઢતાથી પકડી રાખે." તમે કેવી રીતે સુવાર્તાને "આધીન" થાઓ છો? બાપ્તિસ્મા પામીને? દાન આપીને? સારું વર્તન કરીને? મૂર્ખતાભરેલું વર્તન ન કરીને? ગરીબોને મદદ કરીને? એ સઘળાં સારા કાર્યો છે ખરા, પણ ઈશ્વર તો "*વિશ્વાસની* આધિનતા ઇચ્છે છે." તમે *વિશ્વાસ કરવા દ્વારા* સુવાર્તાને આધીન થાઓ છો.

શું તમે એ વાત પણ નોંધી કે પાઉલે "સમજશક્તિની આધીનતાની" વાત કરી નથી? ઈસુ કેવી રીતે માણસ બન્યા અથવા તો પુનરુત્થાન કેવી રીતે શક્ય બન્યું એ વાતને કદાચ આપણે સંપૂર્ણપણે સમજી ન શકીએ. પણ ઈશ્વર એવી ઇચ્છા રાખતા નથી કે આપણે તે વાતને પૂર્ણ રીતે સમજીએ અને પછી તેમની પાસે જઇને છેલ્લી પરીક્ષા આપીએ. ઈશ્વર એવી ઇચ્છા રાખે છે કે આપણે *વિશ્વાસ રાખીએ.* શા માટે આ બાબતો તર્કસંગત છે તે સમજવા માટે આપણે વાટ જોઇ શકીએ છીએ.

સુવાર્તાનો વિષયાર્થ તો એ છે કે ઈશ્વર તમને માફ કરવાનો અને કાયમ માટે તમને પોતાના કુટુંબમાં સ્થાન આપવાનો પ્રસ્તાવ મૂકે છે. તેમનો પ્રસ્તાવ તેમનો પ્રેમ અને માયાળુપણું દર્શાવે છે. બાઇબલ ક્યારેક એ શબ્દોને બદલે "કૃપા" શબ્દનો પ્રયોગ કરે છે. ઈશ્વરથી મોટું કોઇ નથી, તેથી ઈશ્વર આ પ્રસ્તાવને સ્વીકારવાનું દબાણ

કરતા નથી. કોઇ તેમના હાથને વાળી દેતું નથી. ઈશ્વર તમને ઇચ્છે છે તેથી તે તમને તારણનો પ્રસ્તાવ આપે છે. ઈશ્વર ફક્ત એટલું જ ઇચ્છે છે કે તમે વિશ્વાસ કરો.

*આ* સુવાર્તાના સારા સમાચાર છે.

*શા માટે આપણને સુવાર્તાની જરૂર છે?*

તમે કદાચ એવો વિચાર કરો કે મેં અગાઉથી જ તેનો ઉત્તર આપી દીધો છે. હા, પણ બીજી રીતે. પરંતુ ખ્રિસ્તી વર્તુળોમાંના મારા અનુભવના પ્રકાશમાં કહું તો મારે થોડા વધારે સ્પષ્ટ થવાની જરૂર છે.

શા માટે આપણને સુવાર્તાની જરૂર છે? કેમ કે સુવાર્તા વગર ઈશ્વરની સાથેના અનંતજીવનની આપણને કોઇ આશા નથી. પાપને લીધે આપણે ઈશ્વરથી અલગ થઇ ગયા છીએ. સુવાર્તા પરનો વિશ્વાસ એ સમસ્યાનો ઉકેલ છે.

બાઇબલ આપણી દુર્દશાને વિવિધ રીતે જણાવે છે. ઈસુએ કહ્યું કે તે "ખોવાયેલાંને શોધવા અને તારવા" માટે આવ્યા છે (લૂક ૧૯:૧૦). આપણે આપણા "પાપોમાં અને અપરાધોમાં" મૂએલા (એફેસીઓને પત્ર ૨:૧,૫) અને અધર્મી છીએ (રોમનોને પત્ર ૫:૬). આપણે "ઈશ્વરથી દૂર" (એફેસીઓને પત્ર ૪:૧૮) અને "વેગળા" (કલોસ્સીઓને પત્ર ૧:૨૧) હતા, કેમ કે આપણે ઈશ્વરનાં "શત્રુઓ" (રોમનોને પત્ર ૫:૧૦) હતા. આ સારું ચિત્ર નથી.

બાઇબલની જે વાત આપણે જોઇ તે જણાવે છે કે આપણે શા માટે આવા છીએ. આપણે ઈશ્વરના કુટુંબમાં જન્મ્યા નથી. આપણે તો બહારના છીએ. છતાં પણ ઈશ્વર આપણને તેમના કુટુંબના સભ્યો બનાવવા માગે છે. ઈશ્વરના સ્વભાવની અછતને લીધે આપણને જે જોઇએ છે તે પ્રાપ્ત કરવા માટે આપણે આપણી હોંશિયારીનો અને સ્વતંત્રતાનો દુરુપયોગ કરીએ છીએ અને એ પ્રક્રિયામાં બીજાઓનું નુકસાન કરીએ છીએ. આપણે આત્મ-વિનાશના માર્ગમાં જીવીએ છીએ. જ્યારે આપણે ઈશ્વરના સ્વરૂપ મુજબ કાર્ય કરતા નથી અને તેમના નિયમોને તોડીએ છીએ, તેમાં ઘાલમેલ કરીએ છીએ, અથવા તો કોઇનો દુરુપયોગ કરીએ છીએ, ત્યારે આપણે પાપ કરીએ છીએ. આપણે આપણા સ્વભાવથી પાપી, સ્વકેન્દ્રિત અને બળવાખોર છીએ. "કારણ કે સઘળાંએ પાપ કર્યું છે, અને દેવના મહિમા વિષે સઘળા અધૂરા રહે છે" (રોમનોને પત્ર ૩:૨૩).

એ વાંચીને નિરાશ કે ગુસ્સે થવું સરળ છે. પરંતુ સુવાર્તાની વાતના સારા સમાચાર તો એ છે કે ઈશ્વર આ બધું જાણતા હોવા છતાં પણ આપણને પ્રેમ કરે છે. તે એક કારણને લીધે ઉપયોગી પણ છે. કેમ કે તે સુવાર્તાને તારણ વિશેના બીજા ધર્મોના શિક્ષણથી સંપૂર્ણ રીતે અલગ બનાવે છે. બીજા બધા ધર્મો પાપની સમસ્યાનો નકાર કરે છે

અથવા તો એમ કહે છે કે માણસના કાર્યો, વારંવારની ધાર્મિક વિધિઓ, પ્રાર્થનાઓ, ધાર્મિક દિવસોનું પાલન કરવું કે બીજી કોઇ રીતે સારા બનવું તે આ સમસ્યાનું સમાધાન છે.

સ્પષ્ટપણે કહું તો ફક્ત સુવાર્તા જ માણસની પરિસ્થિતિ અને અને સારાં કાર્યો કરવાની અયોગ્યતાની સમસ્યાનું સમાધાન છે. તેની સામે બીજા ધર્મો તમને જૂઠું કહે છે - તેઓ કહે છે કે ઈશ્વરની સાથેની અલગતાની સમસ્યાનું સમાધાન જ નથી અથવા તો તમારે કોઇ સમસ્યા જ નથી. ફક્ત સુવાર્તા જ એ સત્ય છે, જે તમને કહે છે કે ઈશ્વરે સમસ્યાનું સમાધાન કરવાનું હતું અને ઈશ્વરે તેમ કર્યું પણ ખરું. સુવાર્તા પારદર્શક રીતે પ્રામાણિક છે. તમને તે દુઃખદ લાગે તો પણ તે તમને સત્ય જણાવે છે. તે પ્રેમ બતાવે છે. તમને જૂઠું કહેવું તે પ્રેમ નથી.

*શું તારણ પ્રાપ્ત કરવાના બીજા કોઈ માર્ગો છે?*

મેં હમણાં જ આ પ્રશ્નનો ઉત્તર આપી દીધો છે, પણ હું આ પ્રશ્નને બીજા દ્રષ્ટિકોણથી જણાવવા માગું છું.

ઈશ્વર માફી, તારણ અને તેમની સાથેનું અનંતજીવન મફત આપે છે. તેને માટે આપણે લાયક નથી અને તેને કમાઇ શકતા નથી. વાસ્તવમાં તો તેને કમાઇ શકાય પણ નહિ અને તેને માટે લાયક પણ બની શકાય નહિ. તેને માટે વિશ્વાસ કરવાની જરૂર છે, અથવા તો ઈશ્વરના વચન પર અને ઈસુએ સંપૂર્ણ કરેલા કાર્યો પર વિશ્વાસ કરવાની જરૂર છે.

પરંતુ સુવાર્તા પર વિશ્વાસ કરવાનો અર્થ તારણ વિશેના બીજા શિક્ષણો કે કલ્પનાઓ પર વિશ્વાસ કરવાનો નથી. બાઈબલ કહે છે કે તારણ માટે બીજો કોઇ માર્ગ નથી. તેનો વિચાર કરો. જો તમારા માટે સ્વર્ગમાં જવાનો બીજો કોઇ માર્ગ હોત તો શા માટે ઈશ્વર પોતાના પુત્ર ઈસુને વધસ્તંભ પર આવી ભયંકર રીતે મરવા માટે મોકલી દેત? પુત્રએ માણસ બનીને મરણ પર વિજય પ્રાપ્ત કરવાનો હતો. તારણ માટે ઈશ્વરની યોજના પર વિશ્વાસ કરવો એ એક જ માર્ગ હતો. ઈસુ સિવાય બીજી કોઇપણ વ્યક્તિ તારણ આપી શકે નહિ (પ્રેરિતોના કૃત્યો ૪:૧૨). ઈસુએ જાતે સ્પષ્ટપણે કહ્યું છે કે, "માર્ગ સત્ય તથા જીવન હું છું; મારા આશ્રય વિના બાપની પાસે કોઇ આવતું નથી" (યોહાન ૧૪:૬).

તેમાં કોઇ અસ્પષ્ટતા નથી. ઈસુએ જે કાર્ય કર્યું છે તેના વગર કોઇપણ વ્યક્તિ ઈશ્વરના કુટુંબનું સભ્ય બની શકે નહિ. તમે બીજા વિશ્વાસની સાથે સુવાર્તાનો ઉમેરો કરી શકો નહિ. સુવાર્તા અજોડ છે. સુવાર્તા પર વિશ્વાસ કરવાનો અર્થ છે, બીજા વિશ્વાસમાંથી *પાછા ફરવું*. એ તો બાઈબલ જેને પસ્તાવો કહે છે તેનું એક પાસું છે. બીજા પાસાં પણ છે, પણ તેને આપણી વાતચીતના બીજા ભાગમાં સારી રીતે સમજાવવામાં આવ્યા છે.

*સુવાર્તા શું નથી*

સુવાર્તાના વિષયાર્થ વિશેની આપણી ચર્ચામાં એ વાત સ્પષ્ટ થઇ છે કે ઈસુએ આપણા વતી જે કાર્ય સંપૂર્ણ કર્યું છે તે સુવાર્તા છે. જેઓ ઈસુએ આપણા વતી કરેલા કાર્ય પર વિશ્વાસ કરે છે તેમને અનંતજીવન અને તારણની ભેટ આપવામાં આવે છે.

આપણી સંસ્કૃતિ આ સ્પષ્ટતાને ગૂંચવણમાં નાખવાનો પ્રયત્ન કરે છે. તે આત્મ-સુધારાને અને અસ્પષ્ટ "આત્મિકતાને" તેના પર્યાય બનાવે છે. પરંતુ સુવાર્તાની બાઇબલ પ્રમાણેની વ્યાખ્યા આવી બાબતોનો વિરોધ કરે છે. સુવાર્તા (અને તારણ)ને વ્યક્તિગત પ્રકાશ, એટલે કે "પોતાની અંદર દૃષ્ટિ કરવી" કે આત્મખોજની યાત્રા સાથે કોઇ સંબંધ નથી. વિવિધ આત્મિક વિચારોની ખોજ કરવી તે સુવાર્તા નથી. એ બધું તો બૌદ્ધિક કે માનસિક પ્રયત્નો અને કાર્યપ્રવૃત્તિઓ છે. તે સુવાર્તા નથી.

પરંતુ આવી "વૈકલ્પિક સુવાતાઓની" શોધ કરવી કે તેને દૂર કરવી સરળ છે. ઈશ્વર જે તારણ આપે છે તેની સરળતા પર આધાર રાખવામાં ઘણાં લોકોને વધારે અડચણરૂપ થનારી બાબત પણ છે.

મેં અગાઉ જણાવ્યું છે કે દેવળમાં જનારા ઘણાં લોકો સુવાર્તા વિશે સંઘર્ષ કરે છે. કેમ કે તેઓ કાર્ય કરવાના ફાંદામાં ફસાયેલા છે. તમે કે જેને તમે જાણતા હોય એવી કોઇ વ્યક્તિ સુવાર્તા શબ્દની વ્યાખ્યા અને કદાચ તેના અર્થમાં સમાયેલા વિષયાર્થની વ્યાખ્યા કરી શકશે. પરંતુ અનંતજીવન પ્રાપ્ત કરવા માટે ઈસુએ તમારા માટે જે કાર્ય કર્યું છે તેના પર વિશ્વાસ કરવો જરૂરી છે, તે વિચાર યોગ્ય લાગતો નથી. આપણને એમ લાગે છે કે તેને માટે લાયક બનવા માટે કંઇક તો કરવું જ પડશે, નહિ તો આપણે કેવી રીતે લાયક બનીશું?

જો તમે બાઇબલની વાતને અને સુવાર્તાના વિષયાર્થને સમજો તો તમે તરત જ જાણી શકશો કે ઈશ્વર આપણને જે આપે છે તેને માટે આપણે લાયક *નથી.* એ જ તો ઘણા લોકોને માટે સંઘર્ષનું કારણ છે. આપણે એવો અનુભવ કરવા માગીએ છીએ કે આપણી પાસે જે સારી બાબતો છે તેને આપણે જાતે કમાયા છીએ. આપણે દાનની બાબત બનવા માગતા નથી. કંઇપણ કાર્ય કર્યા વગર કોઇ સારી બાબત પ્રાપ્ત કરવી ખોટું લાગે છે. આપણને એમ લાગે છે કે આપણે થોડું તો કામ કરવું જ જોઇએ.

અપરાધભાવ ગૂઢ રીતે આપણા વિચારોને વિકૃત કરી નાખે છે. તે સુવાર્તાને બિનશરતી ભેટ તરીકે જોવાની આપણી યોગ્યતાને ગતિહિન બનાવે છે. અપરાધભાવ કેટલાક લોકોને એ વાતનું સમર્થન કરવા તરફ દોરે છે કે ભેટ આપનાર વ્યક્તિ માટે તેમણે કોઇ કાર્ય કર્યું છે, તેથી તેઓ તે ભેટને લાયક છે. જો તેઓ તેમની જાતને એ વાત સાથે સંમત કરી શકતા નથી, તો તેઓ એ ભેટ માટે લાયક બનવાનો અનુભવ કરવા કોઇ કાર્ય કરવાનો ઇરાદો કરે છે.

અપરાધભાવ આપણને સુવાર્તામાં ઈશ્વરે બતાવેલા પ્રેમ પ્રત્યે આંધળા કરે છે. કોઇ તમારા મૂલ્ય વિશે વિચાર કરે તે માટે મહેનત કરવા દ્વારા તમે તમારી પોતાની જાત પર ધ્યાન આપો છો. જ્યારે તમારો હેતુ કોઇ વ્યક્તિને તમારા માટે એવો વિચાર કરાવવાનો હોય છે કે તમે તેમના પ્રેમ અને લક્ષ માટે લાયક છો, ત્યારે તમે તમારા પોતાના સિવાય બીજી કોઇ વ્યક્તિ પર ધ્યાન આપી શકતા નથી. આપણે આપણા પોતાના માટે સારો અનુભવ કરવા માગીએ છીએ (ઉદાહરણ તરીકે, આપણે એવો અનુભવ કરવા માગીએ છીએ કે આપણે કોઇ વસ્તુ પ્રાપ્ત કરવા કાયદેસર રીતે લાયક છીએ, જેથી આપણે એવી કોઇ વસ્તુ લેતા નથી જે આપણી નથી.) આપણે બીજાઓને પણ આપણા જેવો જ અનુભવ કરાવવા માગીએ છીએ (ઉદાહરણ તરીકે, આપણે તેમને એવો અનુભવ કરાવીએ છીએ કે આપણી સાથેના એ અનુભવને લીધે તેઓ આપણને કંઇ આપે.)

સુવાર્તા આ વિચારને દૂર કરે છે. તે સ્પષ્ટ નમ્રતા સાથે આપણને ખુલ્લા પાડે છે. તે આપણને આપણું પૂરેપૂરું ધ્યાન ઈશ્વર અને ઈસુ પર જ રાખવા માટે આગ્રહ કરે છે. તેથી ઘણા લોકોને આ વાતનો સ્વીકાર કરવો અઘરો લાગે છે. કેમ કે સુવાર્તા આપણને કોઇ જ શાખ લેવા દેતી નથી.

તો આપણને એ સમજણ પ્રાપ્ત થાય છે કે સુવાર્તા તમારા કાર્યોની ચિંતા રાખતી નથી પરંતુ તમે અગાઉથી જે છો તેની ચિંતા રાખે છે. તમે મનુષ્ય છો. તમે શરૂઆતથી ઈશ્વરના પ્રેમ અને યોજનાનો પદાર્થ છો. તેમાં કાર્ય બતાવવાની જરૂર પડતી નથી. ઈશ્વર આપણને પ્રેમ કરે છે.

આ પતિત જગતમાં જીવનારા પાપીઓ તરીકે આપણે એવી વિચારસરણીમાં બંધાઇ ગયાં છીએ કે જો કોઇ આપણને આંતરિક અને બાહ્ય રીતે સંપૂર્ણપણે જાણશે તો તેઓ આપણને પ્રેમ કરશે નહિ. તેને પરિણામે આપણે એવી કલ્પના કરી શકતા નથી કે ઈશ્વર આપણને પ્રેમ કરે છે, અને આપણા પરથી તેમનું ધ્યાન હટાવી શકે એવું કંઇ જ નથી. ઈશ્વર દરેક વિચાર, શબ્દ, વૃત્તિ અને કાર્યને જાણે છે. આપણામાં રહેલો અપરાધભાવ અને શરતી સંબંધોની સામાન્યતા આપણને સુવાર્તામાં રહેલા ઈશ્વરના બિનશરતી પ્રેમને સ્વીકારવામાં અડચણરૂપ બને છે. આપણે આપણા પોતાના દ્રષ્ટિકોણથી તેને સમજી શકતા નથી.

આ સમયે મારે એવું કહેવું જોઇએ કે મારું એવું સૂચન નથી કે જે લોકો સાચી સુવાર્તા સાંભળીને ગંભીરતા સાથે તેના પર વિશ્વાસ કરે છે તેમનું તારણ થયું નથી. હું પ્રામાણિકપણે માનું છું કે *તેઓ વિશ્વાસ કરે છે* અને ઈશ્વરના કુટુંબના સભ્યો છે.

પરંતુ હું તો ઘણાં વિશ્વાસીઓ હજુ પણ જે નિરાશાજનક જીવન જીવી રહ્યા છે તેનું વર્ણન કરી રહ્યો છું. તેમનામાં રહેલા અપરાધભાવને લીધે સુવાર્તાનો પ્રેમ અને કૃપા કાર્ય કેન્દ્રિત અને યોગ્યતા આધારીત અનુભવમાં રૂપાંતરિત થયાં છે. તેમણે એવો વિચાર કરવાની શરૂઆત કરી છે કે જ્યારે તેઓ સુવાર્તાને સમજ્યા અને તેના પર વિશ્વાસ કર્યો, ત્યારે ઈશ્વરે તેમને જેવો પ્રેમ કર્યો એવો જ પ્રેમ અત્યારે પણ કરે છે કે નહિ! તેઓ એવું માને છે કે

વિશ્વાસીઓ તરીકે તેઓ જે પાપ કરે છે તેના લીધે ઈશ્વર તેમને એકલા મૂકી દે છે. તેઓ એ વાત સાથે સંમત થયા છે કે તેઓ ઈશ્વરની અપેક્ષા પૂરી કરી શકતા નથી, તેથી તેઓ એવો વિચાર કરે છે કે, "તેમણે પૂરતો વિશ્વાસ કર્યો છે" અથવા તો કદાચ તેમણે વિશ્વાસ જ કર્યો નથી.

દુઃખદ વાત તો એ છે કે ઘણાં સાચાં ખ્રિસ્તીઓ પણ ત્રાસદાયક અને પરાજયથી ભરેલાં જીવનો જીવે છે, સુવાર્તાને લીધે નહિ, પણ તેમના અપરાધભાવે વિકૃત કરેલી સુવાર્તાની સ્પષ્ટતાને લીધે. જ્યારે તેઓ વચનો વાંચે છે ત્યારે તેઓ ફક્ત તેમનાં પાપો અને નિષ્ફળતાઓને જ જુએ છે. દરેક એવો સંદેશ એક તહોમતનામું છે (અને જેઓ એવા મુખ્ય ઈરાદા સાથે સંદેશો આપે છે એવા પ્રચારકોને અફસોસ). તેનાથી સુવાર્તાની અદ્દ્ભુત અજાયબી ખોવાઈ જાય છે અને ભૂલાઈ જાય છે.

તારણ કાર્ય પર આધારીત *નથી.* તે ક્યારેય કાર્ય પર આધારીત નહોતું. તે ક્યારેય કાર્ય પર આધારીત હશે નહિ, અને કાર્ય પર આધારીત હોઈ શકે પણ નહિ. આપણે આપણી જાતને ઈશ્વરની હાજરીને માટે લાયક બનાવવા માટે ઈશ્વરના સ્તર સુધી જવા માટે કંઈ કરી શકતા નથી. *આપણામાં ઈશ્વરના સંપૂર્ણ સ્વભાવની અછત છે.* આપણને ઈશ્વરના સ્વરૂપ અને પ્રતિમામાં બનાવવામાં આવ્યા છે, પરંતુ આપણે ઈશ્વરથી *ઉતરતા* છીએ અને ઈશ્વર તે જાણે છે. તેથી જ આપણી સમસ્યાનું સમાધાન ઈસુ છે, *આપણે નહિ.*

આપણે કોઈ કાર્ય કરવા દ્વારા એ ખાલી જગ્યાને ભરી શકીએ છીએ એવો વિચાર વાહિયાત છે. જ્યારે તમે નિષ્ફળ જાઓ છો ત્યારે ઈશ્વર તમારા વિશે કંઈ નવું શીખતા નથી. ઈશ્વર અગાઉથી તમને જાણે છે અને છતાં પણ તમે જેવા છો એવા તમને ચાહે છે. રોમનોને પત્ર ૫:૮ કહે છે કે : "આપણે જ્યારે પાપી હતા ત્યારે ખ્રિસ્ત આપણે સારુ મરણ પામ્યો." શું તમે તે સમજ્યા? *આપણે જ્યારે પાપી હતા ત્યારે.* ઈશ્વર તમને પ્રેમ કરે તે માટે તમારે ક્યારેય ઈશ્વરના સ્તરનું કાર્ય કરવાની જરૂર નથી. જો તમે કોઈ વ્યક્તિને આ વિચાર શીખવો છો તો તે *સાચી* સુવાર્તા છે. ઈશ્વર ક્યારેય તમારાથી નિરાશ નથી, કેમ કે તેમને તમારા વર્તન વિશે કોઈ ખોટી અપેક્ષાઓ નથી. ઈશ્વરે શરૂઆતથી તમને પ્રેમ કર્યો છે. "કેમ કે દેવે જગત પર એટલી પ્રીતિ કરી કે તેણે પોતાનો એકાકીજનિત દીકરો આપ્યો, એ સારુ કે જે કોઈ તેના પર વિશ્વાસ કરે તેનો નાશ ન થાય, પણ તે અનંતજીવન પામે" (યોહાન ૩:૧૬).

આપણે આ વાતને બે વિચારો સાથે સમજી શકીએ છીએ. તારણ અને ઈશ્વરના કુટુંબનું સભ્યપદ કમાઈ શકાતું નથી. તેને ફક્ત વિશ્વાસથી પ્રાપ્ત કરી શકાય છે. ઈશ્વર તે આપે છે, કેમ કે ઈશ્વર કૃપાળુ અને પ્રેમાળ છે. બીજું કોઈ કારણ નથી અને હોઈ શકે પણ નહિ.

# ભાગ ૩ : ઈસુની પાછળ ચાલવું

# પ્રકરણ ૮

## શિષ્યપણું શું છે?

સુવાર્તાનો ઇરાદો પરિવર્તન લાવવાનો છે. જે કોઇ વ્યક્તિ સુવાર્તાનો સ્વીકાર કરે છે તે "નવી ઉત્પત્તિ છેઃ જે જૂનું હતું તે સર્વ જતું રહ્યું છે; જુઓ, તે નવું થયું છે" (૨ કરિંથીઓને પત્ર ૫:૧૭). તે વાસ્તવમાં કેવું લાગે છે?

તમે આ પ્રશ્નના ઉત્તરને યાદ કરી શકો છો. અગાઉ મેં કહ્યું કે શિષ્ય તો ઈસુની પાછળ ચાલે છે. પાછળ ચાલવાની વાતના અર્થને સમજાવતાં મે કહ્યું હતું કે "અનુસરણ કરવું અથવા ઈસુનું સ્વરૂપ પ્રગટ કરવું." "ઈસુના રૂપમાં રૂપાંતર પામવું" તે આપણો આખરી મુકામ છે (રોમનોને પત્ર ૮:૨૯; ૨ કરિંથીઓને પત્ર ૩:૧૮; કલોસ્સીઓને પત્ર ૩:૧૦).

ઈસુનું અનુસરણ કરવાનું આપણું ઉદ્દેશ્ય તો ઈશ્વર આપણને પ્રેમ કરે અને આપણને સ્વર્ગમાં જવા દે તે માટે સારાં કાર્યો કરવાનું નથી. ઈશ્વરે તો આપણને અગાઉથી એટલે કે "આપણે જ્યારે પાપી હતા ત્યારે" (રોમનોને પત્ર ૫:૮) અને ઈશ્વરના શત્રુઓ હતા (રોમનોને પત્ર ૫:૧૦) ત્યારે આપણને પ્રેમ કર્યો. જ્યારે આપણે સુવાર્તા પર *વિશ્વાસ* કરીએ છીએ ત્યારે આપણે સ્વર્ગમાં જઇએ છીએ અને ઈશ્વરના કુટુંબના સભ્યો બનીએ છીએ. આપણે ખોવાયેલાં હતા અને આપણને તારનારની જરૂર હતી (લૂક ૧૯:૧૦), આપણે ઈશ્વરથી દૂર થઇ ગયા હતા (એફેસીઓને પત્ર ૪:૧૮). આપણી પરિસ્થિતિ આવી હતી ત્યારે ઈશ્વરે આપણને પ્રેમ કર્યો. ઈશ્વર આપણને પ્રેમ કરે તે માટે આપણે સારાં કૃત્યો કરીએ એવી ઈશ્વરે રાહ જોઇ નહિ.

ઈસુનું અનુસરણ કરવાનો આપણો ઇરાદો એવો નથી કે ઈશ્વર આપણા પર પ્રેમ રાખે તે માટે આપણે સારાં કૃત્યો કરીએ અને અંતે આપણું તારણ થાય. જેને સારાં કૃત્યોથી સિદ્ધ કરી શકાતું નથી, તેને સારાં કૃત્યોથી ગુમાવી શકાતું પણ નથી. તારણને આપણી લાયકાત કે યોગ્યતા સાથે કોઇ સંબંધ નથી. તારણ તો ઈસુએ આપણા માટે જે કાર્યો કર્યાં છે તેના પર જ આધારીત છે. "આપણે તેનામાં દેવના ન્યાયીપણારૂપ થઇએ, માટે જેણે પાપ જાણ્યું નહોતું તેને તેણે આપણે વાસ્તે પાપરૂપ કર્યો" (૨ કરિંથીઓને પત્ર ૫:૨૧). આપણે તારણ માટે કોઇ શ્રેય લઇ શકતાં નથી. સઘળો શ્રેય ઈસુને જ મળે છે.

*શિષ્યપણા વિશે સ્પષ્ટ વિચાર કરવો*

શિષ્યપણામાં આ સઘળી બાબતો કેવી રીતે લાગુ થાય છે તેના માટે આપણે કાળજીપૂર્વક વિચાર કરવાનો છે.

મેં અગાઉ વાત કરી તેમ કાર્યના ફાંદાને લીધે આપણે એ વાસ્તવિકતાને સ્પષ્ટપણે સમજવી જરૂરી છે કે તારણ અને શિષ્યપણું એક જ બાબત નથી. ઘણાં વિશ્વાસીઓ તેમના પાપના અપરાધભાવને લીધે અજાણતા જ તેમના કાર્યોને

સુવાર્તાની સાથે જોડવાની શરૂઆત કરે છે. તેનું પરિણામ તો ઈસુ આપણને જે અનંતજીવન આપવા માગે છે તે નહિ પણ આત્મિક બંધન છે (યોહાન ૧૦:૧૦; ૨ કરિંથીઓને પત્ર ૧:૫; એફેસીઓને પત્ર ૩:૨૦).

તારણ તો જ્યારે આપણે સુવાર્તા પર *વિશ્વાસ* કરીએ છીએ ત્યારે ઈશ્વર દ્વારા આપવામાં આવતી ભેટ છે. તેના માટે લાયકાતની જરૂર નથી. આપણા પાપ અને ઈશ્વરથી અલગતા હોવા છતાં પણ ઈશ્વર આપણને એ ભેટ આપે છે. જ્યારે શિષ્યપણું તો સુવાર્તા પર વિશ્વાસ કરવાના *પરિણામે* આપણે જે કરીએ છીએ તે છે. આપણે ઈસુ અને ઈશ્વર પર આપણો પ્રેમ પ્રગટ કરવા માટે ઈસુનું અનુકરણ કરીએ છીએ. ઈસુ ઈશ્વરનું સ્વરૂપ છે, તેથી આપણે પણ તેમના જેવું જીવન જીવવાની ઈચ્છા રાખીએ છીએ.

ઈસુ જેવું પવિત્ર જીવન જીવવાના ઘણાં કારણો છે. તેમાંનું એક પણ કારણ ઈશ્વરનો પ્રેમ પ્રાપ્ત કરવા માટે લાયક બનવાનું નથી. તારણ માટે આપણે કોઈ કિંમત ચૂકવવાની નથી; એ તો સુવાર્તા પર વિશ્વાસ કરનારા દરેક વ્યક્તિને માટે મફત છે. જ્યારે શિષ્યપણાની કિંમત ચૂકવવી પડે છે. ઘણીવાર ઈસુનું અનુકરણ કરવું સરળ હોતું નથી. શિષ્ય બનવા માટે ઈશ્વરને પ્રેમ કરવાની અને માન આપવાની, લોકો સાથે સારો વ્યવહાર કરવાની જરૂર છે, કેમ કે લોકો ઈશ્વરના સ્વરૂપ અને પ્રતિમામાં છે, તેથી ઈશ્વર તેમને પ્રેમ કરે છે અને સુવાર્તા દ્વારા પોતાના કુટુંબના સભ્યો બનાવવા માગે છે.

ઈસુના જીવન વિશે વિચાર કરો. તે સરળ નહોતું. બાઈબલ કહે છે કે "ખ્રિસ્તે પણ તમારે માટે સહન કર્યું, અને તમે તેને પગલે ચાલો, માટે તેણે તમોને નમૂનો આપ્યો છે" (૧ પિતરનો પત્ર ૨:૨૧). ઈસુ બલિદાનકારી જીવન જીવ્યા. તેમણે પ્રથમ તો ઈશ્વરને પ્રેમ કર્યો અને "પડોશી" પર પણ પ્રેમ કર્યો:

> "પ્રભુ તારા દેવ પર તું તારા પૂરા હૃદયથી, ને તારા પૂરા જીવથી, ને તારા પૂરા મનથી પ્રીતિ કર. પહેલી ને મોટી આજ્ઞા એ છે. અને બીજી આજ્ઞા એના જેવી જ છે, એટલે જેવી પોતા પર તેવી પોતાના પડોશી પર તું પ્રીતિ કર. આ બે આજ્ઞા આખા નિયમશાસ્ત્ર તથા પ્રબોધકોનો પાયો છે" (માથ્થી ૨૨:૩૭-૪૦).

ઈશ્વર તેમના પર પ્રેમ કરે અને તેમનાથી પ્રસન્ન થાય એટલા માટે ઈસુ આવી રીતે જીવન જીવ્યા નહોતા. ઈસુ આ જગતમાં આવ્યા અને કરારને પૂર્ણ કરવાના "કાર્યો કર્યાં" તે પહેલાથી ઈશ્વર પિતા ઈસુ પર પ્રેમ રાખતા હતા. ઈશ્વરે "જગતના મંડાણ અગાઉ" ઈસુ પર પ્રેમ રાખ્યો (યોહાન ૧૭:૨૪).

ઈસુનું અનુસરણ કરવું કઠિન હોઈ શકે છે. કેમ કે કોઈપણ વિશ્વાસી પ્રથમ વાર વિશ્વાસ કરે છે ત્યારે તે ઈસુ જેવા હોતા નથી, તેથી સાતત્ય સાથે ઈસુ જેવું જીવન જીવવું કઠિન લાગે છે - દરેક શિષ્યએ તેનું હૃદય અને વર્તન બદલવાની જરૂર છે (બાઈબલ તેને "પસ્તાવો" કહે છે). હું જાણું છું કે મેં એવું કર્યું છે. કેટલીક બાબતો કરવાની

મારે બંધ કરવી પડી અને કેટલીક બાબતો કરવાની શરૂઆત કરવી પડી. પણ તેમાંની કોઇપણ બાબત ઈશ્વર મને પ્રેમ કરે તે માટેની લાયકાત પ્રાપ્ત કરવાની નહોતી. ઈશ્વરે અગાઉથી મારા પર પ્રેમ રાખ્યો છે.

ઈસુએ જે કાર્યો કર્યાં તે ઈશ્વર પિતા પ્રત્યેના તેમના પ્રેમને લીધે કર્યાં. ઈસુ તો લોકોને તેમના પર અને ઈશ્વરની યોજના પર વિશ્વાસ કરવામાં મદદરૂપ થવા માટે એ રીતે જીવન જીવ્યા. આપણે પણ એમ જ કરવું જોઇએ. ઈસુ જાણતા હતા કે તેઓ શા માટે આ પૃથ્વી પર છે, કેવી રીતે આપણા વતી મરણ પામશે, અને ફરીથી પોતાના પિતાની પાસે જશે.

આપણે પણ અનંતકાળ માટેનો આવો દ્રષ્ટિકોણ રાખવાનો જ છે. આ જગત આપણું ખરું ઘર નથી. આ તો કામચલાઉ રહેઠાળ છે. બીજું જે છે એ કાયમી રહેઠાણ છે. ઈસુએ જે કાર્યો કર્યાં તેને લીધે જ્યારે આપણે આ જગતનું જીવન છોડીને જઇશું ત્યારે બીજા જગતમાં અનંતજીવનનો વારસો પ્રાપ્ત કરીશું. આપણા જીવનનું લક્ષ્ય તો આપણું તારણ કરનાર પ્રભુને વફાદારી અને આભારીપણું બતાવવાનું અને બીજા લોકોને ઈશ્વરના કુટુંબમાં પ્રવેશ કરવા માટે મદદરૂપ થવાનું હોવું જોઇએ.

જો આપણે તેમાં નિષ્ફળ જઇએ તો શું થશે? જો આપણે પાપ કરીએ તો શું થશે? આપણે આ બંને કાર્યો કરીશું. ઈશ્વર તે જાણે છે. ઈશ્વર મનુષ્યોને સારી પેઠે જાણે છે! ઈશ્વર જાણે છે કે આપણે કેવા છીએ. પરંતુ આપણે ઈશ્વરને પ્રેમ કરવા માટે નાનામાં નાનું કાર્ય કર્યું તે પહેલાંથી ઈશ્વર આપણને પ્રેમ કરે છે. આપણે જ્યારે ઈશ્વરના શત્રુઓ હતા અને પાપી હતા (રોમનોને પત્ર ૫:૮) ત્યારે તેમણે આપણા પર પ્રેમ રાખ્યો. આપણે ઈશ્વરના કુટુંબમાં પ્રવેશ કર્યો તે પહેલાંથી ઈશ્વરે આપણા પર પ્રેમ રાખ્યો. તો હવે જ્યારે આપણે તેમના કુટુંબના સભ્યો બન્યા છીએ ત્યારે શા માટે તે આપણને ઓછો પ્રેમ કરશે અથવા તો પ્રેમ કરવાનું બંધ કરશે? આપણે જ્યારે પાપ કરીએ છીએ અથવા નિષ્ફળ જઇએ છીએ ત્યારે તે આપણને માફ કરે છે. ઈશ્વર ઇચ્છે છે કે આપણે એ વાત પર *વિશ્વાસ* કરીએ અને ફરીથી ઈસુનું અનુકરણ કરવાના માર્ગ પર પાછા ફરીએ.

*શા માટે ઈસુ જેવું જીવન જીવવું જોઇએ?*

મેં થોડા સમય પહેલાં જ કહ્યું કે ઈસુ જેવું જીવન જીવવાના ઘણાં કારણો છે, પણ તેમાંનું એક પણ કારણ ઈશ્વરનો પ્રેમ પ્રાપ્ત કરવા માટે *લાયક બનવાનું નથી*. તે કારણો કયા છે?

પ્રથમ કારણ તો એ છે કે પાપ આપણો વિનાશ કરે છે અને ફક્ત આપણું જ નહિ પણ આપણી આસપાસના લોકોનું પણ નુક્સાન કરે છે. મેં મારા પોતાના વિસ્તૃત કુટુંબમાં દારૂના વ્યસનની, નશીલી દવાઓના વ્યસનની અને વ્યભિચારની અસરોને જોઇ છે. સ્વાભાવિક રીતે આ બધી બાબતો જીવનોનો નાશ કરે છે. એટલી જ સ્વાભાવિક વાત એ પણ છે કે આ જગતની અવિશ્વાસી સંસ્કૃતિ જે આનંદ અને આત્મ-સંતોષ આપે છે તે અંત

સુધી ટકતા નથી. સંસ્કૃતિ આપણને એમ કહે છે કે ભલે આપણા નિર્ણયોને લીધે બીજાઓને કંઇ દુ:ખ થાય, પરંતુ આપણે આપણા પોતાના ''આનંદ''ના સંતોષ માટે ''જીવન જીવવું'' જોઇએ. સંસ્કૃતિ આપણને અનંતકાળનો દ્રષ્ટિકોણ આપતી નથી. તે આપણને આજને માટે જીવન જીવવાનું શીખવે છે. સંસ્કૃતિ આપણને બીજું કોઇ મોટું તેડું આપતી નથી. બાઇબલ આવી વિચારધારાને ખુલ્લી પાડતાં કહે છે :

> જગત પર અથવા જગતમાંનાં વાનાં પર પ્રેમ ન રાખો. જો કોઇ જગત પર પ્રેમ રાખે તો તેનામાં પિતા પરનો પ્રેમ નથી. કેમ કે જગતમાં જે સર્વ છે, એટલે દૈહિક વાસના તથા આંખોની લાલસા તથા જીવનનો અહંકાર તે પિતાથી નથી, પણ જગતથી છે. જગત તથા તેની લાલસા જતાં રહે છે; પણ જે દેવની ઇચ્છા પૂર્ણ કરે છે તે સદા રહે છે. (૧ યોહાન ૨:૧૫-૧૭)

બીજું કારણ પ્રથમ કારણ કરતાં ઘણી બાબતોમાં વિપરીત છે. પ્રભુમય જીવન જીવવાથી બીજા લોકો આશીર્વાદિત થાય છે. સત્ય એ છે કે આપણે જે રીતે જીવન જીવીએ છીએ તેનાથી લોકો આશીર્વાદિત થાય છે અથવા શ્રાપીત થાય છે. ઈસુએ લોકોની સેવા કરી અને લોકો માટે આશીર્વાદરૂપ બન્યા. આત્મ-સંતોષ અને આત્મ-શોષણ દ્વારા દોરવાતી જીવનશૈલીનું અનુસરણ કરવાથી પરિપૂર્ણતા થતી નથી. દરેક મોટા બજાર (સુપરમાર્કેટ)ના સમાચાર એ વાસ્તવિકતાના ઉદાહરણો બતાવે છે. લોકોને માટે આશીર્વાદરૂપ બનવાથી ઈસુને પ્રગટ કરી શકાય છે એટલું જ નહિ, પરંતુ તે લોકોને વ્યક્તિગત પરિપૂર્ણતામાં પણ દોરે છે. જ્યારે તમે બીજાઓની સેવા કરવા માટે જીવો છો ત્યારે તમારા જીવનનો અર્થ સાકાર થાય છે.

ત્રીજું કારણ એ છે કે પ્રભુમય જીવન આપણને સુવાર્તાના એકધારા સાક્ષીઓ બનાવે છે. જો લોકો આપણા જીવનમાં અવિશ્વાસી જગત કરતાં કોઇ જ અલગતા ન જુએ અને બીજાઓની સેવા કરનારું જીવન ન જુએ તો તેમને સુવાર્તા પર વિશ્વાસ થશે નહિ (અથવા તો તેઓ મુંઝવણમાં આવી જશે). તેઓ આપણા જીવનને ઈસુના સંદેશથી વિપરીત જોશે. બીજા શબ્દોમાં કહીએ તો આપણે જ્યારે લોકોને એમ કહીએ છીએ કે ઈસુ તેમને પ્રેમ કરે છે, ત્યારે લોકો આપણી પાસેથી એવી અપેક્ષા રાખે છે કે આપણે ઈસુ જેવું જીવન જીવીએ. તે અતાર્કિક નથી. વૈકલ્પિક જીવન દંભી જીવન છે અને કોઇ દંભની પ્રશંસા કરતું નથી.

પ્રભુમય જીવન જીવવાથી સ્વર્ગમાં સ્થાન પ્રાપ્ત કરવાની લાયકાત પ્રાપ્ત કરી શકાતી નથી. આપણે આપણી ''આત્મિકતાના ગુણોથી'' ઈશ્વરને આપણા દેવાદાર બનાવતા નથી. અહીં જણાવેલા શાસ્ત્રભાગો આપણને એકંદરે અલગ વાત પર ધ્યાન કેન્દ્રિત કરાવે છે :

> તેથી, ભાઇઓ, હું તમને વિનંતી કરીને કહું છું કે, દેવની દયાની ખાતર તમે તમારાં શરીરોનું જીવતું, પવિત્ર તથા દેવને પસંદ પડે એવું, અર્પણ કરો; એ તમારી બુદ્ધિપૂર્વક સેવા છે. આ જગતનું રૂપ તમે ન

ધરો; પણ તમારાં મનથી નવીનતાને યોગે તમે પૂર્ણ રીતે રૂપાંતર પામો, જેથી દેવની સારી તથા માન્ય તથા સંપૂર્ણ ઇચ્છા શી છે, તે તમે પારખી શકો. (રોમનોને પત્ર ૧૨:૧-૨)

પણ દેવે નાખેલો પાયો દૃઢ રહે છે; તેના પર આ મુદ્રાછાપ મારેલી છે કે, જે પોતાનાં છે તેઓને પ્રભુ ઓળખે છે, અને આ પણ કે, જે કોઇ ખ્રિસ્તનું નામ લે છે તેણે પાપથી દૂર રહેવું. પણ મોટા ઘરમાં કેવળ સોનારૂપાનાં જ નહિ, પણ લાકડાનાં તથા માટીનાં પાત્રો પણ હોય છે; તેઓમાંનાં કેટલાંક ઉત્તમ કાર્યોને માટે ને કેટલાંક હલકાં કાર્યોને માટે હોય છે. એ માટે જો કોઇ પાછલાંથી પોતાને દૂર રાખીને શુદ્ધ રહે, તો તે ઉત્તમ કાર્યને સારુ પવિત્ર કરેલું, સ્વામીને ઉપયોગી તથા સર્વ સારાં કામને માટે તૈયાર કરેલું પાત્ર થશે. (૨ તિમોથીને પત્ર ૨:૧૯-૨૧)

એ માટે જો ખ્રિસ્તમાં કંઇ ઉત્તેજન, જો પ્રેમનો કંઇ દિલાસો, જો પવિત્ર આત્માની કંઇ સંગત, જો કંઇ હૃદયની કરુણા તથા દયા હોય, તો મારો આનંદ એવી રીતે સંપૂર્ણ કરો કે, તમે એક જ મનના થાઓ, એક સરખો પ્રેમ રાખો, એક જીવના તથા દિલના થાઓ. પક્ષાપક્ષીથી કે મિથ્યાભિમાનથી કંઇ ન કરો, દરેકે નમ્ર ભાવથી પોતાના કરતાં બીજાઓને ઉત્તમ ગણવા. તમે દરેક પોતાના હિત પર જ નહિ, પણ બીજાઓના હિત પર પણ લક્ષ રાખો. ખ્રિસ્ત ઈસુનું મન જેવું હતું, તેવું તમે પણ રાખોઃ પોતે દેવના રૂપમાં છતાં, તેણે દેવ સમાન હોવાનું પકડી રાખવાને ઇચ્છયું નહિ. પણ તેણે દાસનું રૂપ ધારણ કરીને, એટલે માણસોના રૂપમાં આવીને પોતાને ખાલી કર્યો; અને માણસના આકારમાં પ્રગટ થઇને, મરણને, હા, વધસ્તંભના મરણને, આધીન થઇને, પોતાને નમ્ર કર્યો. (ફિલિપ્પીઓને પત્ર ૨:૧-૮)

આ શાસ્ત્રભાગો આપણે કેવી રીતે જીવન જીવવું જોઇએ તેનો ખ્યાલ આપે છે, પરંતુ આપણે હજુ સુધી શિષ્યપણાના સ્પષ્ટીકરણો પ્રાપ્ત કર્યાં નથી. શિષ્ય કેવી રીતે જીવન જીવે છે? શિષ્ય શું કરે છે? સદ્ભાગ્યે ઈસુ અને તેમના મૂળ શિષ્યો, પ્રથમ ખ્રિસ્તીઓ એ વાતને સ્પષ્ટ કરે છે. ઈસુએ પોતે જે કાર્યો કર્યાં નહોતા એવા કોઇ કાર્યો તેમના અનુયાયીઓને કરવાનું કહ્યું નહોતુ. તેમના શિષ્યોએ તેમના નમૂનાનું અનુસરણ કર્યું અને મંડળીની શરૂઆતના દિવસોમાં બીજાઓને પણ એમ જ કરવાનું શીખવ્યું હતું.

# પ્રકરણ ૯

# શિષ્ય શું કરે છે?

એ વાતથી તમને આશ્ચર્ય થશે કે ઈસુએ તેમના શિષ્યોને ઘણા વધારે કાર્યો કરવાની આજ્ઞા આપી નહોતી. ઈશ્વરને અને બીજાઓને પ્રેમ કરવાનું તેમનું દર્શન જટિલ નહોતું. પરંતુ તેમણે તેમના શિષ્યોને જે કાર્યો કરવાની આજ્ઞા આપી તે કાર્યો ગહન અને જીવનને બદલનારા હતા. આપણે શિષ્ય હોવાના સૌથી મહત્વના મુદ્દાથી શરૂઆત કરીશું.

*શિષ્ય ઈશ્વરને, તેમના પડોશીને અને એકબીજાને પ્રેમ કરે છે*

આપણે જાણીએ છીએ કે ઈસુએ ઈશ્વર પિતાને સમર્પિત જીવનનો સારાંશ કેવી રીતે આપ્યો છે. સૌથી મોટી આજ્ઞાઓ એ હતી કે :

> પ્રભુ તારા દેવ પર તું તારા પૂરા હ્રદયથી, ને તારા પૂરા જીવથી, ને તારા પૂરા મનથી પ્રીતિ કર. પહેલી ને મોટી આજ્ઞા એ છે. અને બીજી એના જેવી જ છે, એટલે જેવી પોતા પર તેવી પોતાના પડોશી પર તું પ્રીતિ કર. આ બે આજ્ઞા આખા નિયમશાસ્ત્ર તથા પ્રબોધકોનો પાયો છે. (માથ્થી ૨૨:૩૭-૪૦)

ઈસુએ આ પ્રમાણે કર્યું. ઈસુએ પોતાના શિષ્યોને કહ્યું કે, “જગત જાણે કે હું બાપ પર પ્રેમ રાખું છું, અને બાપે મને આજ્ઞા આપી છે, તેમ હું કરું છું” (યોહાન ૧૪:૩૧). ઈસુએ કેવી રીતે બતાવ્યું કે તે પિતા પર પ્રેમ રાખે છે? તેમણે ઈશ્વરપિતાની આજ્ઞાઓ પાળી. તેમણે તેમના માટેની ઈશ્વરપિતાની યોજનાને પૂરી કરી. તેમણે તેમને એમ પણ કહ્યું કે, “જેમ બાપે મારા પર પ્રેમ રાખ્યો છે, તેમ મેં પણ તમારા પર પ્રેમ રાખ્યો છે” (યોહાન ૧૫:૯). ઈસુએ તેમના શિષ્યોને પણ એમ જ કરવાનું કહ્યું, અને બે સૌથી મોટી આજ્ઞાઓ એ જ વાત જણાવે છે.

ઈસુએ પોતાની જાતનું ઉદાહરણ આપતાં પોતાના શિષ્યોને કહ્યું કે જેમ તેમણે તેમના પર પ્રેમ રાખ્યો છે તેમ શિષ્યોએ પણ એકબીજા પર પ્રેમ રાખવો જોઈએ. જ્યારે તેમણે તે કર્યું ત્યારે તેમણે ઈસુની આજ્ઞા પાળી અને ઈશ્વરને પ્રસન્ન કર્યા. ઈસુએ તેમને કહ્યું કે :

> પોતાના મિત્રોને સારુ જીવ આપવો, તે કરતાં મોટો પ્રેમ કોઈનો નથી. જે આજ્ઞાઓ હું તમને આપું છું તે જો તમે પાળો તો તમે મારા મિત્ર છો. હવેથી હું તમને દાસ કહેતો નથી; કેમ કે પોતાનો શેઠ જે કરે છે તે દાસ જાણતો નથી; પણ મેં તમને મિત્ર કહ્યા છે; કેમ કે જે વાતો મેં મારા બાપ પાસેથી સાંભળી હતી તે બધી મેં તમને જણાવી છે. તમે મને પસંદ કર્યો નથી, પણ મેં તમને પસંદ કર્યા છે, ને તમને નીમ્યા છે કે, તમે જઈને ફળ આપો, અને તમારાં ફળ કાયમ રહે; જેથી તમે મારે નામે જે કંઈ બાપની પાસે માગો તે

> તમને તે આપે. તમે એકબીજા પર પ્રેમ રાખો માટે હું તમને એ આજ્ઞાઓ આપું છું (યોહાન ૧૫:૧૩-૧૭).

> ...જેવો મેં તમારા પર પ્રેમ રાખ્યો તેવો તમે પણ એકબીજા પર પ્રેમ રાખો. જો તમે એકબીજા પર પ્રેમ રાખો, તો તેથી સર્વ માણસો જાણશે કે તમે મારા શિષ્યો છો (યોહાન ૧૩:૩૪-૩૫).

ઈશ્વર પર અને એકબીજા પર પ્રેમ રાખવો તે ઈસુના મતે તેમના શિષ્યોના મૂળભૂત અને અત્યંત આવશ્યક ચિહ્નો છે. ઈસુએ આ બે આજ્ઞાઓને કોઇપણ રીતે વિરોધાભાસી જોઇ નથી. તે માનસિક તણાવ નહિ પણ એક જ સિક્કાની બે બાજુઓ જેવી છે. તેમને એકબીજાથી અલગ કરી શકાય નહિ.

પણ આપણે કેવી રીતે લોકોને પ્રેમ કરીએ છીએ? પ્રેમની આ સૌથી મોટી અભિવ્યક્તિ તો પોતાનો જીવ આપવાની છે :
"પોતાના મિત્રોને સારુ જીવ આપવો, તે કરતાં મોટો પ્રેમ કોઇનો નથી" (યોહાન ૧૫:૧૩). ઈસુએ આપણા માટે એમ જ કર્યું છે.

> હવે ન્યાયી માણસને સારુ ભાગ્યે જ કોઇ મરે; સારા માણસને સારુ તો કોઇએક કદાચ મરવાને પણ છાતી ચલાવે. પણ આપણે જ્યારે પાપી હતા ત્યારે ખ્રિસ્ત આપણે સારુ મરણ પામ્યો, એમ કરવામાં દેવ આપણા પર પોતાનો પ્રેમ પ્રગટ કરે છે (રોમનોને પત્ર ૫:૭-૮).

આ અંતિમ અભિવ્યક્તિ તરીકે હું ૧ કરિંથીઓને પત્ર ૧૩:૪-૭ સિવાય બીજી કોઇ સારી વ્યાખ્યા વિશે વિચારી શકતો નથી. તેમાં પ્રેમ વિશે જે કહેવાની જરૂર છે તે સઘળું કહેવામાં આવ્યું છે. એ શાસ્ત્રભાગના લક્ષણો આ પ્રમાણે છે :

- પ્રેમ સહનશીલ છે
- પ્રેમ પરોપકારી છે
- પ્રેમ ઈર્ષા કરતો નથી
- પ્રેમ આપવડાઇ કરતો નથી
- પ્રેમ અયોગ્ય રીતે વર્તતો નથી
- પ્રેમ પોતાનું જ હિત જોતો નથી
- પ્રેમ ખીજવાતો નથી
- પ્રેમ અપકારને લેખવતો નથી
- પ્રેમ સત્યમાં હરખાય છે

- પ્રેમ સઘળું ખમે કરે છે
- પ્રેમ સઘળું ખરું માને છે
- પ્રેમ સઘળી વાતોની આશા રાખે છે
- પ્રેમ સઘળું સહન કરે છે

તમે વેલેન્ટાઇન દિવસ અથવા રોમાંચક શૈલીના કાર્ડમાં જણાવેલી યાદીમાં આ મુદ્દાઓ જોઇ શકશો. તે સાચું છે કે આપણે આપણા પતિ/પત્નીને અથવા જે આપણા પતિ/પત્ની બનશે એવી આશા રાખીએ છીએ, તેમને પ્રેમ કરવો જોઇએ. પરંતુ ખરેખર તો ૧ કરિંથીઓને પત્ર ૧૩:૪-૭નો શાસ્ત્રભાગ એવા પ્રેમની વાત કરતો નથી. આપણે સામાન્ય રીતે દરેક લોકોની સાથે આવો વ્યવહાર કરવો જોઇએ. તેમને તે પ્રેમ અસંગત લાગે તો પણ એમ કરવું જોઇએ. ઈશ્વર તે જોશે અને જાણશે.

બીજા કેટલાક વિધાનોને આ યાદીના બીજા વિધાનોના સંદર્ભમાં વાંચવાની જરૂર છે. ઉદાહરણ તરીકે, "પ્રેમ સઘળું ખરું માને છે" એ શબ્દોનું "પ્રેમ સત્યમાં હરખાય છે" એ વાતની સાથે સમતુલન હોવું જ જોઇએ. "પ્રેમ સઘળું ખરું માને છે" એ શબ્દોને અલગ કરીને આપણે એવી સમિક્ષા કરી શકીએ નહિ, કે પ્રેમ ખોટા અને દુષ્ટ શિક્ષણને પણ ખરું માને છે. એવી જ રીતે "પ્રેમ સઘળી વાતોની આશા રાખે છે" એ શબ્દો કોઇના વિરુદ્ધ ભૂંડી આશા રાખવાની વાત જણાવતા નથી. પરંતુ સામાન્ય રીતે આ યાદી સમજવી સરળ છે, અને આ રીતે દૈનિક જીવન જીવવાનો એક પડકાર છે.

આપણે આગળ વધીએ તે પહેલાં હું બીજો એક મુદ્દો જણાવવા માગું છું. શિષ્યપણાના અર્થમાં જેનો સમાવેશ થાય છે તે ઈસુની એ પ્રથમ આજ્ઞા પર આધારીત છે કે, "જેવો મેં તમારા પર પ્રેમ રાખ્યો તેવો તમે પણ એકબીજા પર પ્રેમ રાખો. જો તમે એકબીજા પર પ્રેમ રાખો, તો તેથી સર્વ માણસો જાણશે કે તમે મારા શિષ્યો છો" (યોહાન ૧૩:૩૪,૩૫). એકબીજા પર પ્રેમ રાખવો- લોકોને પ્રેમ કરવો એ તો શિષ્યો જે બીજાં કાર્યો કરે છે (એટલે કે પ્રાર્થના, ઉપવાસ, દાન આપવું, સંગત કરવી વગેરેનું) કેન્દ્રબિંદુ છે. આ બધી બાબતો મૂળભૂત આજ્ઞાની અભિવ્યક્તિ છે.

*શિષ્યો એકબીજાની સંભાળ રાખે છે*

શિષ્યપણાનું આ મૂળ તત્વ એકબીજાને પ્રેમ કરવાના કાર્યની પ્રગતિ છે. એકબીજાની સંભાળ રાખવાનો અર્થ છે *સમુદાયમાં રહીને એકબીજાનું પોષણ કરવું.*

પચાસમાના દિવસ પછી (પ્રેરિતોના કૃત્યો ૨:૧-૪) જ્યારે ઘણાં લોકોએ સુવાર્તા પર વિશ્વાસ કર્યો ત્યારે તેઓ "મંડળી" તરીકે ઓળખાતા સમુદાયનો ભાગ બન્યા (તેમના કિસ્સામાં કહીએ તો - યરૂશાલેમની સ્થાનિક

મંડળી). નવા કરારમાં "મંડળી" શબ્દ કોઇ ઇમારત કે અધિકૃત સંસ્થાને દર્શાવતો નથી. નવો કરાર આપણને કહે છે કે યરૂશાલેમની મંડળી ગરીબી માટે પ્રખ્યાત હતી. તેમની પાસે એકઠા મળવા કોઇ ઇમારત નહોતી (અને ત્યાં સેંકડો નવા વિશ્વાસીઓ હતા; પ્રેરિતોના કૃત્યો ૨:૪૧, ૪૭; ૫:૧૪). તેમનો કોઇ કાયદેસરનો અધિકૃત દરજ્જો નહોતો, તેનો શો અર્થ છે? તો ઈસુના અનયાયીઓ તેમનો નિભાવ કેવી રીતે કરતા હતા? તેમણે એક દ્રઢ અને આત્મ-બલિદાન કરનારા સમુદાયની રચના કરી હતી. ઘણીવાર આધુનિક મંડળીઓમાં આપણે રમતગમતના કોઇ જૂથના પ્રશંસકો કે કોઇ સારા કારણને પરસ્પર રીતે ટેકો આપનારા ટેકેદારો જેવો એક હેતુ રાખનારા જૂથ માટે સમુદાય શબ્દનો પ્રયોગ કરીએ છીએ. આવી સમજ નવા કરારના સમુદાય માટે અધૂરી છે. નવા કરારની મંડળીનો સમદાય તો એક કુટુંબ હતો.

પરસ્પર એક હેતુ સાથે જોડાયેલા લોકો અને કુટુંબ વચ્ચે શો તફાવત છે? શું તમે કોઇની પાસે એવી અપેક્ષા રાખશો કે તમે એક જ બેઇઝબોલ ટીમને પસંદ કરો છો, તેથી તેઓ તમને નાણાં આપે કે તમારું ભાડું ભરે કે તમને કરિયાણું ખરીદી આપે? શું તમે કોઇ વ્યક્તિ પાસેથી એવી અપેક્ષા રાખશો કે તેમણે જેમને મત આપ્યો છે તેમને તમે પણ મત આપ્યો છે, અથવા તો તમે બંનેએ એક જ કારણને માટે નાણાં એકઠા કરવા ૫૦૦૦ મિટર દોડમાં ભાગ લીધો છે, તેથી તે વ્યક્તિ તમને નોકરી આપશે કે તમારી કાર દુરસ્ત કરી આપશે? ના. પણ તમે કુટુંબના સભ્યો પાસેથી મદદની અપેક્ષા રાખશો (કુટુંબીજનો અથવા તો લોહીના સગાંએ એવી રીતે કાર્ય કરવું જોઇએ).

શરૂઆતની મંડળી એવી જ હતી. આ શાસ્ત્રભાગમાં તેની ઝાંખી જોવા મળે છે :

> ત્યારે જેઓએ તેની વાત સ્વીકારી તેઓ બાપ્તિસ્મા પામ્યાં, અને તે જ દિવસે ત્રણેક હજાર માણસ ઉમેરાયાં. તેઓ પ્રેરિતોના બોધમાં, સંગતમાં, રોટલી ભાંગવામાં તથા પ્રાર્થનામાં દૃઢતાથી લાગુ રહ્યાં. બધાં ભયભીત થયાં; અને પ્રેરિતોથી ઘણાં અદ્‌ભુત કૃત્યો, તથા ચમત્કારો થયાં. સર્વ વિશ્વાસ કરનારાઓ ભેગા રહેતા હતા, અને તેઓની બધી મિલકત સામાન્ય હતી. તેઓ પોતાની મિલકત તથા સરસામાન વેચી નાખતા, અને દરેકની અગત્ય પ્રમાણે સર્વને વહેંચી આપતા. તેઓ નિત્ય મંદિરમાં એક ચિત્તે હાજર રહેતા અને ઘેરેઘેર રોટલી ભાંગીને ઉમંગથી તથા નિખાલસ મનથી ભોજન કરતા હતા, અને તેઓ દેવની સ્તુતિ કરતા હતા, અને સર્વ લોકો તેમના પર પ્રસન્ન હતા. વળી પ્રભુ રોજરોજ તારણ પામનારાઓને તેઓમાં ઉમેરતો હતો. (પ્રેરિતોના કૃત્યો ૨:૪૧-૪૭)

આ શાસ્ત્રભાગ સામ્યવાદ કે સમાજવાદની વાત કરતો નથી. તે કોઇ રાજકીય પદ્ધતિની પણ વાત કરતો નથી. આ શાસ્ત્રભાગમાં તમે જે વર્તન જુઓ છો એવું વર્તન કરવા માટે સરકાર તેમને દોરવણી આપતી નથી કે જબદરસ્તી કરતી નથી. તે સંપૂર્ણ રીતે સ્વૈચ્છિક વર્તન હતું. તે એક સ્વસ્થ, સામાન્ય કુટુંબના વર્તનને દર્શાવે છે. કુટુંબો તેમના સભ્યોની જરૂરિયાતો પૂરી પાડતાં હતાં. આ સમુદાયમાં સેંકડો લોકો હતા.

આ તો શિષ્યોના વર્તનનું ચિત્ર છે. તેઓ સમુદાયનું પોષણ કરે છે. તેઓ એક કુટુંબની જેમ એકબીજાને પ્રેમ કરે છે અને એકબીજાને ટેકો આપે છે. તેનો અર્થ એ છે કે એકબીજાને શ્રોતોની વહેંચણી કરે છે. કેટલાક વિશ્વાસીઓની જરૂરિયાત નાણાંકીય હતી તો કેટલાકની સમયની, કે સેવાની, કે આવડતની હતી. મૂળભૂત રીતે જોઇએ તો સમુદાય તેના સભ્યોની જરૂરિયાત પ્રમાણેના કાર્યો કરે છે.

તમને કદાચ એવો વિચાર આવે કે આ સમુદાયમાં તો ઘણાં લોકો હતા તો તેઓ કેવી રીતે એકબીજાને ઓળખી શકે? વિશ્વાસીઓ મંદિરમાં એકઠા થતા હતા (તેનાથી યહુદી આગેવાનો સાથે સંઘર્ષ થયો હતો, પરંતુ સુવાર્તા પ્રચાર માટે તે સારું સ્થાન હતું) અને તેઓ "ઘેરેઘેર પણ એકઠા થતા હતા" (પ્રેરિતોના કૃત્યો ૨:૪૬; ૫:૪૨). તેનો અર્થ એ છે કે યરૂશાલેમની "મંડળી" કે જે મૂળ ખ્રિસ્તી સમુદાય હતો તે વાસ્તવમાં તો નાના સમુદાયોનું માળખું હતું. સમુદાયમાંના કેટલાક લોકો નવા વિશ્વાસીઓને મદદ કરતા હતા અને તેમનો સ્વીકાર કરતા હતા.

આ સમુદાયો નવા વિશ્વાસીઓ માટેનું પ્રવેશદ્વાર હતા. ખ્રિસ્તી સમુદાય તો સુવાર્તાનો સ્વીકાર કરનારા લોકોનો સમુદાય હતો. દરેક સમુદાય તેના સભ્યોને શિષ્યો બનાવવામાં સહભાગી થયો હતો. આ કેવું લાગે છે?

સામાન્ય રીતે જે પ્રથમ કાર્ય થયું એ તો નવા વિશ્વાસીઓનું બાપ્તિસ્મા હતું (પ્રેરિતોના કૃત્યો ૨:૪૧; ૮:૧૨-૧૩; ૧૦:૪૭-૪૮; ૧૬:૧૫). બાપ્તિસ્મા તો ઈસુ અને તેમના શિષ્યો સાથેની ઓળખાણનું જાહેર કાર્ય હતું (બીજા સાક્ષીઓ, એટલે કે બીજા સમુદાયના સભ્યો તેનું અવલોકન કરતા હતા). તે ઘણી બાબતોને દર્શાવે છે, તેમાં ઈસુએ વધસ્તંભ પર કરેલા કાર્યને લીધે તમારાં પાપો માફ કરવામાં આવ્યા છે, અને હવે તમારી પાસે નવું જીવન છે, એ વાતનો સમાવેશ થાય છે (રોમનોને પત્ર ૬:૧-૪; ૨ કરિંથીઓને પત્ર ૫:૧૭). સમુદાયના જીવનમાં પ્રવેશ કરવાનું પ્રથમ પગલું તો બાપ્તિસ્મા હતું. જે વ્યક્તિઓનું બાપ્તિસ્મા થતું હતું તેમણે ઈસુ પરના વિશ્વાસનો સ્વીકાર કર્યો હતો, અને સાક્ષીઓએ તેમના સમર્પણને સ્વીકાર્યું હતું.

જ્યારે વિશ્વાસીઓના સમુદાયો એકઠા થાય છે ત્યારે તેઓ જરૂરિયાતો શોધી કાઢે છે. જો તેઓ તેમના નાના સમુદાયમાંના લોકોની જરૂરિયાતો પૂરી પાડી શકે તેમ હોય તો તેઓ તે જરૂરિયાતો પૂરી પાડે છે. તેનાથી જે વિશ્વાસીઓની જરૂરિયાતો પૂરી પાડવામાં આવી હતી, તેમને ઈસુનું અનુસરણ કરવામાં મદદ પ્રાપ્ત થઇ હતી. જેમની મદદ કરવામાં આવી હતી, તેઓ ઈસુ જેવું જીવન કેવી રીતે જીવી શકાય તે શીખ્યા હતા. જ્યારે નાનો સમુદાય મોટી જરૂરિયાતને પૂરી પાડી શકે તેમ ન હોય ત્યારે વિશ્વાસીઓનું વિસ્તૃત કુટુંબ તેમને મદદરૂપ થતું હતું. સેવાના આ વિસ્તૃત સંકલનને માટે પ્રેરિતો, કે જેઓ ઈસુના મૂળ શિષ્યો અને યરૂશાલેમની વૃદ્ધિ પામતી જતી મંડળીના આગેવાનો હતા, તેમણે આખા સમુદાયમાં "દૈનિક વહેંચણીની"( જેમ કે ભાણું પીરસવાની) ગોઠવણી કરવા માટે મદદનીશોને નિયુક્ત કર્યા હતા (પ્રેરિતોના કૃત્યો ૬:૧-૭).

આ સંદર્ભમાં શરૂઆતની મંડળીઓ “પ્રભુભોજન”કરવા માટે પર્વનું આયોજન કરતી હતી (૧ કરિંથીઓને પત્ર ૧૧:૧૭-૩૪). “પ્રભુભોજન” તો ઈસુએ કરેલા છેલ્લા ભોજનને યાદ કરવાની ઉજવણી હતી. તે ભોજન સમયે ઈસુએ તેમના શિષ્યોને કહ્યું હતું કે દરેક લોકોને માટે તેમનું શરીર ભાંગવામાં આવશે અને તેમનું રક્ત વહેવડાવવામાં આવશે. ઈસુએ તેમને કહ્યું હતું કે તેમના જીવનનું બલિદાન તો “નવા કરારની” પરિપૂર્ણતા છે (લૂક ૨૨:૨૦). પ્રભુભોજનના પર્વનું વર્ણન એ જ વાત જણાવે છે (૧ કરિંથીઓને પત્ર ૧૧:૨૫). પ્રભુભોજન તો ઈસુએ જે કાર્ય કર્યું હતું તેને યાદ કરવાની રીત હતી. ઈસુએ તેમના શિષ્યોને કહ્યું હતું કે “મારી યાદગીરીને સારુ એ કરો” (૧ કરિંથીઓને પત્ર ૧૧:૨૪-૨૫). તે વિશ્વાસીઓના સમુદાયમાંના ગરીબોની કાળજી લેવાની રીત પણ હતી.

*શિષ્યોની સંગત*

“સંગત” તો નવા કરારનો શબ્દ છે જે વિશ્વાસી સમુદાયની પ્રવૃત્તિઓને દર્શાવે છે. એકબીજાની સંભાળ રાખવી તે બાઈબલ આધારીત સંગતનો ભાગ છે, કેમ કે જ્યારે વિશ્વાસીઓ એકઠા મળે છે ત્યારે તેમની જરૂરિયાતોની પારખ કરીને તેને પૂરી પાડવામાં આવે છે. એમ કહેતાં, શિષ્યો જે બીજાં કાર્યો કરે છે તેના વિશે વાત કરવા આપણે સંગતની ટૂંકી ચર્ચા કરવાની જરૂર છે.

ઘણાં ખ્રિસ્તીઓ “સંગતને” એકબીજા સાથે આનંદ કરવાની પ્રવૃત્તિઓની સમાન ગણે છે. હા, સાથે મળીને આનંદની પ્રવૃત્તિઓ કરવાથી સંબંધો મજબૂત બને છે. એકબીજાની સંગતનો આનંદ માણવાથી લોકોના સંબંધોમાં આત્મિયતાની વૃદ્ધિ થાય છે. પરંતુ વાસ્તવિક રીતે શિષ્યો બનવાની વાતમાં આ સંગત બાઈબલ આધારીત નથી.

સાથે મળીને આનંદ કરવો અને બાઈબલ આધારીત સંગત કરવી એ બે બાબત વચ્ચેનો તફાવત એ છે કે ફક્ત એકબીજા સાથે સમય પસાર કરવો તે સંગત નથી. બાઈબલ આધારીત સંગત વધારે ઇરાદાપૂર્વકનું કાર્ય છે.

સંગત કરવાનો ઉદ્દેશ તો ઈસુની હાજરીમાં “એક મનના થવાનો” છે, જેથી “ઈસુનું મન આપણામાં હોય.” બીજા શબ્દોમાં કહીએ તો સંગતનો હેતુ શિષ્યપણું છે. ફિલિપ્પીઓને પત્રમાં જણાવેલી કેટલીક કલમો એ વિચારને પ્રગટ કરે છે :

> માત્ર ખ્રિસ્તની સુવાર્તાને યોગ્ય આચરણ કરો; જેથી ગમે તો હું આવીને તમને જોઉં અથવા દૂર હોઉં તોપણ તમારા વિષે સાંભળું કે તમે સર્વ એક આત્મામાં સ્થિર રહીને એક જીવથી સુવાર્તાના વિશ્વાસને સારુ પ્રયત્ન કરો છો. (ફિલિપ્પીઓને પત્ર ૧:૨૭)

> એ માટે જો ખ્રિસ્તમાં કંઇ ઉત્તેજન, જો પ્રેમનો કંઇ દિલાસો, જો પવિત્ર આત્માની કંઇ સંગત, જો કંઇ હૃદયની કરુણા તથા દયા હોય, તો મારો આનંદ એવી રીતે સંપૂર્ણ કરો કે, તમે એક જ મનના થાઓ, એક સરખો પ્રેમ રાખો, એક જીવના તથા એક દિલના થાઓ...ખ્રિસત ઈસુનું મન જેવું હતું, તેવું તમે પણ રાખો (ફિલિપ્પીઓને પત્ર ૨:૧-૨, ૫).

ખ્રિસ્તનું મન હોવાનો અને વિશ્વાસીઓના સમુદાય તરીકે એક મનના હોવાનો અર્થ શો છે? શું તેનો અર્થ એ છે કે બધા લોકો દરેક વિગતો પર વિશ્વાસ કરે છે? ના. બાઇબલ એકતાની વાત કરે છે, એકરૂપતાની નહિ. "એક મનના થવું" એ વાતને સમજવાની સારી રીત એ છે કે સમુદાયના દરેક સભ્ય ઈસુ જેવા બનવાના એક જ ઉદ્દેશને પૂરો કરે છે. તેનો ઉદ્દેશ ખ્રિસ્ત જેવા બનવાનું કાર્ય કરવા અને વિશ્વાસીઓના સમુદાય તરીકે સાથે રહેવાની સર્વસંમતિ નહિ પણ સુમેળ રાખવાનો છે.

શરૂઆતમાં વિશ્વાસ કરનાર દરેક સમુદાયો આ ઉદ્દેશને પૂરો કરવા ઘણી પ્રવૃત્તિઓમાં કરતા હતા. તેઓ પ્રાર્થના કરતા હતા, સ્તુતિ આરાધના કરતા હતા અને વચનોનો અભ્યાસ કરતા હતા. શિષ્યો વ્યક્તિગત રીતે અને સાથે મળીને આ બધી પ્રવૃત્તિઓ કરે છે. હું તે દરેક અલગ-અલગ પ્રવૃત્તિઓ વિશે વાત કરવા માગું છું.

*શિષ્યો પ્રાર્થના કરે છે*

સામાન્ય અર્થ મુજબ પ્રાર્થના તો ઈશ્વર સાથેની વાતચીત છે. પરંતુ તેમાં વિચારની જરૂર પડે છે. શું ઈશ્વર અગાઉથી જાણતા નથી કે આપણે શું વિચારી રહ્યા છીએ? હા, તે જાણે છે. તો પછી શા માટે પ્રાર્થના કરવી જોઇએ? ઈશ્વરને માહિતી આપવા માટે પ્રાર્થના કરવામાં આવતી નથી. પરંતુ પ્રાર્થના દ્વારા આપણે ઈશ્વરને (અને બીજા લોકોને) જણાવીએ છીએ કે આપણે ઈશ્વર પર આધાર રાખીએ છીએ. પ્રાર્થના કરવા દ્વારા આપણે એ વાતને પ્રગટ કરીએ છીએ, કે આપણે આપણી જાત પર આધાર રાખતા નથી, અને આપણી જાતે સમાધાન શોધી શકતા નથી. પ્રાર્થના ઈશ્વર પરના આપણા આધાર અને ફક્ત ઈશ્વરમાં જ આપણી સલામતી છે, એ વાતને દર્શાવે છે. એ રીતે જોઇએ તો પ્રાર્થના ઈશ્વરની ભક્તિ છે. જૂથમાં કરવામાં આવતી પ્રાર્થનાઓને પણ આ જ અર્થ લાગુ પડે છે.

લૂક ૧૧:૧માં ઈસુના શિષ્યોએ યોહાન બાપ્તિસ્ત અને તેના શિષ્યો વિષે વાત કરતાં ઈસુને પ્રશ્ન પૂછયો કે,

"...પ્રભુ, યોહાને પોતાના શિષ્યોને પ્રાર્થના કરતાં શીખવ્યું તેમ તું પણ અમને શીખવ." (લૂક ૧૧:૨-૪; માથ્થી ૬:૯-૧૫). એક મહત્વની વાતની નોંધ કરવી જરૂરી છે કે ઈસુએ તેમના શિષ્યોને પ્રાર્થના કરતી વખતે કયા શબ્દોનો પ્રયોગ કરવો જોઇએ એવું કહ્યું નહોતું. પરંતુ ઈસુએ તેમને "આ પ્રમાણે પ્રાર્થના કરવાનું" કહ્યું હતું (માથ્થી ૬:૯). ઈસુએ તેમને નમૂનો આપ્યો હતો. ઈશ્વરની સાથે વાત કરવા માટે આપણને કોઇ સુત્રો કે ખાસ

શબ્દોની જરૂર નથી. આપણે ઈશ્વરની સાથે સામાન્ય રીતે વાત કરી શકીએ છીએ. પ્રાર્થના દેખાડો કરવા માટે પણ કરવી જોઇએ નહિ (લૂક ૧૮:૯-૧૪).

ઈસુએ શીખવેલી પ્રાર્થનામાં આપણે જોઇએ છીએ કે જે પ્રાર્થનાની ઈશ્વરને અગાઉથી જાણ ન હોય એવી કોઇ પણ પ્રાર્થના નથી. પ્રાર્થના ઈશ્વરના જ્ઞાનમાં રહેલી ખાલી જગ્યા પૂરવાનું કાર્ય પણ નથી. પરંતુ, ઈસુએ શીખવેલી પ્રાર્થનામાં (“તારું નામ પવિત્ર મનાઓ”) એ શબ્દો તો ઈશ્વરની ભક્તિ અને ઈશ્વર માટેના સન્માનથી ભરપૂર છે, (“તારી ઇચ્છા પૂરી થાઓ”) એ શબ્દો ઈશ્વરની ઇચ્છા પ્રત્યે આપણી આધીનતાને સૂચવે છે, (“જેમ અમે અમારા ઋણીઓને માફ કર્યું છે, તેમ તું અમારા ઋણો અમને માફ કર”) એ શબ્દો માફીને સૂચવે છે, અને (“અમને પરીક્ષણમાં ન લાવ, પણ ભૂંડાઈથી અમારો છુટકો કર”) એ શબ્દો પરીક્ષણ અને ભૂંડાઈથી છુટકારાને સૂચવે છે. પ્રાર્થનાની રચના તો આપણા જીવનો પર રહેલી ઈશ્વરની પ્રભુતાને સ્વીકારવા અને ઈશ્વર પર આધાર રાખવાના વલણનો સ્વીકાર કરવાની છે.

બાઇબલ વ્યક્તિગત અને સામૂહિક પ્રાર્થનાઓથી ભરેલું છે. જો તમે તેને વાંચો તો તમે શીખશો કે પ્રાર્થના દ્વારા આપણે આપણી લાગણીઓને ઈશ્વરની આગળ ઠાલવી શકીએ છીએ. જ્યારે આપણે કોઇ કાર્ય કરીએ છીએ ત્યારે ઈશ્વર તેના વિશે શીખતા નથી. પરંતુ આપણે ઈશ્વરને સમર્પિત થવાનું, ઈશ્વર ભલા છે અને શ્રેષ્ઠ બાબતો જાણે છે તેના પર વિશ્વાસ કરવાનું, અને ઈશ્વરની સહાય માટે વિનંતી કરવાનું શીખીએ છીએ. ઈસુએ કહ્યું કે ઈશ્વર ખરેખર તેમની ઇચ્છાના વિસ્તૃત સંદર્ભ મુજબ ઉત્તર આપશે. બીજા શબ્દોમાં કહીએ તો ઈશ્વરના ઉત્તરો હંમેશા આપણી ઇચ્છા પ્રમાણેના હશે નહિ, પરંતુ ઈશ્વર જાણે છે કે દરેક મનુષ્યના અનુભવ અને વર્તનમાં શું ચાલી રહ્યું છે, તેથી તે પોતાની મોટી યોજના મુજબ કાર્ય કરે છે. ઈશ્વર અનપેક્ષિત રીતે પણ ઉત્તર આપી શકે છે.

બાઇબલ આધારીત પ્રાર્થનાઓ સ્વ-કેન્દ્રિત પણ નથી. તેમાં બીજાઓ માટે આશીર્વાદરૂપ બનવા કે બીજા લોકો પર ઈશ્વરની દયા થાય એ માટે વિનંતી કરવાના ઉદ્દેશનો સમાવેશ થાય છે. પાઉલે જેમને પત્રો લખ્યા તેમનો તેની પ્રાર્થનાઓમાં સમાવેશ કરે છે. પ્રાર્થના તો હંમેશા અથવા મોટા ભાગે આપણી પોતાની જરૂરિયાતો કે માંગણીઓને જ દર્શાવતી નથી.

ઈસુએ વારંવાર પ્રાર્થનાઓ કરી હતી. ઈસુએ સર્વદા પ્રાર્થના કરવા વિશેના પોતાના શિક્ષણને અનુસર્યું હતું (કલોસ્સીઓને પત્ર ૪:૨-૬, લૂક ૧૮:૧-૮). ઈસુની બધી જ પ્રાર્થનાનો ઉત્તર મળ્યો નહોતો - અને તેમને તે સ્વીકાર્ય પણ હતું, કેમ કે તે ઈશ્વરની ઇચ્છા પૂરી કરવાની વધારે કાળજી રાખતા હતા (માથ્થી ૨૬:૩૬-૪૬). પ્રાર્થના માટે આ મહત્વની વાતને યાદ રાખવાની છે. ઈસુએ શીખવ્યું કે જ્યારે આપણે પ્રાર્થના કરીએ છીએ ત્યારે ઈશ્વર તેનો ઉત્તર આપે છે (લૂક ૧૧:૯-૧૩), પણ આપણે એવું માની શકીએ નહિ કે જો આપણે ઈશ્વરને આધીન રહીએ છીએ તો તેમની ઇચ્છાની વિરુદ્ધ આપણી ઇચ્છા પ્રમાણે ઉત્તર આપશે (યાકૂબનો પત્ર ૪:૩; ૧ યોહાન ૩:૨૨; ૫:૧૪).

*શિષ્યો ઉપવાસ કરે છે*

ઘણાં વાચકો કદાચ ઉપવાસથી અજાણ હશે. સામાન્ય રીતે "ઉપવાસ" કરવાનો અર્થ છે કોઇ બાબતથી દૂર *રહેવું.* ભોજન ન કરવાનો "ઉપવાસ". બાઇબલમાં જો કે હંમેશા નહિ પણ ઘણીવાર આપણે આવા ઉપવાસ વિશે વાચીએ છીએ. ઈસુએ ઉપવાસ કર્યા હતા (માથ્થી ૪:૨). ઈસુએ અપેક્ષા રાખી હતી કે તેમના શિષ્યો પણ તેમના આ નમૂનાને અનુસરે અને તેથી તેમણે તેમને ચેતવણી આપી હતી કે જ્યારે તેઓ ઉપવાસ કરે ત્યારે ઢોંગીઓના જેવા ન થાય (માથ્થી ૬:૧૬-૧૮). ઉપવાસ આપણી પોતાની જાત તરફ ધ્યાન દોરવા માટે કરવામાં આવતું કાર્ય નથી. પરંતુ ઈશ્વર તરફ દૃષ્ટિ કરવા માટેનું કાર્ય છે.

ઉપવાસનો અર્થ ફક્ત ખોરાકથી દૂર રહેવાનો નથી. તમે જે બાબતોથી દૂર રહી શકો તે દરેકનો ઉપવાસ કરી શકો છો. ઈસુ વજન ઉતારવાની કોઇ રીતની ભલામણ કરી રહ્યા નહોતા. ઈસુએ ઉપવાસ કર્યા અને જ્યારે ઉપવાસ વિશે વાત કરી ત્યારે તેમના મનમાં અલગ વાત હતી. બાઇબલમાં ઉપવાસના ઘણા ઉદાહરણો આપેલાં છે, પરંતુ તે ઉદાહરણો ચોક્કસ નિયમો નથી. પાઉલે નોંધ્યું છે કે પરણિત દંપત્તિઓ પ્રાર્થનામાં લાગુ રહેવા માટે જાતિય સંબંધથી દૂર રહેવાનો ઉપવાસ કરી શકે છે (૧ કરિંથીઓને પત્ર ૭:૧-૫).

શા માટે એમ કરવું જોઇએ? ૧ કરિંથીઓને પત્ર ૭:૫માં પાઉલે લખ્યું છે કે દંપત્તિઓ એકબીજાની સંમતિ સાથે થોડા સમય માટે જાતિય સંબંધથી દૂર રહે, પણ તેની સાથે એક નિર્દેશ પણ આપે છે કે, "એકબીજાથી જુદાં ન પડો, પણ માત્ર પ્રાર્થનામાં લાગુ રહેવાને વાસ્તે એકબીજાની સંમતિથી થોડી વાર સુધી જુદાં પડો તો પડો..." ઉપવાસ તો પ્રાર્થનામાં ધ્યાન કેન્દ્રિત કરવા માટે મદદરૂપ થનારું આત્મિક કાર્ય છે. તે કેવી રીતે મદદરૂપ થાય છે? કદાચ આ ઉદાહરણ તે સમજવામાં મદદરૂપ થશે. જો તમે એક દિવસના ભોજનનો ઉપવાસ કરવાનો નિર્ણય કરો તો જ્યારે તમને ભૂખ લાગે ત્યારે તમને પ્રાર્થના કરવાનું યાદ આવશે. ઉપવાસ તો તમને યાદ કરાવનારું સાધન છે કે તમે પ્રાર્થનાના નિર્ણય સાથે ઉપવાસ કર્યો છે.

ઉપવાસ વિશે વિચાર કરવાની બીજી રીત તો જે વાત આપણને પ્રાર્થના કરવાથી દૂર લઇ જાય છે, અથવા તો સામાન્ય રીતે ઈશ્વરની સાથેની આપણી યાત્રામાંથી ચલિત કરે છે, એ વાતોને જાણવાની વિનંતી કરવાની છે. તેનો ઉત્તર કદાચ આપણા ફોન, ટી.વી. કે કોઇ શોખ હોઇ શકે છે. આ સઘળી બાબતોને અલગ કરીને આપણે ઈશ્વર અને પ્રાર્થના પર મન લગાવી શકીએ છીએ.

શરૂઆતની મંડળીના સમુદાયોએ સામૂહિક રીતે પ્રાર્થનામાં ધ્યાન આપવા માટે ઉપવાસ કર્યા હતા (પ્રેરિતોના કૃત્યો ૧૩:૧-૩; ૧૪:૨૩). જૂના કરારમાં સામૂહિક રીતે કરવામાં આવતા ઉપવાસ પાપના સામૂહિક દુ:ખ અને પસ્તાવાને દર્શાવે છે (યર્મિયા ૩૬:૬; યોએલ ૨:૧૨).
*શિષ્યો ભજન કરે છે*

તમને કદાચ એમ લાગે કે ભજન કરવું શું છે તે સમજવું અથવા તેની વ્યાખ્યા કરવી સરળ છે. એક રીતે તે સાચું છે અને એક રીતે નહિ. ઘણીવાર આપણે મંડળીની ભક્તિસભામાં સંગીત સાથે જે થાય છે તેને ભજન સમજીએ છીએ. સંગીત અને ગીતો ખ્રિસ્તી મેળાવડાઓનો ભાગ હોવા છતાં પણ તે ભજન નથી, ખાસ કરીને બાઈબલ જે વ્યાખ્યા કરે છે તે મુજબ તો નહિ જ (એફેસીઓને પત્ર ૫:૧૯; કલોસ્સીઓને પત્ર ૩:૧૬). આપણી સંસ્કૃતિનું બીજું એક વલણ તો ભજનનો વિચાર આંતરિક રહસ્યમય લાગણી કે અનુભવ વિશેનો છે. એ પણ ભજન નથી. આપણે એવા ઘણાં શાસ્ત્રભાગો વિચાર કરી શકીએ, પરંતુ હું તમને એવા બે શાસ્ત્રભાગો જણાવવા માગું છું:

> તેથી, ભાઈઓ, હું તમને વિનંતી કરીને કહું છું કે, દેવની દયાની ખાતર તમે તમારાં શરીરોનું જીવતું, પવિત્ર તથા દેવને પસંદ પડે એવું અર્પણ કરો; એ તમારી બુદ્ધિપૂર્વક સેવા છે. આ જગતનું રૂપ તમે ન ધરો; પણ તમારાં મનથી નવીનતાને યોગે તમે પૂર્ણ રીતે રૂપાંતર પામો, જેથી દેવની સારી તથા માન્ય તથા સંપૂર્ણ ઈચ્છા શી છે, તે તમે પારખી શકો (રોમનોને પત્ર ૧૨:૧-૨).

> ઈસુએ સમરૂની સ્ત્રીને કહ્યું : પણ એવી વેળા આવે છે, અને હાલ આવી છે કે, જ્યારે ખરા ભજનારા આત્માથી તથા સત્યતાથી બાપનું ભજન કરશે; કેમ કે એવા ભજનારાઓને બાપ ઈચ્છે છે (યોહાન ૪:૨૩).

આપણે પવિત્ર જીવન જીવવા વિશેની ચર્ચા કરતી વખતે પ્રથમ વચન વિશે અગાઉ વાત કરી ચૂક્યાં છીએ. ઈસુ જેવું જીવન જીવો. આ જગતનું રૂપ ન ધરો, એટલે કે તેનાં મૂલ્યો અને આત્મસંતોષની પાછળ પડશો નહિ. એ ભજન છે. સાચું ભજન તો હૃદય સાથે સંકળાયેલી વાત છે.

બીજો શાસ્ત્રભાગ એક ચોક્કસ કારણને લીધે રસપ્રદ છે. ઈસુએ સમરૂની સ્ત્રીને કહ્યું કે, ઈશ્વર તેમને ભજનારા લોકોને ઈચ્છે છે. તેથી ભજન આપણાથી શરૂ થતી બાબત નથી. આપણને ઈશ્વરની ભલાઈ અને પ્રેમનો પ્રત્યુત્તર આપવાનું આમંત્રણ આપવામાં આવ્યું છે. તે કેવી રીતે અને ક્યાં કરીશું તે અલગ હોઈ શકે છે. આપણે વ્યક્તિગત રીતે અથવા સંગીત સાથે, મંડળીની ભક્તિસભામાં અથવા દેવળની બહાર પણ તે કરી શકીએ છીએ. આપણે જાહેરમાં, કે બીજા વિશ્વાસીઓ સાથેની સંગતમાં પણ તે કરી શકીએ છીએ.

જ્યારે વિશ્વાસીઓ સંગતમાં એકઠા મળે છે ત્યારે તેઓ એકબીજાને "પ્રેમ રાખવા તથા સારાં કામ કરવા અરસપરસ ઉત્તેજન આપે છે" (હિબ્રૂઓને પત્ર ૨૪-૨૫). બીજા શબ્દોમાં કહીએ તો તેઓ એકબીજાને આત્મિક ભજન કરવા અને ઈસુનું અનુકરણ કરવા ઉત્તેજન આપે છે. તેઓ ઈશ્વરની ભલાઈ, પ્રેમ અને તેમના જીવનમાં ઈશ્વરની હાજરીને માટે ઈશ્વરની સ્તુતિ કરે છે (પ્રેરિતોના કૃત્યો ૨:૪૬-૪૭; યાકૂબનો પત્ર ૫:૧૩). સ્તુતિ આરાધનામાં ગીતો ગાવાનો અને સંગીતનો સમાવેશ થાય છે (માથથી ૨૬:૩૦; એફેસીઓને પત્ર ૫:૧૯;

કલોસ્સીઓને પત્ર ૩:૧૬), પરંતુ ભૂલથી તે બંને બાબતોને પવિત્ર જીવન જોડવામાં આવી છે. "જેથી જે શ્રેષ્ઠ છે તે તમે પારખી લો, અને એમ તમે ખ્રિસ્તના દહાડા સુધી નિષ્કલંક તથા નિર્દોષ થાઓ; અને દેવની સ્તુતિ તથા મહિમા વધવા માટે ઈસુ ખ્રિસ્ત દ્વારા ન્યાયીપણાનાં ફળોથી તમે ભરપૂર થાઓ" (ફિલિપ્પીઓને પત્ર ૧:૧૦-૧૧).

આપણે એ વાસ્તવિકતાથી નજર ફેરવી શકીએ નહિ કે ઈશ્વર પ્રત્યેની "આપણી આત્મિક ભક્તિ (કે સેવા)" સ્વભાવગત રીતે આપણી જીવનશૈલી સાથે જોડાયેલી છે (રોમનોને પત્ર ૧૨:૧-૨). તે ઘરમાં કે દેવળમાં પ્રાપ્ત થતો ૩૦ મિનિટનો અનુભવ નથી. પરંતુ એ તો ઈશ્વર દ્વારા દોરવાતું જીવન છે.

*શિષ્યો તેમનાં પાપોની કબૂલાત કરે છે અને માફી પ્રાપ્ત કરે છે*

શિષ્યો જ્યારે ઈસુની સાથેની તેની યાત્રાની શરૂઆત કરે છે ત્યારે જે બાબતો થાય છે તેમાંની એક બાબત એ છે કે તેઓ નિષ્ફળ જશે. આપણામાંનું કોઈપણ વ્યક્તિ ઈસુ જેવું પાપરહિત નથી ( ૨ કરિંથીઓને પત્ર ૫:૧૨; ૧ પિતરનો પત્ર ૨:૨૧-૨૨; ૧ યોહાન ૩:૫) અને આપણે એવા બનવાની આશા પણ રાખી શકીએ નહિ. બાઈબલ એ વાત પર સ્પષ્ટ છે. શિષ્યોએ પાપ કર્યું હતું (માર્ક ૧૪:૩૦, ૬૮, ૭૨). તેઓમાંનાં એક શિષ્ય યોહાને તેના પત્રમાં લખ્યું છે કે :

> પણ જેમ તે પ્રકાશમાં છે, તેમ જો આપણે પ્રકાશમાં ચાલીએ, તો આપણને એકબીજાની સાથે સંગત છે, અને તેના પુત્ર ઈસુનું રક્ત આપણને સઘળાં પાપથી શુદ્ધ કરે છે. આપણામાં પાપ નથી, એમ જો આપણે કહીએ, તો આપણે પોતાને ઠગીએ છીએ, અને આપણામાં સત્ય નથી. જો આપણે આપણાં પાપ કબૂલ કરીએ, તો આપણાં પાપ માફ કરવાને તથા આપણને સર્વ અન્યાયથી શુદ્ધ કરવાને તે વિશ્વાસુ તથા ન્યાયી છે. આપણે પાપ કર્યું નથી, એવું જો આપણે કહીએ, તો આપણે તેને જૂઠો પાડીએ છીએ, અને તેનું વચન આપણામાં નથી (૧ યોહાન ૧:૭-૧૦).

જો કે તે જાણવું અદ્દ્ભુત છે કે ઈશ્વરના કુટુંબમાં આપણું સભ્યપણું તે આપણા કાર્યો પર આધારીત નથી. આપણા સારાં કૃત્યો ઈશ્વરને આપણા દેવાદાર બનાવી શકતા નથી. આપણે જે કોઈ સારા કૃત્યો વિશે વિચાર કરી શકીએ તેમાંના એક પણ કૃત્ય દ્વારા આપણને અનંતજીવન આપવા માટે ઈશ્વર આપણા દેવાદાર નથી. તેથી આપણામાં રહેલી સારા કૃત્યોની અછત ઈશ્વરને આપણાથી દૂર કરતી નથી. "આપણે જ્યારે પાપી હતા" ત્યારે ઈશ્વરે આપણા પર પ્રેમ રાખ્યો (રોમનોને પત્ર ૫:૮). તેથી તેને પરિણામે આપણે એ યાદ રાખવું જ જોઈએ કે નૈતિક પરિપૂર્ણતાને લીધે તારણ પ્રાપ્ત કરી શકાતું નથી, તેથી નૈતિક અપૂર્ણતાને લીધે તેને ગુમાવી શકાતું પણ નથી.

આપણામાં રહેલી અપૂર્ણતાને ધ્યાનમાં રાખીને ઈસુના ખરા શિષ્યએ ઈશ્વરની ભલાઇ અને પ્રેમ પર જ લક્ષ રાખવું જોઇએ. યોહાનના પત્રમાં જણાવેલ શાસ્ત્રભાગને ફરીથી વાંચો. તે આપણને સ્પષ્ટપણે જણાવે છે કે આપણે નિષ્ફળ જઇએ ત્યારે શું કરવાનું છે, એટલે કે ઈસુનું અનુસરણ કરવામાં જે અછત છે તેને દૂર કરવાની છે, અથવા તો ઈસુ જેવા બનવા માટે જે કાર્યો કર્યાં નથી તે કાર્યો કરવાના છે : ''જો આપણે આપણાં પાપ કબૂલ કરીએ, તો આપણાં પાપ માફ કરવાને તથા આપણને સર્વ અન્યાયથી શુદ્ધ કરવાને તે વિશ્વાસુ તથા ન્યાયી છે.''

આપણે જ્યારે પાપ કરીએ છીએ કે નિષ્ફળ જઇએ છીએ ત્યારે આપણે આ વાતને યાદ રાખવાની જ છે. કબૂલાતનો અર્થ એ જ છે. આપણે આપણા પાપોને છુપાવવાના નથી, તેના માટે બહાના બનાવવાના નથી કે ખોટા તર્ક કરવાના નથી. ઈશ્વર ઇચ્છે છે કે આપણે આપણા પાપોની કબૂલાત કરીએ. શા માટે? કેમ કે આપણે નમ્ર થવાની જરૂર છે. આપણે એ યાદ રાખવાની જરૂર છે કે તારણ તો ઈસુએ આપણા માટે કરેલા કાર્યોને લીધે જ પ્રાપ્ત થાય છે, આપણે તેને કમાઇ શકતા નથી. કબૂલાત તો ઈસુને લીધે આપણે ઈશ્વરનાં બાળકો છીએ એ વાતને સ્વીકારે છે. આપણે એવી ખાતરી રાખી શકીએ કે આપણું પાપ આપણને ઈશ્વરથી અલગ કરતું નથી; આપણા પાપને લીધે આપણને ઈશ્વરના કુટુંબમાંથી બહાર કાઢી મૂકવામાં આવશે નહિ (રોમનોને પત્ર ૮:૩૧-૩૯). આપણે સુવાર્તાનો સ્વીકાર કર્યો તે પહેલાંથી ઈશ્વર જાણે છે કે આપણે ભૂલો કરીએ છીએ. તેનાથી ઈશ્વરને કોઇ આશ્ચર્ય થતું નથી. તેનાથી આપણા પ્રત્યેની ઈશ્વરની લાગણી બદલાઇ જતી નથી.

તો પછી સ્વાભાવિકપણે આપણને એ પ્રશ્ન થાય કે શા માટે આપણે પાપની ચિંતા કરવી જોઇએ? નવા કરારના શિષ્યોએ લોકોમાં એ વલણને જોયું હતું. પાઉલ પ્રેરિતે રોમમાંના ખ્રિસ્તીઓને લખેલા પત્રમાં એ વાત લખી છે :

> ત્યારે આપણે શું કહીએ? કૃપા અધિક થાય તે માટે શું આપણે પાપ કર્યા કરીએ? ના, એવું ન થાઓ; આપણે પાપના સંબંધમાં મૂઆ, તો પછી એમાં કેમ જીવીએ?...તમે પાપની દુર્વાસનાઓને આધીન ન થાઓ, એ માટે તમે તેને તમારા મર્ત્ય શરીરમાં રાજ કરવા ન દો. વળી તમારા અવયવોને અન્યાયનાં હથિયાર થવા સારુ પાપને ન સોંપો; પણ મૂએલાંમાંથી સજીવન થયેલા એવા તમે પોતાને દેવને સોંપો, તથા પોતાના અવયવોને ન્યાયીપણાનાં હથિયાર થવા સારુ દેવને સોંપો. કારણ કે પાપ તમારા પર રાજ કરશે નહિ; કેમ કે તમે નિયમને આધીન નથી, પણ કૃપાને આધીન છો. તો શું? આપણે નિયમને આધીન નથી, પણ કૃપાને આધીન છીએ, તે માટે શું આપણે પાપ કરીએ? ના, એવું ન થાઓ. શું તમે નથી જાણતા કે, જેની આજ્ઞા પાળવા સારુ તમે પોતાને દાસ તરીકે સોંપો છો, એટલે જેની આજ્ઞા તમે પાળો છો, તેના દાસ તમે છો; ગમે તો મોતને અર્થે પાપના, અથવા ન્યાયીપણાને અર્થે આજ્ઞાપાલનના? (રોમનોને પત્ર ૬:૧-૨, ૧૨-૧૬).

એ વાત પર ધ્યાન આપો કે બાઇબલ એમ નથી કહેતું કે, ''જો તમે પાપ કરશો તો ઈશ્વર તમને પ્રેમ કરશે નહિ!'' પરંતુ બાઇબલ આત્મ-વિનાશના બંધનમાં પાછા ન ફરવા વિશેની વાત કરે છે. તેથી એક રીતે એમ કહી શકાય કે

આપણે પાપ કરીશું નહિ, પણ બીજી રીતે એમ પણ કહી શકાય કે આપણે પાપની અવગણના કરવી જોઇએ. પાઉલ પ્રેરિત આ સંઘર્ષને સારી પેઠે જાણતો હતો (રોમનોને પત્ર ૭:૭-૨૫), છતાં પણ તે ઈસુનો પ્રખર અનુયાયી હતો. નવો કરાર આપણા મનમાં થતા યુદ્ધ વિષે આપણને સાવધ કરે છે. આપણા હૃદયો ઈસુની પાછળ ચાલવાની ઈચ્છા રાખે છે, પરંતુ આપણામાં રહેલી અપૂર્ણતા, જીવન જીવવાની આપણી રીતની પ્રતિષ્ઠા અને આત્મસંતોષ ઈચ્છે છે (૧ પિતરનો પત્ર ૨:૧૧; યાકૂબનો પત્ર ૪:૧).

આપણે ઈસુની પાછળ ચાલીએ છીએ ત્યારે એ સારો વિચાર છે કે "ખુલ્લા મનથી ઈશ્વરની સાથે સંબંધ જાળવો." મુખ્ય વિચાર તો એ છે કે જ્યારે આપણે નિષ્ફળ જઇએ છીએ, ત્યારે આપણે તરત જ ઈશ્વરની આગળ તેની કબૂલાત કરીને માફીને માટે ઈશ્વરનો આભાર માનવો જોઇએ. આપણે યાદ રાખવું જોઇએ કે ઈસુએ આપણા પાપની કેટલી મોટી કિંમત ચૂકવી છે. આપણે ઈશ્વરના ભાઇ અને બહેન બની શકીએ તે માટે "આપણે જ્યારે પાપી હતા ત્યારે" ઈસુ આપણા માટે મરણ પામ્યા, તેથી આપણે વફાદારી સાથે પ્રેમથી ઈશ્વરની પાછળ ચાલવું જોઇએ અને તેમનો આભાર માનવો જોઇએ.

*શિષ્યો બાઈબલ અભ્યાસ કરે છે*

શરૂઆતની મંડળીમાં શિષ્યો પ્રેરિતોનું શિક્ષણ સાંભળતા હતા અને વચનોનો અભ્યાસ કરતા હતા. પાઉલ અને બીજા પ્રેરિતો અને મિશનરીઓએ પણ જ્યારે બીજાં સ્થળોએ મંડળીઓની શરૂઆત કરી ત્યારે એમ જ કર્યું હતું (પ્રેરિતોના કૃત્યો ૨:૪૨; ૪:૨; ૫:૪૨; ૧૭:૧૦-૧૧; ૧૮:૧૧; ૨૦:૨૦). નવા કરારના સમયમાં બાઈબલ શીખવાની આ એક સર્વસામાન્ય પદ્ધતિ હતી કેમ કે મોટા ભાગના લોકોની પાસે તેમનું પોતાનું બાઇબલ નહોતું. ઘણાં વિશ્વાસીઓ વાંચી શકતા નહોતા. આપણે શિક્ષિત સંસ્કૃતિનો ભાગ છીએ, અને આપણી પાસે આપણું પોતાનું બાઇબલ છે, છતાં પણ આપણે સમુદાયમાં રહીને બાઇબલ શીખવાનો લાભ પ્રાપ્ત કરી શકીએ છીએ.

ઈસુની પાછળ ચાલવા માટે ઈશ્વરના વચનો શીખવાની જરૂર છે. આપણે કેવી રીતે પાપ વિશે (એટલે કે જે વર્તન અને વલણને છોડી દેવું જોઇએ તેના વિશે) અને પવિત્ર આત્માથી ભરપૂર જીવન વિશે (એટલે કે આપણે કેવું વર્તન કરવું જોઇએ તેના વિશે) કેવી રીતે શીખી શકીએ? વચનો આપણને શીખવે છે કે "આપણે કપટવાસનાઓથી ભ્રષ્ટ થતું આપણી આગલી વર્તણૂકનું જૂનું માણસપણું દૂર કરીને આપણી મનોવૃત્તિઓમાં નવા થવાનું છે, અને નવું માણસપણું જે દેવના મનોરથ પ્રમાણે ન્યાયીપણામાં તથા સત્યની પવિત્રતામાં સરજાયેલું છે તે પહેરી લેવાનું છે." (એફેસીઓને પત્ર ૪:૨૨-૨૪). આપણે સુવાર્તા પર વિશ્વાસ કરવા દ્વારા ઈશ્વરના કુટુંબનો ભાગ બનીએ છીએ અને પવિત્ર આત્મા આપણામાં રહે છે (૧ કરિંથીઓને પત્ર ૩:૧૬-૧૭; ૬:૧૯-૨૦; ૨ કરિંથીઓને પત્ર ૬:૧૬; એફેસીઓને પત્ર ૨:૨૨) અને ફળદાયી જીવન જીવવા માટે મદદ કરે છે :

> પણ જો તમે આત્માથી દોરાતા હો, તો તમે નિયમશાસ્ત્રને આધીન નથી. દેહનાં કામ તો ખુલ્લાં છે, એટલે વ્યભિચાર, અપવિત્રતા, લંપટપણું, મૂર્તિપૂજા, જાદુ, વૈરભાવ, કજિયાકંકાશ, ઈર્ષા, ક્રોધ, ખટપટ, કુસંપ, પક્ષાપક્ષી, અદેખાઇ, છાકટાઇ, વિલાસ તથા એઓના જેવાં કામ; જેમ પહેલાં મેં તમને ચેતાવ્યા હતા તેમ તેઓ વિષે હમણાં પણ ચેતાવું છું કે, જેઓ એવાં કામ કરે છે તેઓ દેવના રાજ્યનો વારસો પામશે નહિ. પણ પવિત્ર આત્માનું ફળ પ્રેમ, આનંદ, શાંતિ, સહનશિલતા, માયાળુપણું, ભલાઇ, વિશ્વાસુપણું, નમ્રતા તથા સંયમ છે; એવાંની વિરુદ્ધ કોઇ નિયમ નથી. જેઓ ખ્રિસ્તના છે, તેઓએ દેહને તેના વિષયો તથા ઇચ્છાઓ સુદ્ધાં વધસ્તંભે જડયો છે. (ગલાતીઓને પત્ર ૫:૧૮-૨૪)

શિષ્યો તેમના જીવનમાં ઈશ્વરના વચનો અને ઈશ્વરના વચનો પ્રમાણે જીવવાનું શીખે છે. ઈસુએ પણ ઈશ્વરપિતાની ઇચ્છા પૂરી કરીને બતાવ્યું કે તે ઈશ્વર પર પ્રેમ રાખે છે. શિષ્યોનો સમુદાય તો ઈશ્વરને પ્રેમ કરવામાં મદદરૂપ થવા માટે મહત્વનો ભાગ ભજવે છે. આ સમુદાયમાં આપણે ઘણા વર્ષોથી ઈસુને અનુસરનારા પરિપક્વ વિશ્વાસીઓના સંપર્કમાં આવીએ છીએ. જ્યારે તેમણે "જૂનું માણસપણું દૂર કરીને નવું માણસપણું પહેરી લીધું" ત્યારે તેમનું જીવન કેવી રીતે બદલાઇ ગયું, તે વિશે આપણે શીખી શકીએ છીએ. જ્યારે આપણે ઈસુ જેવા બનવાના માર્ગ પર ચાલવામાં સંઘર્ષ કરીએ છીએ ત્યારે તેમની પાસેથી ઉત્તેજન પામી શકીએ છીએ. તેઓ આપણને ઈશ્વરના પ્રેમ અને માફીને યાદ કરાવી શકે છે. પાપથી પાછા ફરીને સારાં કૃત્યો કરવા માટે દરેક ખ્રિસ્તી વ્યક્તિ સંઘર્ષ કરે છે તે તેઓ સમજે છે (૧ યોહાન ૧:૫-૧૦). પ્રેરિતોએ પણ પાપથી પાછા ફરીને સારાં કૃત્યો કરવા માટે સંઘર્ષ કર્યો હતો (રોમનોને પત્ર ૭:૭-૨૫; ગલાતીઓને પત્ર ૨:૧૧-૧૪). જ્યારે આપણે ઈસુના જેવા બનવાનો પ્રયત્ન કરીએ છીએ ત્યારે સમુદાયનો અર્થ છે જવાબદારી, સહાનુભૂતિ, અને ઉત્તેજન.

*શિષ્યો સહન કરે છે*

આ મૂળ તત્વ તમને આશ્ચર્ય પમાડી શકે છે, પરંતુ નવા કરારમાં તે સ્પષ્ટ છે. ઈસુએ તેમના શિષ્યોને કહ્યું હતું કે :

> જો જગત તમારા પર દ્વેષ રાખે છે, તો તમારા અગાઉ તેણે મારા પર દ્વેષ રાખ્યો છે, એ તમે જાણો છો. જો તમે જગતના હોત તો જગત પોતાનાંના ઉપર પ્રેમ રાખત; પરંતુ તમે જગતના નથી, પણ મેં તમને જગતમાંથી પસંદ કર્યા છે, તે માટે જગત તમારા પર દ્વેષ રાખે છે. દાસ પોતાના શેઠથી મોટો નથી, એવી જે વાત મેં તમને કહી તે યાદ રાખો. જો તેઓ મારી પૂઠે પડયા, તો તેઓ તમારી પૂઠે પણ પડશે... (યોહાન ૧૫:૧૮-૨૦)

આવા સમયે જ વિશ્વાસની વફાદારીની પરખ થાય છે. આપણે આપણું જીવન કેવી રીતે જીવવું જોઇએ તે માટે હૃદયના બદલાણ વિશે શીખવું અલગ વાત છે અને વાસ્તવમાં ઈસુનું અનુસરણ કરીને તેમના માટે દુઃખ સહન કરવું તે અલગ વાત છે. પ્રેરિતોએ ઈસુનું અનુસરણ કરવા માટે દુઃખ સહન કર્યું હતું (પ્રેરિતોના કૃત્યો ૫:૪૧;

૯:૧૬; ૨૧:૧૩; ૨ કરિંથીઓને પત્ર ૧૧:૨૨-૨૯). વિશ્વાસને દ્રઢતાથી પકડી રાખવો તે નવા કરારનો વિષય છે (રોમનોને પત્ર ૮:૧૭-૧૮; ૨ કરિંથીઓને પત્ર ૧:૩-૭; ફિલિપ્પીઓને પત્ર ૧:૨૭-૩૦; ૧ પિતરનો પત્ર ૩:૧૩-૧૭). મૂળ બાર શિષ્યોમાંના એક શિષ્ય પિતરે ઈસુને દુઃખ સહન કરતાં જોયા હતા અને તેના વિશ્વાસને લીધે બંદીખાનામાં પણ ગયો હતો (પ્રેરિતોના કૃત્યો ૧૨:૧-૧૯). તેણે સતાવણીને લીધે વિખેરાઇ ગયેલાં લોકોને લખ્યું છે :

> કેમ કે જ્યારે પાપ કરવાને લીધે તમે માર ખાઓ છો ત્યારે જો સહન કરો છો, તો તેમાં પ્રશંસાપાત્ર શું છે? પણ સારું કરવાને લીધે જ્યારે તમે દુઃખ ભોગવો છો, ત્યારે જો સહન કરો છો, તો એ દેવની નજરમાં પ્રશંસાપાત્ર છે. કારણ કે એને માટે તમને તેડવામાં આવ્યા છે; કેમ કે ખ્રિસ્તે પણ તમારે માટે સહન કર્યું, અને તમે તેને પગલે ચાલો, માટે તેણે તમોને નમૂનો આપ્યો છે. તેણે કંઇ પાપ કર્યું નહિ, અને તેના મોંમાં કદી કંઇ કપટ માલૂમ પડયું નહિ. તેણે નિંદા સહન કરીને સામી નિંદા કરી નહિ; પણ અદલ ન્યાય કરનારને પોતાને સોંપી દીધો (૧ પિતરનો પત્ર ૨:૨૦-૨૩).

દુઃખ સહન કરવાની વાત આપણને એ યાદ કરાવે છે કે સુવાર્તા આપણને આપણા જીવનમાં સરળતા અને વિશ્રાંતિનું વચન આપતી નથી, પરંતુ આવનારા જીવનમાં ઈશ્વરના કુટુંબમાં અનંતજીવનનું વચન આપે છે. આ જગત આપણું વાસ્તવિક ઘર નથી.

*શિષ્યો વધારે શિષ્યો બનાવે છે*

શિષ્ય હોવાનું સૌથી મહત્વનું પાસું ઈશ્વરને, આપણા પડોશીને અને એકબીજાને પ્રેમ કરવાનું છે, પરંતુ શિષ્ય હોવાની સૌથી મહત્વની વાત બીજા શિષ્યો બનાવવાની છે. ઈસુએ તેમના સ્વર્ગારોહણ પહેલાં તેમના શિષ્યોને આ કાર્ય કરવાની આજ્ઞા આપી હતી. એ જ કારણને લીધે તે આજ્ઞાને મહાન આદેશ પણ કહેવામાં આવે છે :

> "અને ઈસુએ ત્યાં આવીને કહ્યું કે, આકાશમાં તથા પૃથ્વી પર સર્વ અધિકાર મને અપાયો છે. એ માટે તમે જઇને સર્વ દેશનાઓને શિષ્ય કરો; બાપ તથા દીકરા તથા પવિત્ર આત્માને નામે તેઓને બાપ્તિસ્મા આપતા જાઓ; મેં તમને જે જે આજ્ઞા કરી તે સર્વ પાળવાનું તેઓને શીખવતા જાઓ; અને જુઓ, જગતના અંત સુધી હું સર્વકાળ તમારી સાથે છું." (માથ્થી ૨૮:૧૮-૨૦)

"સર્વ દેશનાઓને શિષ્ય કરો." આ કાર્ય બાઇબલની વાતનો મોટો ભાગ છે. દેશોને ગુલામ બનાવનાર અલૌકિક અધિપતિઓનો અધિકાર તેમની પાસેથી લઇ લેવામાં આવ્યો છે. ઈશ્વર ઇચ્છે છે કે તેમાં બાળકો, એટલે કે તેમનાં સહભાગીઓ અને તેમના પુત્ર ઈસુ ખ્રિસ્તના શિષ્યો દરેક સ્થળે સુવાર્તા પ્રગટ કરે. ઈશ્વર શક્ય એટલાં વધારે

લોકોને તેમના કુટુંબના સભ્યો કરી લેવાની ઇચ્છા રાખે છે. આપણું કાર્ય એ લોકોને સુવાર્તા પ્રગટ કરવાનું, સુવાર્તા પ્રમાણે જીવન જીવવાનું અને તેમને ઈશ્વરના કુટુંબમાં લાવવાનું તથા એ જ કાર્ય કરવાનું શીખવવાનું છે.

આપણે કેવી રીતે એ કાર્ય કરીશું? આપણે કેવી રીતે સુવાર્તા પર વિશ્વાસ કર્યો એ સાક્ષી તેમને આપવાની છે. એ ખૂબ જ સરળ છે.

પ્રથમ તો તમે સુવાર્તા પર વિશ્વાસ કરીને ઈસુ દ્વારા માફી પ્રાપ્ત કરી તે પહેલાં તમારું જીવન કેવું હતું એ વાત લોકોને કહેવાની છે. લોકોને વાતો સાંભળવી ગમે છે, ખાસ કરીને બીજા લોકોની વાતો સાંભળવી ગમે છે. શા માટે? કેમ કે દરેક વ્યક્તિની વાતમાં એવું કંઇક હોય છે જે તેના સાંભળનારની વાત સાથે જોડાય છે. જ્યારે તમે કોઇ વ્યક્તિને સુવાર્તા પર વિશ્વાસ કર્યા પહેલાંની તમારી વાત કહેશો ત્યારે તેમના જીવનની કેટલીક વિગતો લગભગ એકસરખી જ હશે - અથવા તો તમારી વાતની સાથે જોડાય એવી ઘણી વિગતો તેમના જીવનમાં પણ હશે.

બીજું, તેમને કહો કે શા માટે સુવાર્તા સાંભળીને તેના પર વિશ્વાસ કરવાથી તમારા જીવનમાં નવો વણાંક આવ્યો છે. સામાન્ય રીતે એ વાત આપણા પાપોની માફી સાથે સંકળાયેલી હોય છે. આપણે આપણી જાત સાથે કે બીજા લોકોની સાથે જે બાબતો કરી છે એ બાબતો હોવા છતાં પણ ઈશ્વર આપણને પ્રેમ કરે છે, અને આપણને તારણ પ્રાપ્ત કરવાનો પ્રસ્તાવ આપે છે. ત્યારબાદ જેમ ઈશ્વરે શરૂઆતથી ઇચ્છા રાખી હતી તેમ આપણને માફી પ્રાપ્ત થાય અને આપણે ઈશ્વરની સાથે અનંતજીવન પામી શકીએ તે માટે કેવી રીતે ઈશ્વરે ઈસુ ખ્રિસ્તને મોકલી દીધા એ વાત જણાવો.

ત્રીજું, સુવાર્તા પર વિશ્વાસ કરવાથી અને માફી પ્રાપ્ત કરવાથી તમારા જીવન પર કેવી અસર થઇ છે એ વાત લોકોને જણાવો. તેમને કહો કે ઈશ્વરની માફી, પ્રેમ અને અનંતજીવનનું વચન જાણવું તે શું છે! તેમને કહો કે તેનાથી તમે પોતે કોણ છો અને શા માટે આ પૃથ્વી પર છો તે વિશેની તમારી વિચારસરણી કેવી રીતે બદલાઇ છે. તેમને કહો કે સુવાર્તાનો અંગીકાર કરવાથી તમે કેવા બદલાઇ ગયા છો.

કેટલાક લોકો બદલાણ પામેલા હૃદયની સાબિતી માગશે. એ સ્વાભાવિક છે - અને ઈસુનું અનુસરણ કરવાની તક છે. એ જ તો પવિત્ર જીવન જીવવાના કારણોમાંનું મહત્વનું કારણ છે. ઈસુએ લોકોને પ્રેમ કર્યો અને તેમની સેવા કરી. દરેક લોકો બીજા લોકો પાસેથી પ્રેમ અને વિશ્વાસનીયતાની ઇચ્છા રાખે છે. જેવો પ્રતિભાવ ઈસુ લોકોને આપે છે, એવો પ્રતિભાવ આપવો જરૂરી છે. લોકો એ પ્રતિભાવને ધ્યાનમાં લેશે. કોઇ વ્યક્તિ તેમને પ્રેમ કરે છે કે નહિ તે તેઓ જાણશે. બધાએ ઈસુ પર વિશ્વાસ કર્યો નહોતો, તેથી જ્યારે તમે સુવાર્તા આપશો અને તેમની સાથે ઈસુ જેવો વ્યવહાર કરશો ત્યારે પણ બધા જ લોકો વિશ્વાસ કરશે નહિ. પણ *કેટલાક લોકો વિશ્વાસ કરશે.*

## મહત્વના નામો અને શબ્દો (શબ્દાવલી)

- આ યાદીમાં જે શબ્દો આપેલાં છે તે શબ્દોની વિગતો વિશે આ પુસ્તકમાં વિગતવાર જણાવેલું નથી. પુસ્તકમાં જે શબ્દો ઘાટા શબ્દો છે તે શબ્દોનો આ શબ્દાવલીમાં સમાવેશ કરેલો છે.

**ઈબ્રાહિમ** - જે લોકો ઈસ્રાએલીઓ અથવા તો યહૂદીઓ તરીકે ઓળખાશે તેમના પિતા તરીકે પસંદ કરવામાં આવેલો ઈશ્વરનો સેવક.

**પ્રેરિતોના કૃત્યો** - નવા કરારમાં શરૂઆતના ખ્રિસ્તીઓના ઈતિહાસ વિશે જણાવતું પુસ્તક.

**આદમ અને હવા** - ઈશ્વરે બનાવેલા પ્રથમ બે મનુષ્ય (પુરુષ અને સ્ત્રી).

**દૂતો** - ઈશ્વરની અને ઈસુમાંનાં વિશ્વાસીઓની સેવા કરનારા અલૌકિક વ્યક્તિઓ. મૂળ હિબ્રૂ અને ગ્રીક ભાષામાં જણાવેલા "દૂત" શબ્દનો અનુવાદ છે "સંદેશવાહક". તેથી "દૂત" શબ્દ તેના કાર્યની વિગતને જણાવે છે - એ શબ્દ ઈશ્વરના રાજ્યમાંના લોકોને સંદેશા પહોંચાડવાના કાર્યને જણાવે છે. વધુ વિગતો માટે શબ્દાવલી પછી આપવામાં આવેલ "અલૌકિક બાબતો વિષેના શબ્દોનો સારાંશ" જુઓ.

**પ્રેરિત** - ગ્રીક શબ્દનો અર્થ છે "મોકલવામાં આવેલ વ્યક્તિ". નવા કરારમાં વિવિધ પ્રકારના પ્રેરિતો છે.

**સ્વર્ગારોહણ** - પુનરુત્થાન પામ્યા પછી ઈસુ સ્વર્ગમાં ચઢી ગયા તે ઘટના

**આશ્શૂરીઓ** - ઉત્તરી મેસોપોટેમિયામાંના ઈસ્રાએલના પ્રાચીન શત્રુઓ

**બાબિલ** - દક્ષિણ મેસોપોટેમિયામાં આવેલું પ્રાચીન બાબિલ નગર (હાલના સમયનું ઈરાક).

**બાબિલવાસીઓ** - દક્ષિણ મેસોપોટેમિયામાંનાં ઈસ્રાએલના પ્રાચીન શત્રુઓ.

**વિશ્વાસી** - સુવાર્તા પર વિશ્વાસ કરનાર અને સુવાર્તાનો અંગીકાર કરનાર વ્યક્તિ.

**બાઈબલ** - ૬૬ પ્રાચીન પુસ્તકોનો સંગ્રહ, ઈશ્વરે માણસોને પ્રેરણા આપીને આ પવિત્ર પુસ્તકો લખ્યાં છે. પ્રથમ ૩૯ પુસ્તકો જૂના કરાર તરીકે અને ત્યાર પછીના ૨૭ પુસ્તકો નવા કરાર તરીકે ઓળખાય છે.

**ખ્રિસ્ત** - "અભિષિક્ત વ્યક્તિ" માટેનો ગ્રીક શબ્દ છે, જે ઈસુને આપવામાં આવેલા નામ "મસીહ" તરીકે પણ ઓળખાય છે.

**કરાર** - બે વ્યક્તિઓ સાથે કરવામાં આવેલી સહમતિ. બાઇબલમાં ઈશ્વરે માણસજાતને વચનો તથા આશીર્વાદ આપીને કરાર કર્યા છે. કરારોમાં શરતો હોઇ શકે અને ન પણ હોઇ શકે.

**વધસ્તંભ** - ઈસુને મારી નાખવાની રીત. રોમન વધસ્તંભ એક લાંબું લાકડું ઊભું કરીને તેના પર આડું લાકડું બાંધીને બનાવવામાં આવતો હતો, તેના પર ગુનેગારને ખીલા મારીને જડી દેવામાં આવતા હતા. નવા કરારમાં "વધસ્તંભ" શબ્દ જ્યાં પાપોની માફી પ્રાપ્ત થઈ અને સુવાર્તા પર વિશ્વાસ કરનારા લોકોને તારણની સલામતી પ્રાપ્ત થઈ તે સ્થાનને દર્શાવે છે.

**દાઉદ** - ઇસ્રાએલનો બીજો રાજા, જેને ઈશ્વરે અનંતકાળિક રાજવંશનું વચન આપ્યું હતું. તેની પેઢીમાંથી મસીહ આવ્યા હતા.

**દુષ્ટતા** - ભ્રૂંડાઇ અને પાપ સાથે સંકળાયેલો શબ્દ, જો કે તે દુષ્ટ વિચારો અને વર્તનને પણ દર્શાવે છે.

**શેતાન** - શેતાન તે સર્પનું બીજું નામ છે. વધુ વિગતો માટે "અલૌકિક બાબતો શબ્દોના સારાંશને" જુઓ.

**શિષ્ય** - આ એક સંજ્ઞા છે અને જે કોઇ વ્યક્તિ તેના જીવનમાં ઈસુનુ અનુસરણ કરે છે અને ઈસુના શિક્ષણને અનુસરે છે તે વ્યક્તિને દર્શાવે છે. કોઇને "શિષ્ય બનાવવા" તે વ્યક્તિને ઈસુનું અનુસરણ કરવાનું શીખવવામાં આવે છે.

**સુવાર્તા પ્રચાર** - વિવિધ રીતે શુભ સંદેશનો પ્રસાર કરવાનું કાર્ય.

**નિર્ગમન** - (૧) બાઇબલમાં જણાવેલ બીજું પુસ્તક (૨) ઇસ્રાએલ દેશનો મિસરની ગુલામગીરીમાંથી છુટકારો થયો હતો તે પ્રસંગને દર્શાવતો શબ્દ.

**દુષ્ટ** - ઈશ્વર જેને નૈતિક રીતે ખરાબ, નુક્સાનકારક અને તેના પોતાના માટે અને ઈશ્વરના સર્જન માટે ઠોકરરૂપ ગણે છે તે.

**વિશ્વાસ** - (કોઇ વ્યક્તિ કે વસ્તુ પર) ભરોસો કરનાર વિશ્વાસ.

**પતન** - એદનવાડીમાં આદમ અને હવાએ કરેલા પાપનું પરિણામ

**(પાપોની) માફી** - જ્યારે ઈશ્વર કોઇને તેમના પાપોની અને ઈશ્વર વિરુદ્ધ કરેલા કૃત્યોની ક્ષમા કરે છે તેને માફી કહેવામાં આવે છે. જ્યારે ઈશ્વર માફ કરે છે ત્યારે તેની શિક્ષાને પણ દૂર કરવામાં આવે છે. તેની સાથે સંકળાયેલા વિચારો છે - કૃપા, દયા અને તારણ.

**એદનવાડી** - ઈશ્વરે સર્જેલા મૂળ જગતમાં જ્યાં આદમ અને હવા રહેતા હતા તે સ્થાન. ઈશ્વર પણ એદનવાડીમાં હાજર હતા.

**ઉત્પત્તિ** - બાઇબલનું પ્રથમ પુસ્તક

**વિદેશીઓ** - જે કોઇ વ્યક્તિ મૂળ ઇસ્રાએલનો ભાગ નથી તે, એટલે કે - બિન યહૂદી.

**ઈશ્વર** - બાઇબલમાં જ્યાં આ શબ્દ એકવચનમાં અને કેપિટલ અક્ષરોમાં લખેલો છે ત્યાં સઘળું સર્જન કરનાર અજોડ અને જેની સાથે કોઇની તુલના ન કરી શકાય એ અલૌકિક વ્યક્તિ કે જે મનુષ્યને પ્રેમ કરે છે.

**ઈશ્વરત્વ** - ત્રિએકતા; અજોડ ઈશ્વરમાંના ત્રણ વ્યક્તિ (પિતા, પુત્ર અને પવિત્ર આત્મા)

**સુવાર્તા** - ઈસુ ખ્રિસ્ત દ્વારા પ્રાપ્ત થતા તારણનો સંદેશ

**કૃપા** - જ્યારે ઈશ્વર આપણી લાયકાત વગર કોઇ બાબત આપણને આપે છે તે કૃપા છે; એટલે કે ઈશ્વરની ભલાઇ.

**મહાન આદેશ** - ઈસુએ તેમના શિષ્યોને સર્વ દેશના લોકોને સુવાર્તા પ્રગટ કરીને શિષ્યો બનાવવા આપેલું ખાસ કાર્ય.

**હિબ્રૂ** - (૧) “ઇસ્રાએલી વ્યક્તિ” માટે વપરાતો બીજો શબ્દ. (૨) જૂનો કરાર જે મૂળ ભાષામાં લખાયો હતો તે ભાષા.

**પવિત્ર આત્મા** - ઈશ્વરનું સત્વ ધરાવનાર ઈશ્વરનો આત્મા

**ઇસહાક** - સારાથી જન્મેલો ઇબ્રાહિમનો પુત્ર

**ઈસ્રાએલ** - (૧) ઇબ્રાહિમના પૌત્ર યાકૂબનું નવું નામ. (૨) જૂના કરારમાં ઇબ્રાહિમ અને સારા દ્વારા જે દેશની શરૂઆત થઇ તે દેશ.

**ઈસ્રાએલીઓ** - ઇબ્રાહિમની વંશાવળીના લોકો; ઇસ્રાએલ દેશના લોકો.

**યાકૂબ** - ઇસહાકનો પુત્ર, તેથી તે ઇબ્રાહિમનો પૌત્ર હતો. તેનું નામ બદલીને "ઇસ્રાએલ" કરવામાં આવ્યું હતું.

**ઈસુ** - કુંવારી મરિયમને પેટે જન્મેલો ઈશ્વરનો પુત્ર, પરંતુ તે સંપૂર્ણ ઈશ્વર છે. પાપથી માણસજાતનું તારણ કરવા માટે ઈશ્વર પોતે ઈસુ તરીકે માણસના રૂપમાં આવ્યા.

**યહૂદીઓ** - "ઇસ્રાએલીઓનું" બીજું નામ. ઇબ્રાહિમના વંશજો. પ્રાચીન સમયમાં બંદીવાસમાં મોકલવામાં આવેલા ઇસ્રાએલના બે કુળોને વિદેશીઓએ આપેલું નામ.

**ઈશ્વરનું / ખ્રિસ્તનું / ઈસુનું રાજ્ય** - ખ્રિસ્ત દ્વારા આ પૃથ્વી પર વિશ્વાસીઓ સાથેનું ઈશ્વરનું રાજ્ય. નવો કરાર જણાવે છે કે આ રાજ્યની શરૂઆત થઇ ચૂકી છે, પરંતુ તેની અંતિમ પૂર્ણતાની વાટ જોવાઇ રહી છે.

**દયા** - જ્યારે ઈશ્વર આપણા પરનો ન્યાય દૂર કરે છે

**મસીહ** - "અભિષિક્ત વ્યક્તિ" માટેનો હિબ્રૂ શબ્દ. તે દાઉદના વંશમાંથી આવનાર અને લોકોને તેમના પાપથી છોડાવીને તારણ આપનાર અંતિમ રાજાને દર્શાવે છે. બાઇબલની વાતમાં ઈસુને મસીહ કહેવામાં આવે છે. આ હિબ્રૂ શબ્દ માટેનો ગ્રીક શબ્દ છે - "ખ્રિસ્ત". તેથી "ઈસુ ખ્રિસ્ત" એટલે કે "ઈસુ મસીહ" એવો શબ્દપ્રયોગ કરવામાં આવે છે.

**મૂસા** - મિસરમાં ઇસ્રાએલની ગુલામગીરીના સમયે જન્મેલો એક ઇસ્રાએલી વ્યક્તિ, ઈશ્વરે ઇસ્રાએલને ગુલામીમાંથી છોડાવવા માટે અને દોરવણી આપવા માટે તેની પસંદગી કરી હતી.

**સિનાય પર્વત** - આ પર્વત પર ઈશ્વરે ઇસ્રાએલીઓને મિસરની ગુલામીમાંથી છોડાવવા માટે મૂસાને તેડું આપ્યું હતું અને ત્યારબાદ ઇસ્રાએલને દસ આજ્ઞાઓ આપી હતી.

**નવો કરાર** - જૂના કરાર પછીના ૨૭ પુસ્તકો. તેમાં ઈસુના જીવન અને સેવાનો, શરૂઆતના ખ્રિસ્તીઓના ઇતિહાસનો અને પ્રથમ સદીમાં ખ્રિસ્તીત્વના પ્રસારના ઇતિહાસનો સમાવેશ કરવામાં આવ્યો છે.

**નૂહ** - જળપ્રલયના સમયે જે માણસને ઈશ્વરે ન્યાયી ગણ્યો હતો તે વ્યક્તિ. ઈશ્વરે નૂહને તેનો, તેના પરિવારનો તથા પશુ-પક્ષીઓનો બચાવ કરવા માટે એક મોટું વહાણ બનાવવાની આજ્ઞા આપી હતી.

**જૂનો કરાર** - બાઈબલના પ્રથમ ૩૯ પુસ્તકો. તેમાં ઈસુના જન્મ પહેલાં થયેલી ઘટનાઓના કાળક્રમનો સમાવેશ થયો છે.

**પાઉલ** - વિદેશીઓમાં (એટલે કે બિન-ઇસ્રાએલીઓ મધ્યે) સેવા કરવા માટે પસંદ કરવામાં આવેલો પ્રેરિત

**પિતર** - ઈસુના બાર શિષ્યોમાંનો એક

**વચનનો દેશ** - આ શબ્દ ભૌગોલિક ઇસ્રાએલને લાગુ પડે છે. ઈશ્વરે ઇબ્રાહિમને આ દેશ તેના સંતાનોને આપવાનું વચન આપ્યું હતું. ઇસ્રાએલીઓએ તે દેશનો કબજો પ્રાપ્ત કર્યો તે પહેલાં તે દેશ કનાન દેશ તરીકે ઓળખાતો હતો.

**અંધકારના સત્તાધારીઓ** - ઈશ્વરે જગત અને માનવીય કુટુંબ માટે કરેલી યોજનાનો વિરોધ કરનારા દરેક અલૌકિક વ્યક્તિઓ. વધુ વિગતો માટે "અલૌકિક વ્યક્તિઓ માટેના શબ્દોનો સારાંશ" જુઓ.

**પુનરુત્થાન** - (૧) સામાન્ય રીતે, મરણ પામ્યા પછી મરણ પર વિજય પ્રાપ્ત કરવાનું કાર્ય; (૨) નવા કરારમાં, ઈસુને વધસ્તંભે જડીને મારી નાખવામાં આવ્યા પછી ઈસુ મરણમાંથી સજીવન થયા તે ઘટના, અને નવી પૃથ્વીમાં દરેક વિશ્વાસીઓ અનંતજીવન પામવા માટે સજીવન થશે એ ઘટના.

**તારણ** - જે કોઇ વ્યક્તિ તેના પાપથી થયેલી ઈશ્વર સાથેની અલગતાથી છુટવા માટે સુવાર્તા પર વિશ્વાસ કરે છે તે છુટકારાને તારણ કહે છે. તારણમાં સુવાર્તા પર વિશ્વાસ કરવાથી આપણા પાપોની માફી પ્રાપ્ત થાય છે. તારણ વિશ્વાસીને ઈશ્વરના કુટુંબમાં પુનઃસ્થાપિત કરે છે.

**સારા** - ઈબ્રાહિમની પત્ની, જેને ઈશ્વરે અલૌકિક રીતે બાળકનો ગર્ભ ધરવા માટે શક્તિમાન કરી હતી તે.

**શેતાન** - આદમ અને હવાને એદનવાડીમાં છેતરનાર સર્પને આપવામાં આવેલું નામ. શેતાન ઈશ્વરના સર્જનમાંનો પ્રથમ અલૌકિક વ્યક્તિ હતો જેણે ઈશ્વરની સામે બંડ કર્યું હતું. નવા કરારમાં શેતાન ઈશ્વરનો મુખ્ય શત્રુ છે. વધુ વિગતો માટે "અલૌકિક વ્યક્તિઓ માટેના શબ્દોનો સારાંશ" જુઓ.

**શાઉલ** - ઇસ્રાએલનો પ્રથમ રાજા

**સર્પ** - એદનવાડીમાં આદમ અને હવાનો શત્રુ. બાઇબલ પછીથી તેને દુષ્ટ અને શેતાન તરીકે સંબોધે છે. વધુ વિગતો માટે "અલૌકિક વ્યક્તિઓ માટેના શબ્દોનો સારાંશ" જુઓ.

**પાપ** - ઈશ્વરના ન્યાયીપણાના, નૈતિકતાના અને વ્યવહારના માપદંડોની વિરુદ્ધ કરવામાં આવતું બંડનું દરેક કાર્ય.

**સુલેમાન** - દાઉદના દીકરાઓમાંનો એક દીકરો. દાઉદના મરણ પછી સુલેમાને રાજ્યાસન પ્રાપ્ત કર્યું હતું.

**દીકરો** - બાઇબલમાં "દીકરો" શબ્દ ત્રિએકતાના બીજા વ્યક્તિને એટલે કે માણસ બનેલા ઈસુને દર્શાવે છે.

**દેવના દીકરાઓ** - જૂના કરારમાં જણાવ્યા મુજબ ઈશ્વરની સેવા કરનારા અથવા ઈશ્વરની વિરુદ્ધ બંડ કરનારા અલૌકિક વ્યક્તિઓ. વધુ વિગતો માટે "અલૌકિક વ્યક્તિઓ માટેના શબ્દોનો સારાંશ" જુઓ.

**ઈશ્વરનો આત્મા** - પવિત્ર આત્મા માટે વપરાતો બીજો શબ્દ

**આત્મિક યુદ્ધ** - પાપ અને શત્રુ બનેલા અલૌકિક વ્યક્તિઓ જેઓ મહાન આદેશના કાર્યનો વિરોધ કરે છે તેમની સાથેનો સંઘર્ષ. વધુ વિગતો માટે "અલૌકિક વ્યક્તિઓ માટેના શબ્દોનો સારાંશ" જુઓ.

**અલૌકિક** - સ્વાભાવિક (અથવા તો ભૌતિક) જગત અને બ્રહ્માંડની બહારની બાબતોને દર્શાવતો શબ્દ. "અલૌકિક વ્યક્તિઓ" એ શબ્દ અશરીરી પ્રકૃતિ ધરાવતા વ્યક્તિઓને દર્શાવે છે.

**દસ આજ્ઞાઓ** - મિસરની ગુલામીમાંથી બહાર નીકળ્યા પછી ઇસ્રાએલને આપવામાં આવેલા શરૂઆતના દસ નિયમો.

**ત્રિએકતા** - ઈશ્વરત્વના ત્રણ વ્યક્તિ; બાઇબલનો સિદ્ધાંત છે કે ઈશ્વર એક છે પરંતું અનંતકાળથી તે ત્રણ વ્યક્તિ તરીકે અસ્તિત્વ ધરાવે છે.

## અલૌકિક વ્યક્તિઓ માટેના શબ્દોનો સારાંશ

બાઈબલ આપણને આત્મિક જગતમાં વસનારા વ્યક્તિઓ વિશે રજૂઆત કરતી વખતે વિવિધ શબ્દોનો પ્રયોગ કરે છે. ઘણીવાર ખ્રિસ્તી સંસ્કૃતિમાં આ શબ્દોને ભેગા કરી દેવામાં આવે છે, અને તેનાથી મુંઝવણ ઊભી થાય છે. મેં મારી શૈક્ષણિક કારકિર્દીમાં આ બાબતો વિશે ઘણું સંશોધન કર્યું છે અને દૂતો, શેતાન તથા અશુદ્ધ આત્માઓના વિષયોમાં રસ ધરાવતા લોકોને મારા નીચે જણાવેલા પુસ્તકોને તેના ક્રમ અનુસાર વાંચવાની ભલામણ કરું છું :

- અલૌકિક : અદૃશ્ય જગત વિષે બાઈબલ શું શીખવે છે અને શા માટે તે મહત્વનું છે
- *The Unseen Realm: Recovering the Supernatural Worldview of the Bible*
- *Angels: What the Bible Really Says About God's Heavenly Host*
- *Demons: What the Bible Really Says About the Powers of Darkness*

પ્રથમ પુસ્તકની રચના શૈક્ષણિક ચર્ચા કરી શકાય એવી રીતે કરવામાં આવી નથી. ત્યાર પછીના ત્રણ પુસ્તકોની રચના શૈક્ષણિક રીતે (ઘણી બધી પાદનોંધ અને વિગતો) સાથે કરવામાં આવી છે. તે પુસ્તકોમાં આ વિષયને સમર્થન આપતા વિદ્વત્તાપૂર્ણ શ્રોતોમાંથી સેંકડો નોંધ અને સંદર્ભો લેવામાં આવ્યા છે.

તે બાઈબલની વાત વિશેની આપણી રજૂઆતમાં જણાવેલ અલૌકિક જગતની સમિક્ષા કે વિવેચન કરવા માટે મદદરૂપ થશે.

બાઈબલ આપણને શીખવે છે કે એક અદૃશ્ય જગત - એટલે કે આત્મિક વ્યક્તિઓનું એક જગત છે. આ વ્યક્તિઓ શારીરિક રૂપ ધારણ કરી શકે છે ખરા, પરંતુ તેમનું પોતાનું શરીર નથી. આત્મિક જગત "અલૌકિક છે" - એટલે કે ભૌતિક જગત કરતાં અલગ સ્વભાવ કે પ્રકૃતિ ધરાવતું જગત છે.

ઈશ્વર આત્મિક જગતના સભ્ય છે, પરંતુ તેના સરજનહાર તરીકે તેના માલિક છે. ફક્ત ઈશ્વરની જ રચના કરવામાં આવી નથી અને તે અનંતકાળથી અસ્તિત્વમાં છે. ઈશ્વરે જેમ આ જગતમાં દરેક પ્રાણીઓ અને મનુષ્યોની રચના કરી છે તેમ આત્મિક જગતમાં રહેતા બધા જ આત્મિક વ્યક્તિઓની પણ રચના કરી છે.

બાઈબલ આત્મિક જગતના સભ્યો માટે વિવિધ શબ્દોનો પ્રયોગ કરે છે (ઉદાહરણ તરીકે, રોમનોને પત્ર ૮:૩૮; ૧ પિતરનો પત્ર ૩:૨૨). મેં આ પુસ્તકમાં તેઓમાંનાં કેટલાક વિશે જણાવ્યું છે. તેમાંનાં કેટલાક શબ્દો તો તેમના કાર્યને દર્શાવે છે - એટલે કે એ આત્મિક વ્યક્તિ જે કાર્ય કરે છે તે કાર્યને દર્શાવે છે. "દૂત" શબ્દ તેનું એક ઉદાહરણ છે. એ શબ્દનો અર્થ છે, "સંદેશવાહક". નવા કરારની ગ્રીક-રોમન સંસ્કૃતિમાં "દૂત" શબ્દ ઈશ્વરની વિરુદ્ધ બળવો ન કરનારા સ્વર્ગીય સૈન્યના દરેક સભ્ય માટે પણ વપરાતો હતો. પ્રાચીન જગતમાં "અશુદ્ધ

આત્મા'' શબ્દના અર્થ અલગ-અલગ હતા, છતાં પણ ઈશ્વરની વિરુદ્ધ બળવો કરનારા દરેક અલૌકિક વ્યક્તિ માટે ''અશુદ્ધ આત્મા'' શબ્દ વપરાવા લાગ્યો.

''દેવના દીકરા'' એ શબ્દ કૌટુંબિક શબ્દ છે, જે આપણને યાદ કરાવે છે કે ઈશ્વર આત્મિક વ્યક્તિઓના પિતા (સરજનહાર) છે. જો કે તે શબ્દનો અર્થ તેના કરતાં વિશેષ થાય છે. *Supernatural (અલૌકિક)* અને *The Unseen Realm* એ બે પુસ્તકોમાં મેં એ શબ્દની ચર્ચા કરી છે. ''દેવના દીકરા'' શબ્દ તો ઈશ્વરના ઉચ્ચ કક્ષાના ''કર્મચારીઓ''ને દર્શાવે છે. આ શબ્દો તો પ્રાચીન જગતના રાજાના બાળકોને જવાબદારીઓ સાથેની ઉચ્ચ પદવીઓ પ્રાપ્ત થતી હતી, તે ભાષામાંથી લેવામાં આવ્યા છે. ઈશ્વરે બાબિલ આગળ ન્યાય કર્યો હતો ત્યારે ''દેવના દીકરાઓને'' દેશો પર અધિકાર સોંપવામાં આવ્યો હતો - એ કાર્ય તો જેમ દૂતો સંદેશાઓ લઈ જાય છે તેના કરતાં વધારે મહત્વનું કાર્ય હતું.

શરૂઆતમાં આત્મિક જગતના દરેક સભ્યો ઈશ્વરને વફાદાર હતા. પરંતુ પરિસ્થિતિ બદલાઈ ગઈ. આપણે આ પુસ્તકમાં વાંચ્યું કે ઈશ્વરે આત્મિક જગતની રચના કરી ત્યારપછી આત્મિક જગતના સભ્યોને પોતાના કેટલાક ગુણો આપ્યા. તેમાનો એક ગુણ તો સ્વતંત્ર ઈચ્છા હતી. આત્મિક જગતના કેટલાક સભ્યોએ તેમની સ્વતંત્ર ઈચ્છાનો દુરુપયોગ કરીને ઈશ્વરની ઈચ્છાઓ અને ઈશ્વરના માનવીય કુટુંબની વિરુદ્ધ બળવો કર્યો. ઈશ્વરની વિરુદ્ધ અને તેમનાં લોકોની વિરુદ્ધ બળવો કરનારા એ આત્મિક વ્યક્તિઓ સામૂહિક રીતે ''અંધકારરૂપી જગતના સત્તાધારીઓ છે.'' જો કે બાઈબલમાં જણાવેલ ઈશ્વરની માનવીય કુટુંબ હોવાની ઈચ્છાની વાતમાં ઈશ્વરના આત્મિક શત્રુઓને અલગ રીતે દર્શાવવામાં આવ્યા છે.

બાઈબલ ત્રણ બંડ વિશેનું વર્ણન કરે છે. પ્રથમ બંડ એદનવાડીમાં થયું હતું. આત્મિક જગતના સભ્યોમાંનો એક વ્યક્તિ માનવીય કુટુંબ હોવાની ઈશ્વરની ઈચ્છાને ઈજા પહોંચાડવા માગતો હતો. બાઈબલની વાતમાં આપણે જોઈએ છીએ કે તે વ્યક્તિ સર્પના રૂપમાં હવાની પાસે આવ્યો અને તેને છેતરી. ત્યારબાદ બાઈબલમાં એ મૂળ બંડ કરનાર વ્યક્તિને ''શેતાન'' (એટલે કે વિરોધી) અને ''દુષ્ટ'' (એટલે કે નિંદા કરનાર) વ્યક્તિ એવું નામ આપવામાં આવ્યું છે.

ત્યારબાદ બાઈબલની વાતમાં આપણે આગળ જોઈએ છીએ કે ઈશ્વરના સ્વર્ગીય દીકરાઓએ પણ બંડ કર્યું. તેમણે આત્મિક અને ભૌતિક જગત વચ્ચેની સીમારેખાને ઓળંગી. યહૂદાનું નાનું પુસ્તક તેમના પાપનું વર્ણન કરતાં કહે છે કે, ''તેમણે તેમની પદવી જાળવી રાખી નહિ.'' અંતે મંડળીની સંસ્કૃતિ બળવો કરનારા દેવના દીકરાઓની દુષ્ટતાને દર્શાવવા માટે તેમને ''પતિત થયેલા દૂતો'', એટલે કે પવિત્રતામાંથી ''પતિત'' થયા અથવા તો ''અશુદ્ધ'' આત્માઓ કહે છે. છતાં પણ જૂના કરારમાં ઉત્પત્તિ ૬:૧-૪માં ''દૂતો'' કે ''અશુદ્ધ આત્માઓ'' શબ્દપ્રયોગ કરવામાં આવ્યો નથી.

છેલ્લે, બાબિલના બુરજ આગળ બનેલી ઘટના પછી જેમને દેશોનો અધિકાર સોંપવામાં આવ્યો હતો તે ‘‘દેવના દીકરાઓ’’ તેમને સોંપેલા કાર્યમાં ભ્રષ્ટ થયા. ગીતશાસ્ત્ર ૮૨માં તેમના ન્યાયનું વર્ણન કરવામાં આવ્યું છે. આ ક્ષેત્રીય અધિકારીઓ દાનિયેલે તેના પુસ્તકના ૧૦મા અધ્યાયમાં અને પાઉલે એફેસીઓને પત્ર ૬:૧૧-૧૨માં જણાવેલ અધિપતિઓ, અધિકારીઓ, અંધકારરૂપી જગતના સત્તાધારીઓ, આકાશી સ્થાનોમાં દુષ્ટતાનાં આત્મિક લશ્કરોનું મૂળ છે. આ બધા શબ્દો ભૌગોલિક અધિકાર વિશે વાત કરે છે, અને તેથી તે બાઇબલની વાતમાં જણાવેલી બાબિલની ઘટના પછી ઉદ્‌ભવેલી પરિસ્થિતિનું યોગ્ય વર્ણન કરે છે.